
# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક


RNI NO. : GUJGUJ/2016/67425

09 JANUARY, 2026 FRIDAY



પેજ 2 કાંસમાં ગાયે વાછરડાને જન્મ આપ્યો



પેજ 3 જુના સેક્ટરોના રહીશોને મહિનાઓ બાદ મેસેજ મળતા મુંઝાયા



પેજ 7 મદુરાઈના સ્થળાંતરકારોએ સાંસદ ઉમેદારામ બેનીવાલનું સન્માન કર્યું

પેજ 5 સાણંદ પોલીસે 36,500 રૂપિયાની પ્રતિબંધિત ચાઈનીઝ દોરી જપ્ત કરી


I Pakkogujarat/ I VOL : 10 I Issue : 293 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com


### વેનેઝુએલા પરના અમેરિકાના હુમલાથી ચીનને ''પ્રોત્સાહન'' મળ્યું

# હવે ચીન તાઈવાન પર ભીંસ વધશે

### અમેરિકા પછી ચીન વેનેઝુએલાનું બીજા ક્રમાંકનું સૌથી મોટું વ્યાપારી ભાગીદાર છે : વેનેઝુએલાના તેલ ભંડારો પર અમેરિકાના કબજાથી ચીનને ફટકો પડયો છે







નવીદિલ્હી : અમેરિકી દળોએ વેનેઝૂએલાનાં પાટનગર કારાકાસમાં ઘૂસીને તેના પ્રમુખ નિકોલસ માદુરો અને તેમનાં પત્નીનું અપહરણ કર્યું તેના થોડા કલાકો પહેલાં જ ચીનના વિશેષ દૂત તેઓને મળ્યા હતા.

ચીનના વેનેઝૂએલા સાથે રાજકીય અને વ્યાપારી સંબંધો ઘણા ગાઢ છે. અમેરિકા પછી ચીન વેનેઝૂએલાનું બીજા ક્રમનું સૌથી મોટું વ્યાપારી ભાગીદાર છે. તેવામાં નિકોલસ માદુરોની થયેલી ધરપકડે વેનેઝૂએલાનાં તેલ અને બજાર ઉપર અમેરિકાનો કબજો આવી જતાં ચીનને ઝાટકો લાગ્યો છે. તેનું મુખ્ય કારણ તે છે કે અમેરિકાએ તેવી શરત મુકી છે કે વેનેઝૂએલાની બજારમાં માત્ર અમેરિકાનો જ માલ વેચાવો જોઈએ. તેથી ચીનના હાથમાંથી બહુ મોટું બજાર ચાલ્યું ગયું છે.

આ બધા વચ્ચે ચીન માટે એક બહુ મહત્ત્વની વાત તે બની છે કે ટ્રમ્પ ૧૯મી સદીના મનરો ડોકટ્રીન અમેરિકા-ફોર-અમેરિકન્સનો હવાલો આપતાં કહ્યું છે કે લેટિન અમેરિકાના દેશો ઉપર પણ અમેરિકાનો અધિકાર છે.

ટ્રમ્પે અમેરિકાની સંરક્ષણ નીતિનો ગ્રીનલેન્ડ અંગે જે ચીતાર આપ્યો તેમાં પણ મનરો ડોકટ્રીન (મનરો સિદ્ધાંત)નો હવાલો આપ્યો હતો.

આ સિદ્ધાંત નીચે ટ્રમ્પે બોલિવીયા પર જમાવેલો કબજો અને ગ્રીનલેન્ડ વિષેનાં તેનાં વલણે ચીનને ભારે પ્રોત્સાહન તાઈવાન પર કબજો જમાવવાનું મળ્યું છે. તે કહે છે કે જો અમેરિકા વેનેઝૂએલા પર કબજો જમાવી દે તો ચીન તાઈવાન પર શા માટે કબજો ન જમાવે ? બીજી તરફ ટ્રમ્પ તંત્ર વેનેઝૂએલાને સતત ધમકી આપી રહ્યું છે કે તેણે ચીન, રશિયા અને ઈરાન તથા ક્યુબા સાથે તેના સંબંધો તોડી નાખવા, તો જ તેને તેલ ઉત્પાદનની મંજૂરી મળી શકશે.

બીજી તરફ ટ્રમ્પે ચીન, વેનેઝૂએલામાં આટલું બધું રોકાણ કરે છે તે સામે પણ વિરોધ દર્શાવ્યો છે. તે જાણવા માગે છે કે આખરે ચીન આટલું બધું રોકાણ શા માટે વેનેઝૂએલામાં કરે છે ?

આટલું ઓછું હોય તેમ ટ્રમ્પે હવે તો ગ્રીનલેન્ડ સુધી દાવો કર્યો છે, તેથી યુરોપીય દેશો સાથેના પણ ટ્રમ્પના સંબંધો બગડયા છે. યુરોપીય દેશો ખાસ કરીને ડેન્માર્કમાં તંગદિલી વ્યાપી છે.

સૌથી વધુ ગંભીર વાત તો તે છે કે જો સંરક્ષણનાં બહાને ટ્રમ્પે બોલીવીયા ઉપર કબજો જમાવ્યો અને ગ્રીનલેન્ડ હસ્તગત કરવાની વાત કરી છે. તેવી જ રીતે ચીન તાઈવાન પર કબજો જમાવવાની કાર્યવાહીને યોગ્ય ઠરાવી હુમલા કરે તે પૂરી શક્યતા છે. તેથી તાઈવાન ઉપરાંત જાપાન, ફીલીપાઈન્સ, ઈન્ડોનેશિયા અને ઓસ્ટ્રેલિયા તથા ન્યૂઝીલેન્ડ તણાવમાં આવી ગયા છે. અમેરિકાએ બુધવારે 7 જાન્યુઆરીના રોજ રશિયન ઓઈલ ટેન્કર 'મરીનેરા'ને ઝડપ્યું છે, અમેરિકાનો દાવો છે કે આ ટેન્કર વેનેઝુએલાનું છે જ્યારે રશિયા કહી રહ્યું છે કે તે સત્તાવાર રીતે મરીનેરા નામે રશિયાના તાબા હેઠળ નોંધાયેલું છે. બંને દેશ વચ્ચે હાલ ભારેલા અગ્નિ જેવી સ્થિતિ પેદા થઈ ચૂકી છે તેવામાં અમેરિકાએ ઝડપેલા જહાજમાં ત્રણ ભારતીય નાગરિક પણ હોવાનો દાવો થઈ રહ્યો છે.

એક રિપોર્ટ અનુસાર, મરીનેરા જહાજ પર 28 ક્રૂ સભ્યો સવાર હતા, જેમાં તેમાં 17 યુક્રેનિયન, 6 જ્યોર્જિયન, 3 ભારતીય અને 2 રશિયન નાગરિકો હતા. એમરીકાનો આરોપ છે કે આ જહાજ વેનેઝુએલાથી તેલ લઈને જઈ રહ્યું હતું તેમજ એમરીકાએ લગાવેલા પ્રતિબંધનું ઉલ્લંઘન કર્યું હતું. ભારતીય ક્રૂ સભ્યોની સલામતી અંગે ભારત સરકાર તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. યુએસ અધિકારીઓ હાલમાં જહાજની માલિકીની તપાસ કરી રહ્યા છે, જે દરિયાઈ અને પ્રતિબંધોના કાયદાઓ સાથે જોડાયેલા છે.

---

### બિલને અમેરિકન પ્રમુખ ટ્રમ્પે લીલીઝંડી આપી

## ટ્રમ્પનું અલ્ટિમેટમ, ભારત પર 500 ટકા ટેરિફ



વોશિંગ્ટન : અમેરિકન પ્રમુખ ટ્રમ્પે રશિયા પાસેથી ઓઈલ ખરીદવા બદલ ભારત, ચીન અને બ્રાઝિલ પર ૫૦૦ ટકા ટેરિફ નાખવાના બિલને મંજૂરી આપી દીધી છે. આ બિલ આગામી સપ્તાહે સેનેટમાં મંજૂરી માટે મૂકવામાં આવી શકે છે. સેનેટર ગ્રહામ લિન્ડસેએ જણાવ્યું હતું કે આ બિલ અમેરિકાને રશિયા પાસેથી સસ્તુ ઓઈલ ખરીદતા ભારત, ચીન અને બ્રાઝિલ જેવા દેશોને અટકાવવા જબરદસ્ત સત્તા આપે છે.

અમેરિકન સેનેટર લિન્ડસે ગ્રેહામે જણાવ્યું હતું કે વિવિધ મુદ્દાઓને લઈને પ્રમુખ ટ્રમ્પ સાથેની બેઠક ઘણી ઉપયોગી નીવડી હતી. તેમણે હુ અને સેનેટર બ્લુમેન્ટલ અને બીજા લોકો જેના પર મહિનાઓથી કામ કરતાં હતા તે ૫૦૦ ટકા ટેરિફ બલ પર મંજૂરી આપી દીધી છે. તેમણે જણાવ્યું હતું કે આ બિલ સમયસર આવ્યું છે.

તેમણે ઉમેર્યુ હતું કે યુક્રેન શાંતિ માટે તેની કેટલીક શરતોમાં બાંધછોડ કરવા તૈયાર થયું છે. પુતિન પણ વાતચીત કરી રહ્યા છે અને સતત નિર્દોષ લોકોને મારી રહ્યા છે. આ બિલના લીધે પ્રમુખ ટ્રમ્પને પુતિનના વોર મશીનને ફાઈનાન્સ કરતાં ભારત,ચીન અને બ્રાઝિલ જેવા દેશ સામે ટેરિફ લાદવાની સત્તા મળશે. આગામી અઠવાડિયે સેનેટમાં આ બિલ રજૂ કરાયા પછી તે કાયદો બનશે.

આ બિલમાં સૌથી મહત્ત્વનો શબ્દ એ છે કે સેકન્ડરી પરચેઝર અને રિસેલર એટલે કે યુક્રેન યુદ્ધ શરુ થયુ તે પહેલા જે દેશો રશિયા પાસેથી ઓઈલ ખરીદતા હતા અને હજી પણ ખરીદી રહ્યા છે તેના પર આ પ્રતિબંધ લાગુ નહી પડે. બીજા શબ્દોમાં કહીએ તો યુરોપીયન યુનિયનના દેશોને આ પ્રતિબંધ લાગુ નહી પડે, જેમણે યુક્રેન યુદ્ધ શરૂ થયા પછી પણ રશિયા પાસેથી ઓઈલ-ગેસના સ્વરૂપમાં ૨૧૮ અબજ ડોલરની ખરીદી છેલ્લા ચાર વર્ષમાં કરી છે, આ દેશો તો પહેલેથી જ ઓઈલ-ગેસ ખરીદતા હતા અને તે ચાલુ રાખ્યુ હતુ. જો કે તેમા ઘટાડો પણ કર્યો છે.

તેનાથી ભારત,ચીન અને બ્રાઝિલે યુક્રેન યુદ્ધ શરૂ થયા પછી રશિયા પાસેથી ઓઈલ ખરીદીને તેના વોર મશીનને ફાઈનાન્સ કર્યુ હતું ઉલ્લેખનીય છે કે ભારતે રશિયા પાસેથી ૨૦૨૨થી ૨૦૨૬ દરમિયાન કુલ ૧૬૮ અબજ ડોલરના ઓઈલની તો ચીને ૨૪૫ અબજ ડોલરના ઓઈલની ખરીદી કરી છે અને ૪૯ અબજ ડોલરના ગેસ સાથે તેની કુલ ખરીદી ૨૯૩ અબજ ડોલરે પહોંચે છે. બ્રાઝિલે છેલ્લા એક વર્ષમાં ૨૦ અબજ ડોલર તો ચાર વર્ષમાં લગભગ ૮૦ અબજ ડોલરથી પણ વધુ ખરીદી કરી હોવાનું માનવામાં આવે છે. જૂઆ યુદ્ધ પહેલા ભારતના ક્રૂડ ઓઈલ બાસ્કેટમાં રશિયાનો હિસ્સો માંડ ૦.૨ ટકા હતો, જે પછી વધીને એક સમયે ૪૦ ટકાની ટોચની સપાટીએ પહોંચી ગયો હતો જે હાલમાં ૩૩ ટકા છે.

ગ્રેહામે જણાવ્યું હતું કે તેમને વિશ્વાસ છે કે આગામી સપ્તાહે સેનેટમાં આ બિલ પસાર થઈ જશે. તેમનો દાવો છે કે રશિયા-યુક્રેનને શાંત કરવાનો આ જ એકમાત્ર માર્ગ છે. ટ્રમ્પે હાલમાં ભારત પર ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે. તે વિશ્વમાં સૌથી વધારે છે અને તેમા ૨૫ ટકા ટેરિફ તો રશિયા પાસેથી ઓઈલ ખરીદવા બદલ લાદ્યો છે. તેમણે જણાવ્યું હતું કે ભારત ટ્રમ્પે લાદેલા ટેરિફના કારણે જ રશિયા પાસેથી પ્રતિ દિન ૧૮ લાખ બેરલ ઓઈલ ખરીદતું હતું તે ડિસેમ્બર ૨૦૨૫ના અંતે ઘટીને પ્રતિ દિન ૧૨ લાખ બેરલ થઈ ગયું હતું.

ગ્રેહામે જણાવ્યું હતું કે રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવા પુતિનના ગ્રાહક ભારત,ચીન અને બ્રાઝિલ પર દબાણ લાવવું જરૂરી છે. આ દબાણ ટેરિફ બિલના કારણે તે શક્ય બનશે. તેમણે જણાવ્યું હતું કે પ્રેસિડેન્ટ ટ્રમ્પ અને તેમની ટીમનું આ જબરદસ્ત શક્તિશાળી પગલું છે. તેના દ્વારા જ આ યુદ્ધનો અંત લાવવો શક્ય છે. તેમણે જણાવ્યું હતું કે હું મહિના પહેલા ભારતીય રાજદૂતાવાસે યોજેલા સમારંભમાં હતો તેમા તેણે મને જણાવ્યું હતું કે ભારતે રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું ઓછું કર્યુ છે. તે જાણીને મને પણ થયું કે અમેરિકાએ લાદેલા ટેરિફ કામ કરવા માંડયા છે.

ટ્રમ્પ પોતે પણ કહી રહ્યા છે કે અમેરિકાના પ્રતિબંધોના લીધે રશિયાની સ્થિતિ ખરાબ છે અને હવે તેના સહયોગી દેશો પર જો ટેરિફ નાખી દેવાય તો આ યુદ્ધ અટકવાની સંભાવના પ્રબળ છે. ૨૨મી ફેબુરઆરીના રોજ રશિયા-યુક્રેન યુદ્ધને ચાર વર્ષ પૂરા થશે.

---

## પાકિસ્તાનના PM શહબાઝ શરીફની થશે ધરપકડ !

• ઈસ્લામાબાદ

પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફ માટે નવી મુશ્કેલીઓ ઉભી થઈ છે. બલૂચિસ્તાને પાકિસ્તાની વડાપ્રધાન વિરુદ્ધ ધરપકડ વોરંટ જારી કરીને ખળભળાટ મચાવ્યો છે. મીર યાર બલોચે સોશિયલ મીડિયા દ્વારા આ વોરંટની જાહેરાત કરતા જણાવ્યું કે, આ આદેશ 8 જાન્યુઆરી 2026થી અમલમાં આવ્યો છે. શહબાઝ શરીફ પર બલૂચિસ્તાનના વિઝા નિયમોનું ઉલ્લંઘન કરવા અને પ્રાદેશિક સાર્વભૌમત્વને નુકસાન પહોંચાડવાનો ગંભીર આરોપ લગાવવામાં આવ્યો છે.

બલૂચિસ્તાન ગણરાજ્યએ સ્પષ્ટ કહ્યું છે કે, તે એક સ્વતંત્ર અને સાર્વભૌમ રાજ્ય છે. નવા નિયમો મુજબ, કોઈપણ વ્યક્તિ પછી ભલે તે ગમે તેટલા ઊંચા હોદ્દા પર હોય, તેણે બલૂચિસ્તાનના ઈમિગ્રેશન કાયદાઓનું પાલન કરવું ફરજીયાત છે. માન્ય વિઝા અથવા કાયદેસરની પરવાનગી વગર પ્રવેશ કરવો ગુનો ગણાશે. વોરંટમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે, શહબાઝ શરીફને બલૂચિસ્તાનના કોઈપણ એરપોર્ટ અથવા પ્રસ્થાન સ્થળ પર કસ્ટડીમાં લેવામાં આવી શકે છે.બલૂચિસ્તાન ગણરાજ્યએ એક સત્તાવાર નિવેદનમાં પાકિસ્તાનના તમામ અધિકારીઓ અને નાગરિકો માટે અંતિમ ચેતવણી જારી કરી છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે, ક્વેટા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અથવા અન્ય કોઈપણ પ્રવેશ બિંદુઓ પર શહબાઝ શરીફની ધરપકડ કરવાનો અધિકાર સુરક્ષિત રાખવામાં આવ્યો છે. કાયદાના કોઈપણ ભંગના કિસ્સામાં કડક કાર્યવાહી કરવામાં આવશે અને સંબંધિત વ્યક્તિને બળજબરીથી પાકિસ્તાન પરત મોકલી દેવામાં આવશે.

---

### રોડ્રિગેજે અમેરિકાના આરોપો ફગાવ્યા

## અમેરિકાના દ્વારા વેનેઝુએલા પર દબાણ કરવાનું અસલી

• કારાકાસ

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ બાદ અમેરિકન સૈનિકોએ વેનેઝુએલામાં ઘુસીને નિકોલસ માદુરો (Nicolas Maduro)ની ધરપકડ કર્યા બાદ અનેક દેશો અમેરિકાની ટીકા કરી રહ્યા છે. હવે વેનેઝુએલના કાર્યકારી ઉપરાષ્ટ્રપ્રમુખ ડેલ્સી રોડ્રિગેજે અમેરિકાની પોલ ખોલી ટ્રમ્પ પર ગંભીર આક્ષેપ કર્યા છે. તેમણે કહ્યું કે, 'અમેરિકાએ નશીલા પદાર્શોની તસ્કરી, લોકશાહી અને માનવાધિકાર પર સંકટ સહિતના વેનેઝુએલા પર જે આક્ષેપ કર્યા છે, તે ખોટા છે. અમેરિકાના દ્વારા વેનેઝુએલા પર દબાણ કરવાનું અસલી કારણ ઊર્જા સંપત્તિ છે.'

વાસ્તવમાં તાજેતરમાં જ ટ્રમ્પે કહ્યું છે કે, 'અમેરિકાને વેનેઝુએલાની સરકારનો સંપૂર્ણ સહયોગ મળ્યો છે અને અમેરિકા વેનેઝુએલા અને તેમના વિશાળ તેલ ભંડાર પર વર્ષો સુધી નિયંત્રણ કરશે.' ટ્રમ્પના આ નિવેદન બાદ રોડ્રિગેજે (Delcy Rodriguez) સંસદને સંબોધિત કરતી વખતે અમેરિકા પર આકરા પ્રહારો કર્યા છે. રોડ્રિગેજે અમેરિકા પર ડ્રગ્સ, લોકશાહી સહિતના ખોટા દાવા કર્યાનો આક્ષેપ કર્યો છે. તેમણે કહ્યું કે, અમેરિકાની નજર અમારા તેલ પર છે, તેથી તેઓ અમારા પણ દબાણ કરી રહ્યા છે.

વેનેઝુએલની કાર્યકારી ઉપરાષ્ટ્રપ્રમુખે વધુમાં કહ્યું કે, 'તમે બધા જાણો છો કે, અમેરિકાને ઊર્જાની લાલચ છે, તેથી તેઓ આપણા દેશના સંશાધનો પડાવવા માંગે છે. અમેરિકાએ ડ્રગ્ર ટ્રાફિકિંગ, લોકશાહી અને માનવાધિકાર પર ખતરાની માત્ર ખોટી વાતો કરી છે, જે માત્ર બહાના છે.'

---

### સોનામાર્ગ ટુરિસ્ટ રિસોર્ટમાં માઇનસ ૯.૮ ડિગ્રી તાપમાન

## જમ્મુ-કાશ્મીરમાં દાલ તળાવ સહિતનાં જળાશયો થીજી ગયા

• નવી દિલ્હી

આજે ઉત્તર ભારતના રાજ્યોમાં શિયાળાની ઠંડી વધુ તીવ્ર બની હતી. જેના કારણે જમ્મુ-કાશ્મીરમાં દાલ તળાવ સહિતના જળાશયોનું પાણી થીજી ગયું હતું. દિલ્હી અને ઉત્તર પ્રદેશમાં પણ ઠંડીનો પારો વધુ ગગડયો હતો.

હિમાચલ પ્રદેશનાં પણ મોટા ભાગના વિસ્તારોમાં શીત લહેરની સ્થિતિ ચાલુ રહી છે. અધિકારીના જણાવ્યા અનુસાર રાજ્યનાં ૧૩ જિલ્લાઓમાં તાપમાન શૂન્યથી નીચે અને ૪ જિલ્લાઓમાં શૂન્યથી નજીક નોંધવામાં આવ્યું હતું.

જમ્મુ-કાશ્મીરમાં શ્રીનગર સહિત અનેક સ્થળોએ સિઝનની સૌથી ઠંડી રાતનો અનુભવ થયો હતો. રાજ્યમાં ઠંડીની પકડ મજબૂત બનતા મોટા ભાગના વિસ્તારોનાં લઘુતમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે.શ્રીનગરમાં લઘુતમ તાપમાન માઈનસ ૫.૧ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું. શ્રીનગરમાં સિઝનની સૌથી ઠંડી રાત હતી અને લઘુતમ તાપમાન સામાન્યથી ૩.૨ ડિગ્રી ઓછું હતું.

મધ્ય કાશ્મીરનાં ગાંદરબાલ જિલ્લામાં આવેલા સોનામાર્ગ ટુરિસ્ટ રિસોર્ટમાં માઈનસ ૯.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું. કાશ્મીરમાં ચિલ્લા એ કલાનનો પીરિયડ ચાલી રહ્યો છે. ઠંડીના ૪૦ દિવસોને ચિલ્લા એ કલાન તરીકે ઓળખવામાં આવે છે. આ ૪૦ દિવસમાં રાજ્યનાં મોટા ભાગનાં વિસ્તારોમાં તાપમાન શૂન્યથી નીચે રહે છે.હિમાચલ પ્રદેશમાં માઈનસ ૧૧.૨ ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે કુમકુમસેરી રાજ્યનું સૌથી ઠંડુ સ્થળ રહ્યું હતું. રાજ્યનાં ૩૪ સ્ટેશનો પૈકી ૧૩ સ્ટેશનોમાં શૂન્યથી નીચે તાપમાન નોંધવામાં આવ્યું હતું.

દિલ્હીમાં આજે લઘુતમ તાપમાન ૫.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું. જે ચાલુ વર્ષનું સૌથી ઓછું અને સિઝનનું ત્રીજું સૌથી ઓછું તાપમાન છે. દિલ્હીમાં મહત્તમ તાપમાન ૧૭.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું.રાજસ્થાનમાં ૨.૫ ડિગ્રી સેલ્સિયસ સાથે સિકર જિલ્લો સૌથી ઠંડો રહ્યો હતો. જયપુરમાં લઘુતમ તાપમાન ૪.૪ ડિગ્રી નોંધવામાં આવ્યું હતું. પંજાબમાં પાંચ ડિગ્રી સાથે ભટિન્ડા સૌથી ઠંડુ રહ્યું હતું. હરિયાણામાં ચાર ડિગ્રી તાપમાન સાથે નરનોલ સૌથી ઠંડુ રહ્યું હતું.

---

## પાક. માટે માઠા સમાચાર અફઘાન શાંતિ-મંત્રણામાંથી તૂર્કી ખસી ગયું

### પાકિસ્તાનની માગણીઓ ગેર-કાનૂની છે : તાલિબાન

નવીદિલ્હી : મહિનાઓથી ચાલી રહેલા પાકિસ્તાન-અફઘાનિસ્તાન સંઘર્ષનો અંત લાવવા ચાલી રહેલા શાંતિ પ્રયાસોને ફટકો પડયો છે. આ મંત્રણામાં મધ્યસ્થીની ભૂમિકા ભજવી રહેલાં સઉદી અરબસ્તાન, કતાર અને તૂર્કી પૈકી તૂર્કી ખસી ગયું છે. ચંકાહામે સત્તાવાર રીતે પત્ર લખી અફઘાનિસ્તાન અને પાકિસ્તાન તેમ બંનેને જાણ કરી દીધી છે. તેનું કહેવું છે કે બંને વચ્ચે મતભેદો એટલા ઊંડા છે કે, આ મંત્રણાઓ ફળદાયી બની શકે તેમ જ નથી.

અનામી રહેવા માગતા ટોચના રાજદ્વારી સાધનોએ સીએનએન ન્યૂઝ-૧૮ને જણાવ્યું હતું કે કાબુલ પાકિસ્તાનની કેટલીક કેન્દ્રવર્તી માગણીઓ સ્વીકારી શકે તેમ જ નથી.

અહેવાલો જણાવે છે કે અફઘાનિસ્તાને તૂર્કી, કતાર અને સઉદી અરબસ્તાનને જણાવ્યું હતું કે પાકિસ્તાનનું કહેવું છે કે અફઘાનિસ્તાનમાં રહેલા તહેરિક-એ-તાલિબાન-એ-પાકિસ્તાન (ટીટીપી) આતંકીઓને પાકિસ્તાનને સોંપી દે. પાકિસ્તાનની બીજી માગણી તે છે કે બંને દેશોની સરહદ



સાંકડી ડુરાંડ લાઈનની બંને બાજુએ પાંચ કિ.મી.નો બફર-ઝોન રચવો, તેમજ અફઘાનિસ્તાન જતા કે ત્યાંથી આવતા તમામ માલની પાકિસ્તાનના અધિકારીઓ જ પૂરી ચકાસણી કરે.સહજ છે કે અફઘાનિસ્તાન આવી બેહૂદી માગણી સ્વીકારે જ નહીં તેથી મંત્રણા પડી ભાંગવાની પૂરી શક્યતા છે. વાસ્તવમાં તે શાંતિ-મંત્રણાના ત્રણ દોર તો યોજાઈ ગયા છે, પરંતુ તેમાં કશું પરિણામ આવ્યું નથી.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખોઃ 9662420070

# ઘેડ વિસ્તાર માટે સંજીવની સાબિત થયું ભડ (ઘેડ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર

## ૧૦૮ સેવા વિના જ સમયસર પ્રસુતિ, તંદુરસ્ત બાળકનો જન્મ – આરોગ્ય સ્ટાફની પ્રશંસનીય કામગીરી

• વિરમભાઈ કે. આગઠ

પોરબંદર તાલુકાના અંદરના ગામડાઓને સમયસર અને ગુણવત્તાયુક્ત પ્રાથમિક આરોગ્ય સુવિધા મળી રહે તે હેતુથી સરકાર દ્વારા ભડ (ઘેડ) ગામે ફાળવવામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હાલ સંપૂર્ણ કાર્યરત છે અને તે ઘેડ વિસ્તારની જનતા માટે સાચી અર્થમાં આશીર્વાદરૂપ સાબિત થઈ રહ્યું છે. ઘેડ વિસ્તારના અંદરના ગાળામાં આવેલ કેશોદ (લુશાળા) ગામની એક ગર્ભવતી બહેનને અચાનક પ્રસુતિના દુખાવા ઉપડતા પરિવારજનોએ ભડ (ઘેડ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કર્યો હતો. ૧૦૮ ઈમરજન્સી સેવાની જરૂરિયાત ઊભી થાય તે પહેલાં જ ભડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કુશળ અને તત્પર આરોગ્ય સ્ટાફ દ્વારા તરત જ સારવાર હાથ ધરવામાં આવી હતી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તૈનાત મેડિકલ ઓફિસર ડૉ. ચેતન શાસ્ત્રી તથા પૂર્વ ફિમેલ હેલ્થ સુપરવાઈઝર સાકરબેન બારડના માર્ગદર્શન હેઠળ ફિમેલ હેલ્થ વર્કર આરેફાબેન અન્સારી, પ્રિયલબેન ગોસ્વામી, કોમ્યુનિટી હેલ્થ ઓફિસર મિત્તલબેન પરમાર, ઈંચાર્જ ફિમેલ હેલ્થ સુપરવાઈઝર પ્રિયલબેન ગોસ્વામી, ઈંચાર્જ મલ્ટીપર્પઝ હેલ્થ





સુપરવાઈઝર પ્રતાપ આગઠ, વોર્ડ આયા ભાવનાબેન તેમજ કારીબેન સહિતના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી કોઈ પણ પ્રકારની જટિલતા કે પીડા વિના સફળતાપૂર્વક પ્રસુતિ કરાવી હતી. આ પ્રસંગે તંદુરસ્ત બાળકનો જન્મ થયો હતો. હાલ માતા અને નવજાત બાળક બંને સંપૂર્ણ સ્વસ્થ હોવાનું પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડૉ. ચેતન શાસ્ત્રીએ જણાવ્યું હતું. ભડ (ઘેડ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની આ સફળ કામગીરીથી ઘેડ વિસ્તારના અંદરના ગામડાઓની જનતામાં આનંદ અને સંતોષની લાગણી જોવા મળી રહી છે. હવે પ્રસુતાની વેળાએ મહિલાઓને દૂર શહેરોમાં કે ખાનગી દવાખાનાઓમાં જવાની ફરજ નહીં રહે અને ઘરઆંગણે જ સરકારી આરોગ્ય સુવિધાનો લાભ મળી રહેશે. આ અંગે ભડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ઈંચાર્જ મલ્ટીપર્પઝ હેલ્થ સુપરવાઈઝર પ્રતાપ આગઠે જણાવ્યું હતું કે, "સરકારની આરોગ્ય યોજનાઓનો સાચો લાભ અંદરના ગામડાઓ સુધી પહોંચે તે માટે ભડ પીએચસીનો સમગ્ર સ્ટાફ સતત પ્રતિબદ્ધ છે. સ્થાનિક જનતાને આરોગ્યસેવાઓ માટે નિર્ભય બની અહીં આવવા અપીલ કરવામાં આવે છે."

**ભારે જહેમત** દરેક સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમે વિજેતા બનેલા બાળ વાર્તાકારોને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરાયાં

# NEP-2020 અંતર્ગત નિપુણ ભારત થીમ આધારિત પોરબંદર તાલુકા કક્ષા વાર્તા સ્પર્ધાનું ભવ્ય આયોજન

## ૫૭ બાળ વાર્તાકારોની સર્જનાત્મક પ્રતિભા ખીલી, વિજેતાઓને રોકડ પુરસ્કારથી સન્માન

• વિરમભાઈ કે. આગઠ

જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર તથા શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - પોરબંદર દ્વારા પ્રેરિત તેમજ બી.આર.સી. ભવન - પોરબંદર દ્વારા આયોજિત રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૨૦૨૦ (NEP-2020) અંતર્ગત નિપુણ ભારત થીમ આધારિત પોરબંદર તાલુકા કક્ષા વાર્તા સ્પર્ધા વર્ષ ૨૦૨૫-૨૬નું આયોજન શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પોરબંદર ખાતે સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં પોરબંદર તાલુકાના કુલ ૫૭ બાળ વાર્તાકારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બાલવાટિકા થી ધોરણ ૨ સુધીના બાળકો માટે વાર્તા નિર્માણ, ધોરણ ૩ થી ૫ માટે વાર્તા નિર્માણ તેમજ ધોરણ ૬ થી ૮ માટે વાર્તા લેખન એમ કુલ ત્રણ અલગ અલગ સ્પર્ધાઓ યોજાઈ હતી, જેમાં બાળકોની કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતાનો સુંદર પરિચય મળ્યો હતો. આ પ્રસંગે શ્રી રામબા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પોરબંદરના પ્રાચાર્ય ડૉ. એ. વાય. રાઠોડ, સિનિયર લેક્ચરર ડૉ. એમ. વી. વેકરીયા, તાલુકા લાયઝન ડૉ. રામચંદ્ર મહેતા તથા બી.આર.સી. કો-ઓર્ડિનેટર પરેશકુમાર પુરુષવાણી ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનો દ્વારા તમામ બાળકોને ઉત્સાહ અને પ્રેરણા આપતા માર્ગદર્શક વિચારો વ્યક્ત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ બાળકોને શિલ્ડ, પ્રમાણપત્ર તથા ઈનામ કીટ એનાયત કરવામાં આવી હતી. ઈનામ કીટનું વિતરણ ખિસ્ત્રી પ્રાથમિક શાળાના ઉત્સાહી શિક્ષક શ્રી હમીરભાઈ ખિસ્તરીયા દ્વારા કરવામાં આવ્યું હતું. દરેક સ્પર્ધામાં પ્રથમ ત્રણ ક્રમે વિજેતા બનેલા બાળ વાર્તાકારોને રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સ્પર્ધામાં કામગીરી કરનાર તમામ નિર્ણાયકો તેમજ બ્લોક પોરબંદરની સમગ્ર ટીમને પણ પ્રમાણપત્ર તથા ઈનામ કીટ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે તમામ માટે ભોજન વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ નિર્ણાયક મિત્રોએ નિષ્પક્ષ અને પ્રશંસનીય કામગીરી કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બી.આર.સી. કો-ઓર્ડિનેટર પરેશકુમાર પુરુષનાણી દ્વારા સુવ્યવસ્થિત રીતે કરવામાં આવ્યું હતું. પોરબંદર તાલુકા કક્ષાના આ ભવ્ય કાર્યક્રમને



સુંદર સ્થળ ફાળવવા બદલ તાલુકા શિક્ષણ ટીમ દ્વારા રામબા ડાયટ, પોરબંદરનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે તાલુકા લાયઝન ડૉ. રામચંદ્ર મહેતા, બી.આર.સી. કો-ઓર્ડિનેટર પરેશકુમાર ડી. પુરુષનાણી તથા તેમની સમગ્ર સી.આર.સી. અને બ્લોક ટીમ પોરબંદરે ભારે જહેમત ઉઠાવી હતી.

## ફોકડીમાં પથ્થરની લીઝ સામે આદિવાસી ખેડૂતોનો જંગ

# નેત્રંગ મામલતદારને આવેદન આપી લીઝ મંજૂર ન કરવા ઉગ્ર માંગ કરવામાં આવી

**આક્રોશ** લીઝના કારણે ભૂગર્ભ જળના સ્તર ઊંડા જશે અને પર્યાવરણને નુકસાન થશે

• નેત્રંગ

નેત્રંગ તાલુકાના ફોકડી ગામની સીમમાં નવી પથ્થરની લીઝ મંજૂર કરવાની હિલચાલ સામે સ્થાનિક આદિવાસી ખેડૂતોએ વિરોધનો સૂર ઉઠાવ્યો છે. ફોકડી અને વડપાન ગામની સીમમાં આવેલી જમીન પર લીઝની પ્રક્રિયાનો વિરોધ કરતા ખેડૂતોએ આજે નેત્રંગ મામલતદારને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી કે, જો અહીં લીઝ શરૂ થશે તો ખેડૂતોની ખેતી અને રહેણાંક મકાનો પર મોટું જોખમ ઊભું થશે.

ખેડૂતોની રજૂઆત મુજબ, લીઝ માટે જે સર્વે નંબરની પ્રક્રિયા ચાલી રહી છે તેની આસપાસ તમામ આદિવાસી ખેડૂતોની ખેતીની જમીન આવેલી છે. જો પથ્થર કાઢવા માટે બ્લાસ્ટિંગ કરવામાં આવશે તો ફોકડી, વડપાન અને ભોટનગર ગામના પરિવારોના કાચા મકાનો અને સરદાર આવાસોને નુકસાન થશે. ઉપરાંત, આ વિસ્તારમાંથી વીજ કંપનીની હાઈ-ટેન્શન લાઈન પણ પસાર થાય છે, જે સુરક્ષાની દ્રષ્ટિએ ગંભીર છે. ખેડૂતોએ ભીતિ વ્યક્ત કરી છે કે લીઝના કારણે ભૂગર્ભ જળના સ્તર ઊંડા જશે અને પર્યાવરણને નુકસાન થતા તેમનો જીવનનિર્વાહ મુશ્કેલ બનશે. ૧૦૦ ટકા આદિવાસી વસ્તી ધરાવતા આ ગામોના હિતમાં સરકાર આ લીઝને મંજૂરી ન આપે તેવી માંગ સાથે ખેડૂતોએ લડતની ચીમકી ઉચ્ચારી છે.



# જંબુસરમાં માનવતાનું દર્શન: ગંદી કાંસમાં ગાયે વાછરડાને જન્મ આપ્યો

## ફ્રૂટ વિક્રેતા અને મહિલાઓએ નવજાતનો જીવ બચાવ્યો

• જંબુસર

જંબુસર શહેરના પોલીસ લાઈન રેલવે ફાટક પાસે રખડતા પશુઓની ગંભીર સમસ્યા વચ્ચે એક હૃદયસ્પર્શી ઘટના બની છે. રસ્તા પર રઝળતી એક ગર્ભવતી ગાયે વરસાદી પાણીથી ભરેલી ખુલ્લી કાંસમાં વાછરડાને જન્મ આપ્યો હતો. ગંદા પાણીમાં ડૂબી રહેલા નવજાત વાછરડાને જોઈ ફ્રૂટ વિક્રેતા અને સ્થાનિક મહિલાઓએ સમયસૂચકતા વાપરી નવજીવન આપ્યું છે. આ ઘટનાએ પશુપાલકોની બેદરકારી અને નગરપાલિકાની નિષ્ક્રિયતા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

ઘટનાની વિગત મુજબ, ગર્ભવતી ગાયે કાંસમાં વાછરડાને જન્મ આપતા નવજાત જીવ ગંદા પાણીમાં ગરકાવ થઈ રહ્યો હતો. આ દ્રશ્ય જોતા જ લારી પર ફ્રૂટ વેચતા મહેબૂબ પટેલે પોતાની જાનના જોખમે કાંસમાં ઉતરી વાછરડાને બહાર કાઢ્યું હતું.

સ્થાનિક મહિલાઓએ પણ મદદે આવી નવજાતને હૂંફ આપી શ્વાનોથી



રક્ષણ પૂરું પાડ્યું હતું.

ગૌરક્ષકોની ટીમે ઘટનાસ્થળે પહોંચી ગાય અને વાછરડાને સુરક્ષિત કરી તેમના માલિકની શોધખોળ શરૂ કરી છે. શહેરીજનોમાં આક્રોશ છે કે પશુપાલકો દૂધ કાઢી લીધા બાદ પશુઓને રસ્તા પર રઝળતા મૂકી દે છે, અને પાલિકા તંત્ર ઢોર ડબ્બે પૂરવાની કામગીરીમાં આળસ દાખવી રહ્યું છે, જેના કારણે આવા અબોલ જીવોનો જીવ જોખમમાં મુકાય છે.

# રૂ.૧૫ લાખના હાઈબ્રીડ ગાંજા કેસમાં મુખ્ય સૂત્રધાર સહિત બે વોન્ટેડ આરોપી ઝડપાયા

## SMCનો મર્સિડીઝવાળી ડ્રગ્સ ગેંગ પર પ્રહાર

• અમદાવાદ

સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC) એ અમદાવાદના શેલા-બોપલ રોડ પરથી ઝડપાયેલા હાઈબ્રીડ ગાંજાના કેસમાં ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી મુખ્ય વોન્ટેડ આરોપીઓની ધરપકડ કરી છે. લક્ઝુરિયસ મર્સિડીઝ કારમાં ડ્રગ્સની હેરાફેરી કરનારા ભાવનગર અને અમદાવાદના બે શખ્સોને SMCની ટીમે દબોચી લઈ ૩૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ઘટનાની વિગત મુજબ, ગત ૨૮ ડિસેમ્બરના રોજ શેલા વિસ્તારમાંથી ૧૫.૧૨ લાખની કિંમતનો ૪૩૨ ગ્રામ હાઈબ્રીડ ગાંજો ઝડપાયો હતો, જેમાં ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ ગુનામાં ડ્રગ્સનો જથ્થો પૂરો પાડનાર મુખ્ય સૂત્રધાર ચિન્મય ઉર્ફે લાલો સોની (રહે. સાઉથ બોપલ, મૂળ ભાવનગર) અને ડ્રગ્સની ડિલિવરી કરવા આવનાર અર્ચિત અગ્રવાલ (રહે. એપલવુડ વીલા, શેલા)



ફરાર હતા. SMC ની ટીમે બાતમીના આધારે આ બંને હાઈપ્રોફાઈલ આરોપીઓને ઝડપી પાડી તેમની પાસેથી ગુનામાં વપરાયેલી ૩૦ લાખની મર્સિડીઝ કાર અને મોબાઈલ ફોન જપ્ત કર્યા છે. હાઈબ્રીડ ગાંજાના આ નેટવર્કમાં અન્ય કેટલા લોકો સંડોવાયેલા છે અને આ મોંઘાદાટ ડ્રગ્સનો સ્ત્રોત કયો છે, તે દિશામાં પોલીસ હવે સઘન તપાસ કરી રહી છે.

# વટારીયા પાસે અકસ્માતમાં ઇજાગ્રસ્ત બાઇક સવારનું ૬ દિવસની સારવાર બાદ મોત



• વાલિયા

વાલિયા-અંકલેશ્વર માર્ગ પર વટારીયા સુગર ફેક્ટરી સામે ગત ૨ જી જાન્યુઆરીના રોજ સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા વટારીયાના યુવાનનું ગતરોજ સુરતની હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.વટારીયા ગામના ખડી ફળિયાના રહીશ વિજય વસાવા ૨ જાન્યુઆરીના રોજ પોતાની બાઈક પર વાલિયા-અંકલેશ્વર રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન વટારીયા સુગર ફેક્ટરી સામે સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલી એક ટ્રકે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં વિજયભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેમને પ્રાથમિક સારવાર માટે અંકલેશ્વર અને ત્યારબાદ વધુ સારવાર અર્થે સુરતની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. છેલ્લા છ દિવસથી જીવન અને મરણ વચ્ચે ઝોલા ખાતા વિજયભાઈએ આજે અંતિમ શ્વાસ લીધા હતા. વાલિયા પોલીસે આ મામલે ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


## રૂપિયા ૪૧.૯૨ લાખનો મુદ્દામાલ જપ્ત

# વડોદરાના વાઘોડિયામાં SMC એ દારૂનું 'કટિંગ' થતું હતું ત્યાં જ પોલીસ ત્રાટકી

• વાઘોડિયા

સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC) ની ટીમે વડોદરા ગ્રામ્યના વાઘોડિયા વિસ્તારમાં દારૂના મોટા નેટવર્ક પર સર્જિકલ સ્ટ્રાઈક કરી છે. વાઘોડિયા બસ સ્ટેન્ડ પાછળ આવેલી આનંદ નગરીમાં વિદેશી દારૂનું કટિંગ ચાલી રહ્યું હતું, તે સમયે જ પીએસઆઈ જે.એચ. સિસોદિયાની ટીમે છાપો મારી કુલ ૪૧,૯૨,૦૬૪નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ કાર્યવાહીમાં મુખ્ય સૂત્રધાર સહિત ૯ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ૧૧ આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે.

SMCની ટીમે દરોડા દરમિયાન



સ્થળ પરથી વિદેશી દારૂની ૬,૧૨૯ બોટલો (કિંમત ૧૭.૭૨ લાખ) ઝડપી પાડી હતી. આ દારૂની હેરાફેરી માટે વપરાતી ટાટા હેરિયર, ઈકો અને સ્વિફ્ટ જેવી ૭ કાર તેમજ ૩ ટુ-વ્હીલર મળી કુલ ૧૦ વાહનો જપ્ત કર્યા છે. પકડાયેલા આરોપીઓમાં મુખ્ય બૂટલેગર કરણ બારીયા અને તેનો ભાગીદાર વિનોદ વસાવા સામેલ છે. પોલીસ તપાસમાં ખૂલ્યું છે કે દારૂનો આ મોટો જથ્થો મધ્યપ્રદેશના અલીરાજપુરથી વિનય તોમર અને જેન્તી તોમર દ્વારા સપ્લાય કરવામાં આવ્યો હતો.

પોલીસે આ મામલે વાઘોડિયા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ અને BNS ની કલમો હેઠળ ગુનો દાખલ કરાવ્યો છે. પકડાયેલા ૯ આરોપીઓ ઉપરાંત દારૂ સપ્લાય કરનારા અને વાહનોના માલિકો સહિત ૧૧ લોકોને વોન્ટેડ જાહેર કરી તેમને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# પ્રખ્યાત ફિલ્મ નિર્માતા દિલીપ વીરેન્દ્ર સૂદે તેમનું નવું પુસ્તક, 'લાઈફ હગ મી ટાઈટ' પ્રકાશિત કર્યું

## આશાના સાર્વત્રિક અનુભવને શક્તિશાળી રીતે રજૂ કરે છે

• અતુલ સચદેવા, વરિષ્ઠ પત્રકાર

પ્રખ્યાત ફિલ્મ નિર્માતા દિલીપ વીરેન્દ્ર સૂદે તેમનું નવું પુસ્તક, 'લાઈફ હગ મી ટાઈટ' પ્રકાશિત કર્યું છે, જે આશા, રમૂજ અને નિશ્ચયની વાર્તા છે. વ્હાઈટ ફાલ્કન પબ્લિશિંગ દ્વારા પ્રકાશિત, આ પુસ્તક લેખકના જીવનના અનુભવોથી પ્રેરિત છે, જે એક સંવેદનશીલ અને પ્રેરણાદાયી વાર્તા રજૂ કરે છે જે સર્જનાત્મક મહત્વાકાંક્ષાઓ, કૌટુંબિક જવાબદારીઓ અને જીવનના અનિશ્ચિત પાઠ વચ્ચેના સંતુલનને શક્તિશાળી રીતે દર્શાવે છે. ૨૦૦ થી વધુ પાનામાં ફેલાયેલું, 'લાઈફ હગ મી ટાઈટ' પડકાર અને સિદ્ધિની ક્ષણોને હૂંફ, ખંત અને સૌમ્ય રમૂજ સાથે ગૂંથે છે.

તે જીવનના ઉતાર-ચઢાવ પર સકારાત્મક અને પ્રેરણાદાયી દ્રષ્ટિકોણ પ્રદાન કરે છે, જે આશા અને સતત પ્રયત્નોની શક્તિને પ્રકાશિત કરે છે. સાહિત્યિક પ્રકાશન સાથે, પુસ્તકને એક મુખ્ય ફીચર ફિલ્મમાં રૂપાંતરિત કરવાની પણ યોજના છે, જે કાગળથી સ્ક્રીન સુધી તેની ભાવનાત્મક ઊંડાણને વિસ્તૃત કરે છે. દિલીપ વીરેન્દ્ર સૂદ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રશંસા પામેલા લેખક, દિગ્દર્શક અને નિર્માતા છે જેમના કાર્યને અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવોમાં પ્રશંસા અને પુરસ્કારો મળ્યા છે. ભારત સરકાર દ્વારા આયોજિત ૬૮મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોમાં તેઓ એક પ્રતિષ્ઠિત જ્યુરી સભ્ય પણ હતા. તેઓ હાલમાં ભારત સરકારના રાષ્ટ્રીય નેટવર્ક, પ્રસાર ભારતી માટે ભારતના પ્રથમ સાયબર ક્રાઈમ જાગૃતિ કાર્યક્રમ, 'સાયબર ક્રાઈમ કી દુનિયા' નું નિર્માણ કરી રહ્યા છે. 'લાઈફ હગ્સ મી ટાઈટ' એ દિલીપ વીરેન્દ્ર સૂદની સર્જનાત્મક યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે, જે વ્યક્તિગત અનુભવો, કલાત્મક પ્રતિબિંબો અને આશાના સાર્વત્રિક અનુભવને શક્તિશાળી રીતે રજૂ કરે છે.




પ્રખ્યાત ફિલ્મ નિર્માતા દિલીપ વીરેન્દ્ર સૂદે તેમના પુસ્તક લાઈફ હગ મી ટાઈટના વિમોચનની જાહેરાત કરી

એક્શન — નગરપાલિકા અને આરોગ્ય વિભાગની ૪૦ થી વધુ ટીમો હાલ ફિલ્ડમાં કાર્યરત

# બાલાસિનોરમાં કમળાના રોગચાળાને નાબૂદ કરવા મહીસાગર કલેક્ટર અર્પિત સાગર એક્શન મોડમાં

## અસરગ્રસ્ત વિસ્તારોની પગપાળા મુલાકાત લીધી

• વીરભદ્ર સિંહ સિસોદીયા. મહીસાગર

બાલાસિનોર તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી વકરેલા કમળાના ઉપદ્રવને જડમૂળથી ઉખેડી નાખવા માટે જિલ્લા વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. તંત્રના સતત પ્રયાસોને પરિણામે રોગચાળાના ફેલાવામાં ઘટાડો તો નોંધાયો છે, પરંતુ તેને સંપૂર્ણપણે નાબૂદ કરવાના મક્કમ નિર્ધાર સાથે મહીસાગર કલેક્ટર અર્પિત સાગર દ્વારા બાલાસિનોરના અસરગ્રસ્ત વિસ્તારોની વ્યક્તિગત મુલાકાત લઈ સ્થિતિનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. કમળાના ફેલાવા પાછળના વાસ્તવિક કારણો જાણવા અને તકેદારીના પગલાંની સમીક્ષા કરવા કલેક્ટર અર્પિત સાગરે બાલાસિનોર અર્બન વિસ્તારની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ દરમિયાન કલેક્ટરએ હિપેટાઈટીસ-એ ના વધુ કેસ ધરાવતા ટીંબા મહોલ્લા અને કાજીવાડ જેવા સંવેદનશીલ વિસ્તારોમાં સિટી સર્વે કાર્યાલયથી પગપાળા વિઝિટ કરી હતી. વહીવટી તંત્રના વડાને પોતાની વચ્ચે જોઈ સ્થાનિકોમાં પણ વહીવટી તંત્ર પ્રત્યે વિશ્વાસ જોવા મળ્યો હતો. મુલાકાત દરમિયાન કલેક્ટરએ અસરગ્રસ્ત પરિવારો સાથે સીધો સંવાદ સાધ્યો હતો. તેમણે



દર્દીઓને મળી રહેલી સારવાર અંગે પૃચ્છા કરી ખાતરી કરી હતી કે તંત્ર દ્વારા યોગ્ય સેવાઓ પહોંચાડવામાં આવી રહી છે કે કેમ તે જાણ્યુ હતું. કલેક્ટરએ પરિવારોને આશ્વાસન આપતા જણાવ્યું હતું કે, જિલ્લા વહીવટી તંત્ર નાગરિકોની સ્વાસ્થ્ય સુરક્ષા માટે હરહંમેશ તત્પર છે અને તમામ જરૂરી મદદ પૂરી પાડવામાં આવશે. સ્થાનિકો દ્વારા રજૂ કરવામાં આવેલા ગંદકી અને દૂષિત પાણીના પ્રશ્નોને કલેક્ટરશ્રીએ અત્યંત ગંભીરતાથી લીધા હતા. તેમણે પ્રત્યક્ષ રીતે ગંદકીવાળા સ્થળોની મુલાકાત લઈ નગરપાલિકાના અધિકારીઓને સ્થળ પર જ કડક સૂચના આપી હતી કે, સફાઈ અભિયાન તેજ કરી તાત્કાલિક ધોરણે ગંદકી દૂર કરવામાં આવે અને નાગરિકોને શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડવામાં કોઈપણ પ્રકારની કચાસ રાખવામાં ન આવે. ત્યારબાદ, કલેક્ટરએ બાલાસિનોર રેફરલ હોસ્પિટલ અને સામુહિક આરોગ્ય કેન્દ્રના કમળા વોર્ડની મુલાકાત લીધી હતી. તેમણે ઈન્ચાર્જ ડોક્ટરો સાથે ટેકનિકલ ચર્ચા કરી દર્દીઓની ઝડપી રિકવરી માટે જરૂરી તબીબી પગલાં લેવા અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત, તેમણે ખાનગી હોસ્પિટલના તબીબો સાથે પણ મુલાકાત યોજી, આ જાહેર આરોગ્યની લડતમાં વહીવટી તંત્રના સહભાગી બની બાલાસિનોરને કમળામુક્ત કરવા અપીલ કરી હતી. જનજાગૃતિ પર ભાર મૂકતા કલેક્ટરએ સ્થાનિકોને ઘરની આસપાસ સ્વચ્છતા રાખવા અને ઉકાળેલું પાણી પીવા અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું કે, જો નળ દ્વારા પીવાલાયક પાણી ન મળતું હોય, તો નગરપાલિકાની ૨૪ કલાક કાર્યરત હેલ્પલાઈન પર સંપર્ક કરી વિનામૂલ્યે પાણીના ટેન્કર મંગાવી શકાય છે. 'વહીવટી તંત્ર અને જનતા સાથે મળીને આ વાયરસને નાથશે' તેવી કલેક્ટરનું અપીલને પ્રજાએ ઉષ્માભેર વધાવી લીધી હતી. અંતમાં મીડિયા સાથેની વાતચીતમાં કલેક્ટરએ વિગત આપી હતી કે, નગરપાલિકા અને આરોગ્ય વિભાગની ૪૦ થી વધુ ટીમો હાલ ફિલ્ડમાં કાર્યરત છે.

પાણી અને સફાઈના પ્રશ્નોના કાયમી નિકાલ માટે તંત્ર યુદ્ધના ધોરણે કામ કરી રહ્યું છે. આ મુલાકાત દરમિયાન બાલાસિનોર પ્રાંત અધિકારી, મામલતદાર, ચીફ ઓફિસર સહિતના તાલુકા કક્ષાના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરમાં રાજ્ય માટે કેન્દ્રની મોટી ભેટ

# CRIF હેઠળ માર્ગોના 41 કામો માટે 1078 કરોડ મંજૂર; કનેક્ટિવિટીને મળશે નવો વેગ

વિકાસને વેગ — ગુજરાતનું રોડ નેટવર્ક આગામી દિવસોમાં વધુ સલામત અને સુવિધાજનક બનવા જઈ રહ્યું છે

• ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'ગતિશક્તિ' વિઝનને સાકાર કરવા અને ગુજરાતમાં પરિવહન વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી કેન્દ્ર સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ભારત સરકારના સેન્ટ્રલ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ (CRIF) માંથી ગુજરાત રાજ્ય હસ્તકના માર્ગો માટે 1078.13 કરોડની માતબર રકમ મંજૂર કરવામાં આવી છે. આ ઐતિહાસિક ફાળવણી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય માર્ગ પરિવહનમંત્રીશ્રી નીતિન ગડકરી વચ્ચે નવેમ્બર-2025માં ગાંધીનગર ખાતે યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકનું સુખદ પરિણામ છે. આ મંજૂરીથી રાજ્યમાં કુલ 564.57 કિલોમીટર લંબાઈના માર્ગો પર વાઈડનીંગ, સ્ટ્રેન્ધનીંગ અને રીસર્ફેસિંગ સહિતના કુલ 41 વિકાસકામો હાથ ધરવામાં આવશે. આ રકમના વિનિયોગથી રાજ્યના વિવિધ જિલ્લાઓમાં માર્ગ માળખું આધુનિક બનશે જેમાં સ્ટેટ હાઈવે વાઈડનીંગ માટે પાટણ, કચ્છ, બનાસકાંઠા, ખેડા, મહીસાગર, છોટાઉદેપુર, વલસાડ, અમરેલી, જામનગર અને વડોદરા જિલ્લાઓમાં કુલ 229.20 કિમી લંબાઈના 11 કામો માટે 636 કરોડ ફાળવાયા છે. મજબૂતીકરણ અને રીસર્ફેસિંગ માટે અમદાવાદ, આણંદ, અરવલ્લી, તાપી, નવસારી, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગર અને સુરત સહિતના જિલ્લાઓમાં 335.37 કિમી લંબાઈના 23 કામો માટે 408.33 કરોડ ખર્ચાશે. સ્ટ્રક્ચરલ વિકાસ માટે તાપી, સુરત અને ડાંગ જિલ્લામાં પુલ અને અન્ય સ્ટ્રક્ચરના 7 કામો માટે 33.80 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટ્સ પૂર્ણ થવાથી રાજ્યમાં 'ઈઝ ઓફ ટ્રાન્સપોર્ટેશન'માં મોટો ઉછાળો આવશે. ખાસ કરીને પી.એમ. ગતિશક્તિ અભિગમ હેઠળ લોજિસ્ટિક્સ પરિવહન વધુ ઝડપી અને સુલભ બનશે, જેનો સીધો લાભ ઉદ્યોગો અને સામાન્ય જનતાને મળશે. ખેતી અને ઉદ્યોગોથી જોડાયેલા વિસ્તારોમાં કનેક્ટિવિટી વધવાથી આર્થિક પ્રવૃત્તિઓને પણ નવો વેગ મળશે. કેન્દ્ર અને રાજ્ય સરકારના આ સંકલિત પ્રયાસોથી ગુજરાતનું રોડ નેટવર્ક આગામી દિવસોમાં વધુ સલામત અને સુવિધાજનક બનવા જઈ રહ્યું છે.



# જુના સેક્ટરોના રહીશોને મહિનાઓ બાદ મેસેજ મળતા મુંઝાયા; 'સ્માર્ટ' વહીવટનો અનોખો ખેલ!

## ગાંધીનગર માં શુદ્ધ પાણી પહેલાં જ મોબાઈલમાં 700ના બિલ ટપક્યા

• ગાંધીનગર

પાટનગરમાં 24 કલાક પાણી પુરવઠાની યોજના અત્યારે નગરજનો માટે સુવિધા કરતા આફત વધુ સાબિત થઈ રહી છે. એક તરફ પાઈપલાઈનમાં લિકેજને કારણે રોગચાળાનો ખતરો મંડાઈ રહ્યો છે, ત્યારે બીજી તરફ તંત્રએ શુદ્ધ પાણીની સુવિધા પુરી પાડતા પહેલા જ બિલ ફટકારીને સ્માર્ટ કામગીરીનો પરચો આપ્યો છે. જૂના સેક્ટરોના રહીશોને અચાનક જ મળેલા મસમોટા બિલના મેસેજથી દોડતા થવાનો વખત આવ્યો છે. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના 'સ્માર્ટ' વહીવટે નગરજનોને નવો ફટકો આપ્યો છે. સુવિધા પૂર્ણ રીતે શરૂ થાય તે પહેલાં જ અનેક નાગરિકોના મોબાઈલ પર રૂ.700થી વધુના વોટર બિલ ભરવાના મેસેજ પહોંચી ગયા છે. જે નાગરિકો અત્યાર સુધી વર્ષે માત્ર રૂ.300 પાણીવેરો ભરતા હતા, તેમને હવે એક મહિનાના બમણાથી વધુ રકમના બિલ મળતા તંત્રની કામગીરી સામે સવાલો ઉઠ્યા છે.



નવાઈની વાત એ છે કે, 15 મે, 2025 સુધીમાં નાણાં ભરી દેવાની સૂચના અપાઈ છે, જ્યારે તે તારીખ વીતી ગયાને મહિનાઓ થઈ ગયા છે. ઘણા નાગરિકોને અલગ-અલગ રકમના બે મેસેજ મળતા તંત્રના ડેટા મેનેજમેન્ટની પોલ ખુલી ગઈ છે. આ અંગે જ્યારે મ્યુનિસિપલ કોર્પોરેશનની ટેક્સ શાખામાં પૂછપરછ કરવામાં આવી ત્યારે ત્યાંના સ્ટાફ પાસે પણ આ બિલ અંગે કોઈ નક્કર માહિતી નહોતી. ખાસ કરીને સેક્ટર-28, 29, 30 અને ચરેડી વિસ્તારના સેંકડો નાગરિકોને આ પ્રકારે મોબાઈલ પર મેસેજ મળ્યા છે. જોકે ધીમે ધીમે વિર બિલના મેસેજ લઈને વિરોધ વધવા માંડતા આખરે સત્તાવાર વર્તુળોમાંથી એવું જાણવા મળ્યું છે કે, મ્યુનિસિપલ કોર્પોરેશનના કેટલાક 'ઉત્સાહી' કર્મચારીઓએ બિલિંગ સોફ્ટવેરનો ટ્રાયલ રન કર્યો

# મહીસાગર જિલ્લા કલેકટર અર્પિત સાગરના અધ્યક્ષસ્થાને પ્રજાસત્તાક દિવસની ઉજવણી અંગે સમીક્ષા બેઠક યોજાઈ

• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર

મહીસાગર જિલ્લા કલેકટર કચેરી ખાતે આગામી ૨૬મી જાન્યુઆરી, 'પ્રજાસત્તાક દિવસ'ના જિલ્લા કક્ષાના કાર્યક્રમ સંદર્ભે જિલ્લા કલેકટર અર્પિત સાગરના અધ્યક્ષસ્થાને એક મહત્વની બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય રાષ્ટ્રીય પર્વની ઉજવણી ખૂબ જ ભવ્ય અને સુયોજિત રીતે થાય તે માટેનું આગોતરું આયોજન કરવાનો હતો. બેઠક દરમિયાન જિલ્લાના તમામ વિભાગોના અધિકારીઓની ઉપસ્થિતિમાં પ્રજાસત્તાક દિવસના કાર્યક્રમ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. કલેકટર દ્વારા વિવિધ વિભાગોને સોંપવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી અને અધિકારીઓના અંગત અભિપ્રાયો મેળવી કાર્યક્રમને વધુ શ્રેષ્ઠ બનાવવા માટે જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા. આ સમીક્ષા બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી




યુવરાજ સિદ્ધાર્થ સહિત મહીસાગર જિલ્લાના તમામ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. તમામ વિભાગોને પરસ્પર સંકલન જાળવીને નિર્ધારિત સમયમર્યાદામાં તમામ તૈયારીઓ પૂર્ણ કરવા માટે આ બેઠકમાં તાકીદ કરવામાં આવી હતી.

# ગાંધીનગર : કલોલમાં ચાઈનીઝ દોરીના 30 રીલ જપ્ત:મકરસંક્રાંતિ પૂર્વે એકની ધરપકડ, વેચાણ સામે કાર્યવાહી



ગાંધીનગર જીલ્લાના કલોલ શહેર પોલીસે મકરસંક્રાંતિ પૂર્વે પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના વેચાણ સામે કડક કાર્યવાહી કરી છે. પોલીસે ગાંધર્વવાસ વિસ્તારમાંથી આશરે ૯,૦૦૦/- ની કિંમતના 30 રીલ ચાઈનીઝ દોરી સાથે એક આરોપીની ધરપકડ કરી છે. કલોલ શહેર પોલીસ સર્વેલન્સ સ્ટાફના આસિસ્ટન્ટ કોન્સ્ટેબલ લાભુભાઈ બાબાભાઈને ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે, જ્યોતિશ્વર મહાદેવ પાસે, ગાંધર્વવાસ, કલોલ ખાતે આફતાબ ઘાંચીના ઘરે દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન, પોલીસે ઘાંચીના ઘરેથી ચાઈનીઝ દોરીના 30 રીલ જપ્ત કર્યા હતા. પોલીસે આરોપી આફતાબ ઘાંચીની અટકાયત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કલોલ શહેર પોલીસ ઈન્સ્પેક્ટર પી.જે. ચુડાસમાએ જણાવ્યું હતું કે, પોલીસ આવી દોરીના વપરાશ, વેચાણ અને સંગ્રહને રોકવા માટે પ્રતિબદ્ધ છે. ભવિષ્યમાં પણ આવી કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

જૂગારધામ ચાલતુ હોવાની બાતમી મળતાં પોલીસે કાર્યવાહી કરી

# જામકંડારણાના ખજુરડા ગામ મકાનમાં દરોડા: જૂગાર રમતા છ શખ્સો પકડાયા


• જામકંડારણા

રૂરલ એલસીબીના એ.એસ. આઈ. શકિતસિંહ, વિજયસિંહ, હેડ કોન્સ. કૌશીકભાઈ તથા અરવિંદસિંહની બાતમી રૂા. ૪૧ હજારની રોકડ કબ્જે, જામકંડોરણાના ખજૂરડા ગામમાં એક મકાનમાં જૂગારધામ ચાલતુ હોવાની બાતમી મળતા એસ. સી.બી.ની ટીમે દરોડો પાડી મકાનમાં તીનપતીનો જૂગાર રમતા છ શખ્સોને પકડી લીધા હતાં. મળતી વિગત મુજબ ખજુરડા ગામમાં એક મકાનમાં કેટલાક શખ્સો જૂગાર રમતા હોવાની એ. એસ. આઈ. શકિતસિંહ જાડેજા, વિજયસિંહ જાડેજા, હેડ કોન્સ. કૌશીકભાઈ જોષી અને અરવિંદસિંહ જાડેજાને બાતમી મળતા ખજુરડા ગામે મકાનમાં દરોડો પાડી તીનપતીનો જૂગાર રમતા મકાન માલીક કાન્તીલાલ બચુભાઈ ડેડકીયા, જામટીંબડી ગામના કિશોર નાથાભાઈ પરમાર, રાજકોટ ભગવતી સોસાયટીના રહીમ અલીભાઈ અલુવસીયા, રાજકોટ જીવરાજ પાર્કના દીનેશ ગોકળભાઈ ઘરસંડીયા, ખજુરડા ગામ આંબેડકરનગરના જશવંત વીરાભાઈ સોલંકી અને ગૌતમ નાથાભાઈ આઝડાને પકડી લઈ રૂા. ૪૧,૬૮૦ ની રોકડ તથા પાંચ મોબાઈલ ફોન મળી રૂા. ૮૧,૬૮૦ ની માલમતા કબ્જે કરી હતી.



વિજયે પહેલાથી જ જાહેરાત કરી છે કે "જાન નાયકન" તેમની છેલ્લી ફિલ્મ છે

# વિજયની છેલ્લી ફિલ્મ, "જાના નાયકન", સેન્સર ક્લિયરન્સના વિવાદમાં ફસાઈ, સેન્સર બોર્ડ તરફથી પ્રમાણપત્ર મળ્યું નથી



અભિનેતામાંથી રાજકારણી બનેલા થલાપતિ વિજય હાલમાં તેમની ખૂબ જ અપેક્ષિત ફિલ્મ "જાના નાયકન" માટે સમાચારમાં છે. આ ફિલ્મ ૯ જાન્યુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે, પરંતુ રિલીઝ પહેલા જ તે એક નવા વિવાદમાં સપડાઈ ગઈ છે. થલાપતિ વિજયની "જાન નાયકન" ને હજુ સુધી સેન્સર બોર્ડ તરફથી પ્રમાણપત્ર મળ્યું નથી. વિજયે પહેલાથી જ જાહેરાત કરી છે કે "જાન નાયકન" તેમની છેલ્લી ફિલ્મ છે, અને આ પછી તેઓ ફક્ત રાજકારણ પર ધ્યાન કેન્દ્રિત કરશે. જોકે, સુપરસ્ટાર ચૂંટણી મેદાનમાં ઉતરે તે પહેલાં, તેમની ફિલ્મ અંગે એક મોટો વિવાદ ઉભો થયો છે. તેમની ફિલ્મને હજુ સુધી સેન્સર સર્ટિફિકેટ મળ્યું નથી, જેના કારણે નિર્માતાઓ હાઈકોર્ટનો સંપર્ક કરે છે. કોર્ટે પણ આ મામલે પોતાનો નિર્ણય અનામત રાખ્યો છે.

"જાન નાયકન" થલાપતિ વિજયની છેલ્લી ફિલ્મ છે. "જાન નાયકન" થલાપતિ વિજયની છેલ્લી ફિલ્મ છે. રાજકારણમાં પ્રવેશતા પહેલા વિજયે જાહેરાત કરી હતી કે આ તેમની છેલ્લી ફિલ્મ હશે. ફિલ્મનું ટ્રેલર તાજેતરમાં જ રિલીઝ થયું હતું, જેમાં તેમનું પાત્ર સામાન્ય લોકોને સરકાર પર સવાલ ઉઠાવવા, ભ્રષ્ટાચાર સામે લડવા અને અવાજ ઉઠાવવા માટે પ્રેરણા આપે છે. જોકે, વિજય આવી ફિલ્મો માટે નવા નથી; તેમણે અગાઉ પણ આવી જ ફિલ્મો બનાવી છે, અને આ ફિલ્મોને દર્શકો તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે. થલપતિ વિજયની "કથ્થી," "મેર્સલ," અને "સરકાર" જેવી ફિલ્મો સમાન વિષયો પર કામ કરે છે. ખરેખર, "જન નાયકન" ના ટ્રેલર રિલીઝ થયા પછી, થલપતિ વિજય પર આરોપો લાગી રહ્યા છે કે તેમણે આવી સ્થાપના વિરોધી ફિલ્મો દ્વારા "લોકોના હીરો" તરીકેની પોતાની છબી ઉભી કરી છે, અને હવે તેઓ રાજકારણમાં આ છબીનો ઉપયોગ કરી રહ્યા છે. તમિલનાડુમાં, ઘણા કલાકારોએ અગાઉ રાજકારણમાં પ્રવેશવા માટે સિનેમાનો ઉપયોગ કર્યો હતો, અને હવે થલપતિ વિજય પર આરોપો લાગી રહ્યા છે કે તેમણે રાજકારણ સુધી પહોંચવાની ઈરાદાપૂર્વકની યોજનાના ભાગ રૂપે ફિલ્મોમાં અભિનય કર્યો હતો. આ આરોપો હવે તેમની ફિલ્મ "જન નાયકન" ને અસર કરી રહ્યા હોય તેવું લાગે છે, જે બે દિવસમાં રિલીઝ થવાની છે અને હજુ સુધી સેન્સર બોર્ડની લીલીઝંડી મળી નથી. એવું માનવામાં આવતું હતું કે વિજયની ફિલ્મ "જન નાયકન" તેમની "માસ લીડર" તરીકેની છબીને મજબૂત બનાવશે, પરંતુ હવે ફિલ્મને સેન્સર સર્ટિફિકેટ મળ્યું નથી, તેથી તેના એડવાન્સ બુકિંગ હજુ સુધી સંપૂર્ણપણે ખુલ્યા નથી. મંગળવારે, નિર્માતાઓએ મદ્રાસ હાઈકોર્ટમાં ફિલ્મ માટે સેન્સર સર્ટિફિકેટ મેળવવા માટે અરજી દાખલ કરી. પ્રોડક્શનનો આરોપ છે કે સેન્સર બોર્ડે અન્યાયી રીતે સર્ટિફિકેટ રોકી રાખ્યું છે અને તેનાથી નોંધપાત્ર નુકસાન થઈ શકે છે. બંને પક્ષોની દલીલો સાંભળ્યા પછી, કોર્ટે આ મામલે પોતાનો નિર્ણય અનામત રાખ્યો.

સૌથી લોકપ્રિય અભિનેત્રી શ્રીલીલા

# દક્ષિણ સુંદરી સુષ્મિતા સેનના માર્ગ પર ચાલે છે ૨૪ વર્ષની ઉંમરે ત્રણ બાળકોની માતા બને છે

સુષ્મિતા સેન જ્યારે પોતાની પહેલી દીકરી રેનીને દત્તક લીધી ત્યારે તેની ઉંમર ૨૪ વર્ષની હતી. ૨૦૦૦ માં, સુષ્મિતા સેને તેનું નામ રેની રાખ્યું અને પછી બીજી દીકરી અલીસાને દત્તક લીધી. પરંતુ શું તમે દક્ષિણ ભારતીય સુંદરીને જાણો છો જેણે ૨૪ વર્ષની ઉંમરે ત્રણ બાળકોને દત્તક લીધા છે? અમે તેલુગુ અને કન્નડ સિનેમાની સૌથી લોકપ્રિય અભિનેત્રીઓમાંની એક શ્રીલીલા વિશે વાત કરી રહ્યા છીએ, જે કાર્તિક આર્યન સાથે બોલીવુડમાં પ્રવેશ કરી રહી છે. તાજેતરમાં, શ્રીલીલાએ તેના અંગત જીવન અને બાળકો વિશે ખુલ્લેઆમ વાત કરી. શ્રીલીલાએ એ પણ ખુલાસો કર્યો કે તે ત્રણ બાળકોની માતા હોવા છતાં, તે પોતાને "સંપૂર્ણ માતા" માનતી નથી. તેણે આ પાછળનું કારણ સમજાવ્યું.

નોંધનીય છે કે ૨૪ વર્ષની શ્રીલીલાએ ત્રણ બાળકોને દત્તક લીધા છે, જેમની તે સંભાળ રાખે છે. તાજેતરમાં, ગલાટા પ્લસ સાથેના એક ઈન્ટરવ્યુમાં, અભિનેત્રીએ તેના કામ અને તેના ત્રણ બાળકોના ઉછેર વિશે વાત કરી, અને ખુલાસો કર્યો કે તેના બાળકો હાલમાં તેની સાથે રહેતા નથી. જોકે, શ્રીલીલા એમ પણ કહે છે કે તે ક્યારેય ભૂલતી નથી કે તેના બાળકોની સારી સંભાળ રાખવામાં આવે. એક ઈન્ટરવ્યુમાં જ્યારે તેને પૂછવામાં આવ્યું કે તે તેની ફિલ્મી કારકિર્દી અને ત્રણ બાળકોની સંભાળ કેવી રીતે સંતુલિત કરે છે, ત્યારે તેણે જવાબ આપ્યો, "તે વિશે વાત કરતી વખતે મને ઘણીવાર શબ્દો ખોવાઈ જાય છે." હું ગભરાઈ જાઉં છું, પરંતુ મેં તેમની સંભાળ રાખવા માટે દરેક પ્રયાસ કર્યો છે. પરંતુ મારે કહેવું જ જોઈએ કે હું 'માતા' નથી, અને તેની પાછળ એક અલગ વાર્તા છે. શ્રીલીલાએ સમજાવ્યું કે આ સફર તેની પહેલી કન્નડ ફિલ્મ " કિસ " (૨૦૧૯) થી શરૂ થઈ હતી. ફિલ્માંકન દરમિયાન, દિગ્દર્શક તેને એક આશ્રમમાં લઈ ગયા, જ્યાં તેણીએ ગહન પરિવર્તનનો અનુભવ કર્યો. ૨૦૨૨ માં, તેણે આશ્રમમાંથી બે દિવ્યાંગ બાળકો, ગુરુ અને શોભિતાને દત્તક લીધા.



ભારતી સિંહે બીજા બાળકને જન્મ આપ્યો

# ભારતી સિંહે પોતાના પુત્રના જન્મ પછી કામ ઉપર પાછી ફરી



ભારતી સિંહે તાજેતરમાં પોતાના બીજા બાળકને જન્મ આપ્યો. કોમેડી ક્વીને ૧૯ ડિસેમ્બરે પોતાના બીજા બાળકનું દુનિયામાં સ્વાગત કર્યું, અને હવે, ડિલિવરીના ૨૦ દિવસની અંદર, ભારતી કામ પર પાછી ફરી છે. ભારતી કલર્સ ટીવીના લોકપ્રિય શો "લાફ્ટર શેફ્સ સીઝન ૩" ને હોસ્ટ કરતી જોવા મળશે. આ લોકપ્રિય શોનું શૂટિંગ નવા વર્ષની શરૂઆત સાથે શરૂ થયું હતું, જેમાં કૃષ્ણા અભિષેક, કાશ્મીરા શાહ, ગુરમીત ચૌધરી, દેબીના બોનરજી, જન્નત ઝુબૈર, કરણ કુન્દ્રા અને એલ્વિશ યાદવ જેવી હસ્તીઓ હતી. જોકે, ભારતી સિંહે લાઈમલાઈટ ચોરી લીધી. શોમાં પાછા ફર્યા બાદ, ભારતીએ બધાને મીઠાઈઓ પણ વહેંચી. "લાફ્ટર શેફ્સ સીઝન ૩" ના સેટ પર પાછી ફરેલી ભારતી સિંહે તેના બીજા બાળક કાજુના આગમનની ઉજવણી ત્યાં હાજર પાપારાઝીઓને મીઠાઈઓ આપીને કરી. આ દરમિયાન, કોઈએ પૂછ્યું કે કાજુ ક્યાં છે અને ભારતી તેનો તેના બીજા પુત્ર સાથે ક્યારે પરિચય કરાવશે. ભારતીએ જવાબ આપ્યો, "ગોલા અને કાજુ બંને ઘરે છે, અને જ્યારે તમે કેમેરા વિના મને મળવા આવશો, ત્યારે હું ચોક્કસપણે તમને કાજુનો પરિચય કરાવીશ." ભારતીએ કહ્યું, "કાજુ આવી ગઈ છે, મને લાગ્યું કે કિસમિસ આવશે." આ દરમિયાન, એક પાપારાઝીએ કહ્યું, "કાજુ પછી કિસમિસ આવી રહી છે." આ સાંભળીને ભારતી સિંહ ચોંકી ગઈ અને કહ્યું, "શું મારે આ કરવાનું ચાલુ રાખવું જોઈએ? મારે પણ શૂટિંગ છે. ગોલા અને કાજુ પૂરતા છે." આ પછી, ભારતીએ મજાકમાં તેના પતિ હર્ષ પર આરોપ લગાવ્યો અને કહ્યું, "આપણે પ્રયાસ કરતા રહીશું." ભારતી સિંહે ૨૦૧૭ માં હર્ષ લિંબાચિયા સાથે લગ્ન કર્યા. લગ્નના પાંચ વર્ષ પછી, ભારતીએ તેના પહેલા પુત્ર, લક્ષ્ય, જેને ગોલા તરીકે પણ ઓળખવામાં આવે છે, તેને જન્મ આપ્યો. આ દંપતીએ એપ્રિલ ૨૦૨૨ માં ગોલાનું વિશ્વમાં સ્વાગત કર્યું.

રણવીર સિંહે પણ જવાબ આપ્યો

# યશ રાજ ફિલ્મ્સે પણ 'ધુરંધર'ની પ્રશંસા કરતી એક પોસ્ટ શેર કરી

રણવીર સિંહની 'ધુરંધર'નો જાદુ બોક્સ ઓફિસ પર ચમકતો રહે છે. ૫ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ રિલીઝ થયેલી, આ ફિલ્મ દર્શકોમાં મજબૂત રીતે સ્થાપિત થઈ ગઈ છે, તેના તમામ પુરોગામીઓને અવ્યવસ્થિત સ્થિતિમાં મૂકીને. આદિત્ય ધર દ્વારા દિગ્દર્શિત, આ સ્પાય થ્રિલર ફિલ્મે વિશ્વભરમાં ૧૨૪૭ કરોડથી વધુ કમાણી કરી છે. આ સાથે, ધુરંધર એક જ ભાષા (હિન્દી) માં સૌથી વધુ કમાણી કરનારી ભારતીય ફિલ્મ બની ગઈ છે, જે અલ્લુ અર્જુન અભિનીત ફિલ્મ 'પુષ્પા ૨' ના હિન્દી વર્ઝનને પાછળ છોડી ગઈ છે. યશ રાજ ફિલ્મ્સ (વાયઆરએફ)એ હવે 'ધુરંધર' ની ઐતિહાસિક સફળતાની ઉજવણી કરતી એક પોસ્ટ શેર કરી છે, જેના પર રણવીર સિંહે પણ પ્રતિક્રિયા આપી છે. રણવીર સિંહે વાયઆરએફ ફિલ્મથી પોતાની અભિનય કારકિર્દીની શરૂઆત કરી હતી. રણવીર સિંહે યશ રાજ ફિલ્મ્સની 'બેન્ડ બાજા બારાત' થી પોતાની અભિનય કારકિર્દીની શરૂઆત કરી હતી, જેમાં અનુષ્કા શર્મા મુખ્ય ભૂમિકામાં હતી. બેન્ડ બાજા બારાત માત્ર બોક્સ ઓફિસ પર સફળ રહી ન હતી, પરંતુ રણવીર સિંહને તેના અભિનય માટે ઘણી પ્રશંસા પણ મળી હતી. રણવીરે તેની પહેલી ફિલ્મ સાથે જ ઉદ્યોગમાં મજબૂત હાજરી સ્થાપિત કરી હતી અને વર્ષોથી ઉદ્યોગના સૌથી સફળ કલાકારોમાંનો એક રહ્યો છે.

# તમન્ના ભાટિયા અને વિજય વર્માના નજીકના મિત્રને તેની ભૂતપૂર્વ પત્ની સાથે પ્રેમ થઈ ગયો



કંતારા, કમાન્ડો અને હેટ સ્ટોરી જેવી ફિલ્મોમાં પોતાના શક્તિશાળી અભિનય માટે પ્રશંસા મેળવનાર અભિનેતા ગુલશન દેવૈયા ફરીથી પ્રેમમાં છે. ગુલશનના લગ્ન ૨૦૧૨ માં થયા અને ૨૦૨૦ માં છૂટાછેડા થયા. પરંતુ છૂટાછેડા પછી થોડા સમય પછી, ગુલશન ફરીથી પ્રેમમાં પડ્યો. આશ્ચર્યજનક રીતે, તે તેની ભૂતપૂર્વ પત્ની સાથે પ્રેમમાં પડી ગયો છે અને છૂટાછેડા પછી ફરીથી તેની સાથે ડેટિંગ કરી રહ્યો છે. ગુલશને તાજેતરમાં આ વાતનો ખુલાસો કર્યો. તમન્ના ભાટિયા અને વિજય વર્માના નજીકના મિત્ર ગુલશને અગાઉ તેમના સંબંધોનો ખુલાસો કર્યો હતો. હવે, ગુલશને તાજેતરમાં ખુલાસો કર્યો કે તે તેની ભૂતપૂર્વ પત્નીને ડેટ કરી રહ્યો છે. ચાલો જાણીએ કે ગુલશનની ભૂતપૂર્વ પત્ની કોણ છે, જેની ગ્રીક સુંદરતાએ ગુલશનને ફરીથી સ્તબ્ધ કરી દીધો છે.ગુલશન દેવૈયાએ અનુરાગ કશ્યપની ૨૦૧૦ ની ફિલ્મ "ધ ગર્લ ઈન યલો બૂટ" થી પોતાની કારકિર્દીની શરૂઆત કરી. આ ફિલ્મે તેમને નોંધપાત્ર ઓળખ અને બોલિવૂડમાં કારકિર્દી લાવી. આ સમય દરમિયાન, તેઓ સુંદર ગ્રીક અભિનેત્રી કિલોરી તેજૈપ્તાને મળ્યા. તેઓ મિત્રો બન્યા અને પ્રેમમાં પડ્યા.

રાધિકાએ ઇન્ટરવ્યુમાં ફિલ્મોમાં વધી રહેલાં ટોક્સિક પાત્રો વિશે વાત કરી

# બળજબરી અને તાકાતને પ્રેમ ગણાવતાં પાત્રોથી હું ત્રાસી ગઈ છું : રાધિકા આપ્ટે

## બીજા વ્યક્તિને ખુશ જોવી એ પ્રેમ છે, પણ તેમને બળજબરી આજ્ઞાકારી બનાવવા એ પ્રેમ નથી

જ્યારથી રણબીર કપૂરની એનિમલ રિલીઝ થઈ ત્યારથી આલ્ફા મેલ અને ટોક્સિસિટીની ચર્ચાઓ વારંવાર થતી આવી છે. આવાં જ પ્રકારના પ્રેમનું સ્વરૂપ તાજેતરમાં રીરિલીઝ થયેલી એક દિવાને કી દિવાનિયત અને તાજેતરમાં રિલીઝ થયેલી ક્રિતિ સેનન અને ધનુષની તેરે ઇશ્ક મેં જોવા મળ્યું. ત્યારે તાજેતરમાં ઓટીટી પર આવેલી રાધિકા આપ્ટેની ફિલ્મ સાલી મહોબ્બત સદર્ભે આપેલા એક ઈન્ટરવ્યુમાં તેણે જણાવ્યું કે આપણે આવા ઉગ્ર અને ઘાતકી પ્રેમને મહત્વ આપવાનું બંધ કરવું જોઈએ.રાધિકાએ કહ્યું, "એ જ તકલીફ છે, મને નથી લાગતું કે ફિલ્મોમાં જે બને છે, તે માત્ર પ્રેમની તીવ્રતાને કારણે બને છે. તે બિલકુલ અન્યાય અને તેની સાથે થતાં વર્તનને કારણે બને છે. કોઈ તમારા ગળાંડૂબ પ્રેમમાં કે દુનિયામાં કોઈની પણ સાથે આવું વર્તન કરે તેને હું ફિલ્મમાં ચમકાવી ન શકું. આપણે તેને જે રીતે જોઈએ છીએ તે દૃષ્ટિકોણમાં ખોટા પડી રહ્યાં છીએ. કોઈ સાથે વારંવાર જ્યારે ખરાબ વર્તન કે અન્યાય થાય ત્યારે વ્યક્તિ આવો પ્રતિસાદ આપે છે."રાધિકાએ આગળ કહ્યું, "આપણી સંસ્કૃતિમાં આપણે આવા વર્તનને પ્રેમ ગણાવી દઈએ છીએ, પરંતુ આપણે બીજાને ખુશ કરવા માટે જ્યારે આપણી ખુશીઓ સાથે વારંવાર સમાધાન કરવું પડે એ પ્રેમ ન હોઈ શકે. આ વાત સાથે હું સમહત નથી."રાધિકાએ ભારપૂર્વક કહ્યું કે બોલિવૂડમાં આપણે ઘણી વખત કોઈ તમારા પર બળજબરી કરે તેને ઊંડા પ્રેમમાં ખપાવી દઈએ છીએ, જે સાચું નથી. "પછી તે પતિ હોય, પતિનો પરિવાર હોય કે તમારા પોતાના મા બાપ, એમને સાંભળો અને એ લોકો જેમ કહે તેમ જ કરો એને પ્રેમ ન કહેવાય. કોઈ તમારી ખુશીઓનું બલિદાન આપીને તેઓ કહે એમ જ તમે કરો એવી અપેક્ષા રાખે તો એ પ્રેમ નથી. બીજા વ્યક્તિને ખુશ જોવી એ પ્રેમ છે, પણ તેમને બળજબરી આજ્ઞાકારી બનાવવા એ પ્રેમ નથી. એ તાકાત અને બળજબરી છે. હું આવી બાબતોને પ્રેમ અને સન્માન તરીકે ગણાવાતું જોઈ હવે ત્રાસી ગઈ છું."તે માને છે કે ઇન્ડસ્ટ્રીએ આ બંધ કરવું જોઈએ, રાધિકાએ કહ્યું, "એ ભયાનક અને દયાજનક છે. મને લાગે છે, આપણે આવી ફિલ્મો બનાવવાનું અને આવી વાર્તાઓ કહેવાનું બંધ કરી દેવું જોઈએ. આપણે વળગણ અને બળજબરીને જુસ્સો અને પ્રેમ ગણાવીને ભુલ કરી



સલમાન ખાન હાલ તેની આવનારી ફિલ્મ બેટલ ઓફ સગલવાનમાં વ્યસ્ત

# પોલીસ, સ્પાય અને વોર હિરોની ફિલ્મો પછી સલમાન એક્શન કોમેડી કરશે




સલમાન ખાન હાલ તેની આવનારી ફિલ્મ બેટલ ઓફ સગલવાનમાં વ્યસ્ત છે, પરંતુ તેના પછી તે રાજ એન્ડ ડીકે સાથે એક એક્શન કોમેડી ફિલ્મ અંગે ચર્ચાઓના તબક્કામાં છે. રાજ નિદિમોરુ અને ક્રિશ્ના ડિકે ઓટીટી અને એક્શન થ્રિલરની દુનિયાના જાણીતા મેકર્સ છે. આ અંગે કોઈ પ્રકારની માહિતી જાહેર કરવામાં આવી નથી, પરંતુ એવી ચર્ચા છે કે સલમાન ખાન લાંબા સમય પછી ફરી એક વખત એક્શન કોમેડી ફિલ્મ કરવા વિચારી રહ્યો છે. આ અંગેના અહેવાલો અનુસાર, હજુ આ ચર્ચા પ્રારંભિક તબક્કામાં છે. રાજ અને ડિકે એક્શન ફિલ્મમાં પણ ધારદાર હાસ્ય ઉમેરવા માટે જાણીતા છે, જો બધું યોગ્ય દિશામાં ચાલ્યું તો તેઓ એક મોટા સ્કેલની ફિલ્મ બનાવવા માગે છે. જો આ ચર્ચાઓ સફળ રહી તો સલમાન પહેલી વખત રાજ અને ડિકે સાથે કામ કરશે. રાજ અને ડિકે માટે પણ એક નોંધપાત્ર કમર્શીયલ ફિલ્મ હશે.આ અંગે એક સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, "સલમાન ખાને પ્રાથમિક વાર્તા સાંભળી હતી અને તેને રસ પણ પડ્યો છે. ભલે આ એક એક્શન ફિલ્મ હોવા છતાં સલમાન તેમાં અલગ અંદાજમાં જોવા મળશે. જોકે, હજુ તેણે આખરી સંમતિ આપી નથી. જો બધું સમું સૂતરું રહ્યું અને સલમાન આ ફિલ્મ કરશે તો મેકર્સ ૨૦૨૬ના અંત સુધીમાં ફિલ્મનું શૂટ શરૂ થઈ જશે. હાલ તો બધું સ્ક્રિપ્ટ અને અન્ય સર્જનાત્મક બાબતો પર કામ કરવાના તબક્કામાં છે."હજુ તેની ચર્ચાઓ પ્રાથમિક તબક્કામાં હોવાથી કોઈ જ જાહેરાત કરવામાં આવી નથી. એક વખત સ્ક્રિપ્ટ અને ફિલ્મ કઈ રીતે બનાવવી છે, તે બધું બિલકુલ નક્કી થઈ જાય પછી જાહેરાત થઈ શકે છે. બંને પક્ષ ઈચ્છે છે કે દર્શકોને કશુંક નવું જોવા મળે સાથે જ સામાન્ય જનતા અને સલમાનના ફૅનને પણ એ જોવામાં મનોરંજન મળે.હાલ તો સલમાન બેટલ ઓફ ગલવાનનાં કામમાં વ્યસ્ત છે. આ ફિલ્મ ૧૫ જુન ૨૦૨૦ના રોજ ગલવાન ખીણમાં ભારત અને ચીનની સેના વચ્ચે થયેલી અથડામણ પર આધારીત છે. જેમાં ૨૦૦ સૈનિકોએ ૧૨૦૦ ચાઈનીઝ સૈનિકોનો સામનો કર્યો હતો.

# કલ્યાણી પ્રિયદર્શન સુપરવુમન પછી હવે ઝોમ્બી ફિલ્મમાં જોવા મળશે

મલયાલમ સુપર હિરો ફિલ્મ લોકાહ ચેપ્ટર ૧ – ચંદ્રા એક બ્લોકબસ્ટર ફિલ્મ રહી છે, જેમાં કલ્યાણીએ એક સુપરવુમનનો રોલ કર્યો હતો. હવે તેને રણવીર સિંહની ઝોમ્બી થ્રિલર ફિલ્મ પ્રલય માટે લીડ રોલમા કાસ્ટ કરવામાં આવી છે. તેનાથી કલ્યાણી પ્રિયદર્શન બોલિવૂડમાં ડેબ્યુ કરી રહી છે. આ વર્ષે જુલાઈ કે ઓગસ્ટમાં આ ફિલ્મનું શૂટ શરૂ થશે. આ એક મોટો પ્રોજેક્ટ છે, જેમાં રણવીર સિંહ લીડ રોલમાં હશે. જય મહેતા પણ આ ફિલ્મથી ફીચર ફિલ્મમાં ડિરેક્ટર તરીકે ડેબ્યુ કરશે. આ પહેલાં જય મહેતાએ સ્કેમ ૧૯૯૨-ધ હર્ષદ મહેતા સિરિઝમાં કો ડિરેક્ટર તરીકે કામ કર્યું હતું અને વધુ એક સિરીઝ લૂટેરે પણ ડિરેક્ટ કરી હતી. આ એક એવી ફિલ્મ છે, જેમાં પ્રલય પછીના વિશ્વમાં હિરો બચી જવા માટે ઝઝુમે છે અને નવું વિશ્વ ખડું કરવાની પ્રક્રિયા છે. એક અહેવાલ મુજબ જય મહેતા આ ફિલ્મમાં મુંબઈ એક અલગ વિશ્વ તરીકે કલ્પના કરે છે, જેમાં ધ હંગર ગેમ્સ જેવો સેટ હશે. આ અહેવાલમાં કહેવાયું છે, "શહેરનો મોટા ભાગનો હિસ્સો ડિજિટલ દુનિયા બની ગયો હશે અને તેને વેરાન બતાવવામાં આવશે. આ ફિલ્મનો ઘણો હિસ્સો મુંબઈમાં શૂટ કરવામાં આવશે, ત્યાર પછી તેને અન્ય લોકોશન પર શૂટ કરવામાં આવશે."રણવીર સિંહે ૨૦૨૫માં સૌથી મોટી ફિલ્મ ધુરંધર આપી છે, જે આદિત્ય ધર દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે.

તમન્ના ભાટિયા ભારતની ટોચની અભિનેત્રીઓમાંની એક

# તમન્ના ભાટિયાએ ગોવામાં ૬ મિનિટના પર્ફોર્મન્સ માટે ૬ કરોડ ચાર્જ લીધો



અભિનેત્રી તમન્ના ભાટિયા ભારતની ટોચની અભિનેત્રીઓમાંની એક છે. તેણીએ તેના પર્ફોર્મન્સથી ચાહકોના દિલ જીતી લીધા છે. અભિનેત્રીના આઈટમ નંબર ઘણીવાર વાયરલ થાય છે. "આજ કી રાત" અને "ગફ્ફર" જેવા તેના ગીતો ખૂબ જ હિટ બન્યા. તાજેતરમાં, ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ, તેણીએ ગોવાના એક ક્લબમાં નવા વર્ષની પૂર્વ સંધ્યાએ એક કાર્યક્રમમાં પરફોર્મ કર્યું. તમન્નાએ તેના ડાન્સ પર્ફોર્મન્સથી સ્ટેજ પર આગ લગાવી દીધી.તેનો ડાન્સ પર્ફોર્મન્સ વાયરલ થયો છે. તમન્ના વાદળી રંગના પોશાકમાં ખૂબ જ સુંદર દેખાતી હતી. તેના ડાન્સ વીડિયો પણ વાયરલ થયા છે.આ ડાન્સ નંબર માટે તમન્નાની ફી પણ વાયરલ થઈ રહી છે. અહેવાલ મુજબ, તમન્નાએ ૬ મિનિટના પર્ફોર્મન્સ માટે રૂા. ૬ કરોડ ફી લીધી હતી. આ મોટી ફીની ચર્ચા થઈ રહી છે. તમન્ના ડાન્સ નંબર માટે સૌથી વધુ કમાણી કરતી અભિનેત્રીઓમાંની એક છે.તમન્નાના ગીતો "જૈલર કા કવલા" (સ્ત્રી ૨), "આજ કી રાત" (આજ કી રાત) (સ્ત્રી ૨), અને "નશા" (રેડ ૨) ખૂબ જ હિટ રહ્યા હતા, જેને લાખો વ્યૂ મળ્યા હતા. તેણીએ ફિલ્મ "રેડ ૨" માટે રૂા. ૫ કરોડ ફી લીધી હતી.

# દીપિકા પાદુકોણ હવે રોમેન્ટિક કોમેડી ફિલ્મ કરવા માગે છે



એક્ટર દીપિકા પાદુકોણ ૫ જાન્યુઆરીએ ૪૦ વર્ષ પૂરાં કર્યા છે, તેના આ જન્મદિવસની ઉજવણી પહેલાં તેણે એક ફૅનમીટનું આયોજન કર્યું હતું. જેનો એક વીડિયો વાયરલ થયો છે, જેમાં તેણે રોમ-કોમમાં કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી, જેમાં તેના ફૅને આ ફિલ્મ તે રણવીર સિંહ, રિતિક રોશન કે શાહરુખ ખાન સાથે કરે એવી ઈચ્છા વ્યક્ત કરી હતી. દીપિકાને જ્યારે તે રોમકોમમાં ક્યારે કામ કરશે એવું પૂછાયું તો જવાબમાં તેણે કહ્યું, "મને આશા છે કે બહુ જલ્દી. જેમ તમે બધાં જ જાણો છો કે આ મારું સૌથી ગમતું જોનર છે, એક દર્શક તરીકે પણ અને એક કલાકાર તરીકે પણ. મને થોડું એવું થાય છે કે હાલનો માહોલ કે વાતાવરણ એવો છે..કે દર્શકોને હાલ કશુંક અલગ જોઈએ છે. પરંતુ તમારામાંથી વધારે દર્શકોને રોમકોમ જોવી હોય તો, તો મને લાગે છે કે મોટા ભાગના દર્શકોને પણ એવી ઈચ્છા હશે."કેટલાંક લોકોઆ આ વખતે દીપિકાને રિતિક રોશન સાથે કામ કરે એવી કે પછી બે હિરોની સ્ટોરીવાળી ફિલ્મ કરે એવી ઈચ્છા પણ વ્યક્ત કરી હતી. લોકોએ તેને શાહરુખ, રણવીર સિંહ અથવા રિતિક સાથે કામ કરવાની પણ ઈચ્છા વ્યક્ત કરી હતી. તો આ વખતે દીપિકાએ કહ્યું હતું, "ધુરંધરને બધું તો બરાબર છે."ત્યારે દીપિકાએ લોકોને એમ પણ પૂછ્યું હતું કે તેણે ઓટીટી પર રોમકોમ કરવી જોઈએ કે પછી થિએટરમાં રિલીઝ થવી જોઈએ. સાથે દીપિકાએ એમ પણ કહ્યું હતું કે હાલ ડિરેક્ટર્સ અને પ્રોડ્યુસર્સ આવી હળવી ફિલ્મને સહકાર આપવામાં રસ લેતા નથી. તેણે કહ્યું, "આ એક એવો વિષય છે, જેના માટે મારી ટીમ અને હું પણ સતત કશુંક શોધ્યાં કરીએ છીએ. અમે સતત કોઈ ડ્રામા, લવ સ્ટોરી કે રોમકોમ જેવા જોનરની ફિલ્મ શોધ્યા કરીએ છીએ. પણ મને લાગે છે કે ઘણા ઓછા પ્રોડ્યુસર્સ આ પ્રકારની ફિલ્મ બનાવે છે અથવા તો ઘણા ઓછા લેખકો આવી ફિલ્મ લખી રહ્યા છે."દીપિકા છેલ્લે કલકિ ૨૮૯૮ એડી અને પછી સિંઘમ અગેઇનમાં જોવા મળી હતી. હવે તે શાહરુખ સાથે સિદ્ધાર્થ આનંદની કિંગમાં કામ કરી રહી છે અને પછી અટલીની અલ્લુ અર્જુન સાથેની સાઇ ફાઇ ફિલ્મમાં પણ કામ કરી રહી છે.

અમદાવાદ એરપોર્ટ પર પાર્કિંગ ચાર્જનો વિવાદ

# કેશ પેમેન્ટ કરનારને રૂ. 100 વધુ ચૂકવવા પડશે, કૂપન ખોવાય તો રૂ. 500 દંડ

• અમદાવાદ

અમદાવાદ સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પાર્કિંગના નવા નિયમોને લઈને ફરી એકવાર વિવાદ વકર્યો છે. એરપોર્ટ ઓથોરિટી દ્વારા ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવાના નામે લેવાયેલા નિર્ણય મુજબ, જો કોઈ મુસાફર કે તેમના પરિવારજનો પાર્કિંગ ચાર્જની ચુકવણી રોકડમાં કરશે, તો તેમણે નિયત ચાર્જ ઉપરાંત વધારાના 100 રૂપિયા દંડ સ્વરૂપે ચૂકવવા પડશે. આ નવા નિયમને કારણે મુસાફરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને લોકો તેને 'ખુલ્લી લૂંટ' ગણાવી રહ્યા છે. સામાન્ય રીતે ઈન્ટરનેશનલ ફ્લાઈટમાં જતા સ્વજનોને મૂકવા આવતા લોકો વધુ સામાનને કારણે પોતાની ખાનગી ગાડી લઈને એરપોર્ટ આવતા હોય છે.




અત્યાર સુધીના નિયમ મુજબ, અડધા કલાક માટે 50 રૂપિયા અને એક કલાક માટે 80 રૂપિયા પાર્કિંગ ચાર્જ વસૂલવામાં આવતો હતો. પરંતુ નવા નિયમ મુજબ, જો તમે અડધો કલાક ગાડી પાર્ક કરો અને 50 રૂપિયા કેશમાં આપવા માંગો, તો તમારે કુલ 150 રૂપિયા ચૂકવવા પડશે. તેવી જ રીતે 80 રૂપિયાના ચાર્જ સામે રોકડ ચુકવણી પર 180 રૂપિયા વસૂલવામાં આવશે, જે સામાન્ય ચાર્જ કરતા બમણાથી પણ વધુ છે. એરપોર્ટ પર પાર્કિંગ ચાર્જની સાથે અન્ય કડક નિયમો પણ મુસાફરોની મુશ્કેલી વધારી રહ્યા છે.

જો કોઈ મુસાફર ભૂલથી પણ પાર્કિંગની કુપન કે ટિકિટ ખોઈ નાખે, તો તેની પાસેથી સીધો 500 રૂપિયાનો દંડ વસૂલવામાં આવે છે. અમદાવાદ એરપોર્ટ પર અવારનવાર પાર્કિંગના દરો અને સુવિધાઓને લઈને વિવાદો સામે આવતા રહે છે. મુસાફરોનો આરોપ છે કે એરપોર્ટ મેનેજમેન્ટ માત્ર નફો કમાવવા પર ધ્યાન આપી રહ્યું છે અને સામાન્ય જનતાની સગવડને નજરઅંદાજ કરવામાં આવી રહી છે. સોશિયલ મીડિયા અને એરપોર્ટ પરિસરમાં આ 100 રૂપિયાના વધારાના 'કેશ હેન્ડલિંગ ચાર્જ' સામે પ્રવાસીઓ વિરોધ નોંધાવી રહ્યા છે અને આ અન્યાયી નિયમ પરત ખેંચવાની માંગ કરી રહ્યા છે.

જોખમી

ચાઈનીઝ દોરી માણસ, પક્ષીઓ અને પ્રાણીઓ માટે જોખમી

# સાણંદ પોલીસે 36,500 રૂપિયાની પ્રતિબંધિત ચાઈનીઝ દોરી જપ્ત કરી, કિશોરની અટકાયત

**ઉત્તરાયણમાં પ્રતિબંધ વસ્તુઓ પર લગામ કસવા મોટા પાયે ડ્રાઈવ**

• સાણંદ

ઉત્તરાયણ પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, નામદાર કોર્ટનો આદેશ હોવા છતાં પણ ચાઈનીઝ દોરીનું મોટાપાયે ગેરકાયદે વેચાણ થઈ રહ્યું છે, તેના પર ગાળિયો કસવા ચાઈનીઝ દોરી વેચનારા અને વાપરનારા પર તંત્ર કડક હાથે કામ લઈ રહ્યું છે. ત્યારે સાણંદ પોલીસ હવે સફાળી જાગી છે, વાહનમાં છુપાયેલા પ્રતિબંધિત ચાઈનીઝ પતંગની દોરીના 65 રીલ જપ્ત કરી એક કિશોરની ધરપકડ કરી છે. સાણંદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી FIR (ફસ્ટ ઈન્ફોર્મેશન રિપોર્ટ) મુજબ, નિયમિત પેટ્રોલિંગ દરમિયાન પોલીસને બાતમી મળી હતી, જે આધારે કરવામાં આવેલી કાર્યવાહીમાં સાણંદ પધારા સોસાયટી નજીક એક હ્યુન્ડાઈ કારને અટકાવવામાં આવી હતી, જેના ચેકિંગ દરમિયાન છુપાવેલા પ્રતિબંધિત ચાઈનીઝ પતંગની દોરીના 65 રીલ મળી આવ્યા હતા. સ્થળ પર જ સાણંદના રહેવાસી 19 વર્ષના એક કિશોરની ધરપકડ કરવામાં આવી હતી. જેની પૂછપરછ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે આ માલ સાણંદ તાલુકાના મોડાસર ગામના રહેવાસી મિત્રસિંહ ચાવડા પાસેથી મંગાવવામાં આવ્યો હતો, જે ઘટનાસ્થળે હાજર નહોતો અને હાલમાં ફરાર છે.



પોલીસે વધુમાં જણાવ્યું હતું કે, જપ્ત કરાયેલા સામાનમાં મોનો સ્કાય બ્રાન્ડના 45 રીલ, જેની કિંમત રૂ. 22,500 છે અને વેલિન મોનો બ્રાન્ડના 20 રીલ, જેની કિંમત રૂ. 14,000 છે, કુલ રૂ. 36,500નો માલસામાન મળી આવ્યો હતો, જેની હેરફેરમાં ઉપયોગમાં લેવાયેલી કારની પણ જપ્તી કરવામાં આવી હતી. જે મળી કુલ 5.36 લાખનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો છે. આદેશોનું ઉલ્લંઘન કરવા બદલ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. તેમજ સપ્લાયરને શોધવા અને પ્રતિબંધિત સામગ્રી ક્યાંથી આવે છે તેની સપ્લાઈ ચેન પકડવા પોલીસે કવાયત તેજ કરી છે. મહત્વનું છે કે ગુજરાત હાઈકોર્ટ દ્વારા ચાઈનીઝ દોરી અને પ્રતિબંધિત તુક્કલ જેવી જીવલેણ વસ્તુઓનું વેચાણ, સંગ્રહ કે વપરાશ કરનાર સામે કડકમાં કડક પગલાં લેવાનો આદેશ અપાયો છે. કોર્ટે તમામ જિલ્લા પોલીસ વડાઓને નિર્દેશ કર્યો છે કે પ્રતિબંધિત વસ્તુઓના વેચાણ અંગેનો ડે-ટુ-ડે (રોજિંદો) રિપોર્ટ રજૂ કરવાનો રહેશે. જે અનુસંધાને હાલ ગુજરાતના તમામ પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં ચાઈનીઝ દોરી અને ઉત્તરાયણમાં પ્રતિબંધ વસ્તુઓ પર લગામ કસવા મોટા પાયે ડ્રાઈવ તેમજ દરોડા કરી રહી છે. આ સાથે પોલીસ અપીલ પણ કરી રહી છે કે ચાઈનીઝ દોરી માણસ, પક્ષીઓ અને પ્રાણીઓ માટે જોખમી છે લોકો તેનું વેચાણ અને ખરીદી ટાળે.

ગાંધીનગરથી અમદાવાદ સિવિલ ટ્રાન્સફર કરાતા જીવ બચ્યો

# ગાંધીનગરમાં 108 એમ્બ્યુલન્સથી નવજાત બાળકને નવજીવન મળ્યું

હાશકારો

સમયસર સારવાર મળતાં બાળકનો જીવ બચી ગયો હતો

• ગાંધીનગર

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જન્મેલા એક નવજાત બાળકને ગંભીર હાલત થતાં 108 એમ્બ્યુલન્સ દ્વારા અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યું હતું. સમયસર સારવાર મળતાં બાળકનો જીવ બચી ગયો હતો. દહેગામ તાલુકાના બહિયલ ગામના આરતીબેનને ડિલિવરી માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરાયા હતા. જન્મ સમયે બાળકના કેટલાક અંગો શરીરની બહાર હોવાથી તેની હાલત અત્યંત ગંભીર હતી. આથી, તેને તાત્કાલિક વિશેષ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવાની જરૂર પડી. આ ગંભીર પરિસ્થિતિમાં સાંજે 6:30 વાગ્યે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ તરફથી IFT 108 એમ્બ્યુલન્સને ઈમરજન્સી કોલ મળ્યો હતો. કોલ મળતાં જ 108 ટીમ તાત્કાલિક સક્રિય બની અને વિલંબ કર્યા વિના નવજાત બાળકને લેવા પહોંચી. સ્થળ પર પહોંચીને 108ના ઈએમટી રોશનીબેન ગોસ્વામીએ બાળકની સ્થિતિનું મૂલ્યાંકન કર્યું. તેમણે તાત્કાલિક પ્રાથમિક સારવાર, તાપમાન નિયંત્રણ, ઓક્સિજન સપોર્ટ અને સતત મોનિટરિંગ શરૂ કર્યું. પાયલોટ શ્યામલસિંહે એમ્બ્યુલન્સને ઝડપથી અને સુરક્ષિત રીતે અમદાવાદ સિવિલ હોસ્પિટલ તરફ દોરી. 108ની સુવ્યવસ્થિત કામગીરી અને ટીમવર્કના કારણે નવજાત બાળકને સમયસર અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સલામત રીતે પહોંચાડવામાં આવ્યું. સમયસર સારવાર મળતાં બાળકની હાલતમાં સુધારો થયો, જેનાથી પરિવારજનોમાં ખુશીનો માહોલ છવાઈ ગયો. પરિવારજનોએ108 સેવા અને ટીમના સભ્યોનો આભાર વ્યક્ત કર્યો. આ સફળ કામગીરી બદલ ઈએમટી રોશનીબેન અને પાયલોટ શ્યામલસિંહની પ્રશંસા કરવામાં આવી હતી. ઈએમઈ જૈમીન પટેલ, પીએમ કમલેશ પઢિયાર અને ERCP ડોક્ટર રુચિએ પણ ટીમની સમયસૂચકતા, સમર્પણ અને માનવતાને બિરદાવી હતી. 108 એમ્બ્યુલન્સ સેવા રાજ્યમાં ઈમરજન્સી આરોગ્ય સેવાઓ માટે જીવનરેખા સમાન સાબિત થઈ રહી છે. આ કિસ્સામાં પણ 108ની ઝડપી અને અસરકારક કામગીરીના કારણે નવજાત બાળકને નવજીવન મળ્યું, જે આ સેવાના મહત્ત્વને ફરી એકવાર સાબિત કરે છે.



# ગાંધીનગરમાં મનપાના પૂર્વ પદાધિકારીની પુત્રીએ નશામાં ચૂર બે નબીરાને બરોબરનો પાઠ ભણાવ્યો

**પોલીસે 10 લાખની ફોર્ચ્યુનર જપ્ત કરી**

• ગાંધીનગર

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના પૂર્વ પદાધિકારીની દીકરીએ બતાવેલી હિંમતની ઠેર-ઠેર પ્રશંસા થઈ રહી છે. મોડીરાત્રે એરપોર્ટ પરથી પરત ફરતી યુવતીની નજીવી બાબતે કાર રોકી માથાકૂટ કરનાર માણસાના બે નબીરાને યુવતીએ ફિલ્મી ઢબે પીછો કરી પોલીસના હવાલે કરાવ્યા છે. આ અંગે પોલીસે 10 લાખની ફોર્ચ્યુનર કાર જપ્ત કરી બન્ને નબીરા વિરુદ્ધ ગુનો નોંધી હવાલાતની હવા ખવડાવી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. કંટ્રોલ રૂમની વર્ધીના આધારે 112 પોલીસ વાન દ્વારા એક સફેદ કલરની ફોર્ચ્યુનર કાર (નંબર GJ-18-BS-4024) ને અટકાવવામાં આવી હતી. આ ગાડી રિલાયન્સ સર્કલથી શાહપુર સર્કલ તરફ સર્વિસ રોડ પર સર્પાકાર રીતે અત્યંત જોખમી રીતે દોડી રહી હતી. પોલીસે ગાડી સવાર બંનેની પૂછતા તેમણે પોતાનું નામ ધવલ ગાંડાભાઈ ચૌધરી અને વિશાલ



મનુ ભાઈ મિસ્ત્રી (બંને રહે. ભીમપુરા, તા. માણસા) હોવાનું જણાવ્યું હતું. પ્રાપ્ત વિગત મુજબ, મનપાના પૂર્વ પદાધિકારીની પુત્રી અમદાવાદ એરપોર્ટથી રાત્રિના સમયે પોતાની કારમાં ગાંધીનગર પરત ફરી રહી હતી. આ દરમિયાન એરપોર્ટ સર્કલ પાસે ફોર્ચ્યુનર કારમાં સવાર બે શખસે યુવતીની નજીવી બાબતે કાર આંતરી તેની સાથે અણછાજતું વર્તન કર્યું હતું અને ધાક-ધમકી આપી હતી. યુવતીએ જોયું કે, બંને ઈસમો દારૂના નશામાં ચૂર હતા. જો કે, માથાકૂટ કર્યા બાદ બંને શખસ પૂરપાટ ઝડપે ગાંધીનગર તરફ ભાગ્યા હતા. સામાન્ય રીતે આવી સ્થિતિમાં કોઈ પણ ડરી જાય, પરંતુ યુવતીએ હિંમત હાર્યા વગર પોતાની કાર તેમની પાછળ દોડાવી હતી. આ દરમિયાન તેણે તરત જ પોતાના પિતાને ફોન કરી સમગ્ર હકીકત જણાવી દીધી હતી. મામલો પોલીસ કંટ્રોલ રૂમ સુધી પહોંચતા પોલીસ એક્શનમાં આવી ગઈ હતી. ઈન્ફોસિટી પોલીસની ટીમે તાત્કાલિક રિલાયન્સ સર્કલ પાસે નાકાબંધી કરી હતી. દરમિયાન નશામાં ધૂત બંને શખસ સર્પાકાર ગતિએ કાર ચલાવી ત્યાં પહોંચતા જ પોલીસે તેમને આંતરી લીધા હતા. પૂછતાછમાં બંને માણસા તાલુકાના ભીમપુરા ગામના હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે બંનેને ગાડીમાંથી નીચે ઉતારી તેમનો નશો ઉતાર્યો હતો અને 10 લાખની કાર જપ્ત હતી. આ ઘટનાના પગલે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશન ખાતે પૂર્વ પદાધિકારી પણ દોડી ગયા હતા, પરંતુ પોલીસે કાયદેસરની કડક કાર્યવાહી કરી હોવાનું જોઈ તેઓ શાંત પડ્યા હતા. હાલ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આ યુવતીની હિંમતના ભારોભાર વખાણ થઈ રહ્યા છે. એકલે હાથે દારૂડિયા તત્વો સામે લડત આપી તેમને પકડાવવાની આ ઘટના ગાંધીનગરમાં ટોક ઓફ ધ ટાઉન બની છે.

# અમદાવાદી : કોંગ્રેસના નેતાઓએ પ્રદૂષિત પાણી મુદ્દે મેયર બંગલો પહોંચીને કર્યો હલ્લાબોલ

• અમદાવાદ

અમદાવાદ શહેરના અંદાજે 26 જેટલાં વિસ્તારોમાં પીવાનું ગંદુ પાણી આવતું હોવાની ફરિયાદ સાથે આજે(8 જાન્યુઆરી) કોંગ્રેસ દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશનની દાણાપીઠ કચેરી ખાતે ભારે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. શહેર કોંગ્રેસ પ્રમુખ સોનલ પટેલ, વિરોધ પક્ષના નેતા શહેઝાદ ખાન પઠાણ અને અનેક કાઉન્સિલરો તથા કાર્યકર્તાઓ હાથમાં પ્રદૂષિત પાણીની બોટલો અને પોસ્ટરો લઈને વિરોધમાં જોડાયા હતા. ગાંધીનગર અને ઈન્દોર જેવા શહેરોમાં દૂષિત પાણીથી થયેલી બીમારીઓ અને મોતના દાખલા આપીને તંત્રને જગાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. વિરોધ પ્રદર્શન દરમિયાન પ્રદર્શનકારીઓને રોકવા માટે મેયર ઓફિસની બહારની જાળીઓને તાળા મારી દેવામાં આવ્યા હતા. મેયર પ્રતિભા જૈનને આવેદનપત્ર આપવા પહોંચેલા વિપક્ષના નેતાઓ અને કાર્યકર્તાઓને અંદર પ્રવેશતા અટકાવવામાં આવતા વાતાવરણ ગરમાયું હતું. કાર્યકર્તાઓએ 'હાય રે મેયર' અને 'ભાજપ સરકાર હાય હાય' ના નારા લગાવી તંત્રની નિષ્ફળતા સામે રોષ વ્યક્ત કર્યો હતો અને મેયરને રૂબરૂ મળીને જનતાની સમસ્યા અંગે રજૂ કરવામાં આવી હતી. વિપક્ષના નેતા શહેઝાદ ખાન પઠાણે મેયર ઓફિસ બહાર દૂષિત પાણી ભરેલી બોટલ બતાવી નિવેદન આપતા જણાવ્યું હતું કે, 'આ કોઈ બ્લેક કોફી નથી, પરંતુ કોર્પોરેશન દ્વારા જનતાને પીરસવામાં આવતું ઝેર સમાન ગંદુ પાણી છે. જે જનતા નિયમિત ટેક્સ ભરે છે તેને ટાઈફોઈડ અને કોલેરા ભેટમાં મળી રહ્યા છે. જો આ પ્રદૂષિત પાણી પીવાથી શહેરમાં કોઈપણ નાગરિકનું મૃત્યુ થશે, તો તેની સંપૂર્ણ જવાબદારી મેયર અને મ્યુનિસિપલ તંત્રની રહેશે.'



**ઈજાગ્રસ્તો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે**

# અમદાવાદના બાપુનગરમાં સિગારેટ આપવાની ના પાડતા બે મિત્રો પર જીવલેણ હુમલો

• અમદાવાદ

અમદાવાદના બાપુનગર વિસ્તારમાં સામાન્ય બાબતમાં છરાથી બે યુવક પર હુમલો થયાની ઘટના સામે આવી છે. માત્ર એક સિગારેટ આપવાની ના પાડવા જેવી બાબતમાં માથાભારે શખ્સોએ બે યુવકો પર છરા વડે જીવલેણ હુમલો કર્યો હતો. જે બાદ ઘાયલ યુવકોને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા છે અને પોલીસે માથાભારે શખ્સો સામે ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટના અંગે મેઘાણીનગરમાં રહેતા 29 વર્ષીય કપિલભાઈ લખારાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. તેઓ બાપુનગરમાં આવેલી રાજ ફેશન નામની કપડાની



દુકાનમાં નોકરી કરે છે. ગત તારીખ 6 જાન્યુઆરી 2026ના રોજ રાત્રે 11.45 વાગ્યાની આસપાસ કપિલભાઈ અને તેમનો મિત્ર ક્રિષ્ણા ઉર્ફે છોટુ અરવિંદસિંગ તોમર કામ પતાવીને ઘરે જવા નીકળ્યા હતા. તે વખતે બે માથાભારે શખ્સે તેમની પાસે સિગારેટ માંગી હતી અને ના પાડતા છરાથી હુમલો કરીને ભાગી ગયા હતા. મળતી માહિતી મુજબ, કપિલભાઈ અને તેમના મિત્ર ક્રિષ્ણા તેમના શેઠની નવી દુકાનનું ઓપનિંગ હોવાથી કામ કરવા માટે મોડી રાત સુધી રોકાયા હતા. કામ પતાવીને જ્યારે તેઓ દીપક ગાર્મેન્ટની પાછળ પાર્ક કરેલું પોતાનું બાઈક લેવા ગયા, ત્યારે રાહુલ વિજયભાઈ પટણી અને વિકાસ નામનો અન્ય એક યુવક ત્યાં આવ્યા હતા. વિકાસે ક્રિષ્ણા પાસે સિગારેટની માંગણી કરી હતી, પરંતુ ક્રિષ્ણાએ સિગારેટ આપવાની ના પાડી દીધી હતી. આ સાંભળીને બંને આરોપીઓ ગુસ્સે થઈ ગયા હતા અને ગાળાગાળી શરૂ કરી હતી. કપિલભાઈએ ગાળો બોલવાની ના પાડતા રાહુલ પટણીએ પોતાની કમરમાંથી છરો કાઢી કપિલભાઈના જમણા હાથના અંગૂઠા અને આંગળીઓ પર ઝીંકી દીધો હતો. આ દરમિયાન બીજા આરોપી વિકાસે ક્રિષ્ણા ઉર્ફે છોટુના બરડાના ભાગે તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો. એટલામાં કપિલભાઈએ બૂમાબૂમ કરતા લોકો એકઠા થવાના ડરે બંને હુમલાખોરો ત્યાંથી ફરાર થઈ ગયા હતા.

### દિલ્હીના તુર્કમાન ગેટ વિસ્તારમાં એક મસ્જિદ નજીક અતિક્રમણ હટાવવા દરમિયાન હિંસા ફાટી નીકળી

# મસ્જિદ પાસેનું દબાણ હટાવવા જતા પોલીસ પર પથ્થરમારો, પાંચ ઘાયલ

## દિલ્હીના રામ લીલા મેદાન વિસ્તારમાં હિંસા : સગીર સહિત પાંચની ધરપકડ, ૧૦ થી ૧૫ને અટકાયતમાં લઇ પૂછપરછ કરાઇ, આકરી કલમો હેઠળ ફરિયાદ દાખલ

• નવીદિલ્હી,તા.૮

દિલ્હીના તુર્કમાન ગેટ વિસ્તારમાં એક મસ્જિદ નજીક અતિક્રમણ હટાવવા દરમિયાન હિંસા ફાટી નીકળી હતી. ગુસ્સે ભરાયેલા ટોળાએ ફૈઝ-એ-ઈલાહીની મસ્જિદ પાસે દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટાફ અને પોલીસ કર્મચારીઓ પર પથ્થરમારો કર્યો, જેમાં એસએચઓ સહિત પાંચ પોલીસકર્મીઓ ઘાયલ થયા. બેકાબૂ ટોળાને વિખેરવા માટે પોલીસે લાઠીચાર્જ અને ટીયરગેસના શેલ છોડવા પડયા. પાંચ તોફાનીઓની ધરપકડ કરવામાં આવી, જ્યારે ૨૫ અન્ય લોકોની અટકાયત કરવામાં આવી અને તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે.

પોલીસે બુધવારે સવારે ચાંદની મહેલ પોલીસ સ્ટેશનમાં વિવિધ કલમો હેઠળ એફઆઈઆર નોંધી છે. તણાવને ધ્યાનમાં રાખીને વિસ્તારમાં અર્ધલશ્કરી દળોની ઘણી કંપનીઓ તૈનાત કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા આરોપીઓમાં કાશિફ, મોહમ્મદ કૈફ, મોહમ્મદ અરીબ, અદનાન અને સમીરનો સમાવેશ થાય છે. અન્ય બદમાશોને ઓળખવા માટે સીસીટીવી કેમેરાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. વિસ્તારમાં ભીડ એકઠી થવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ઝોનલ ડેપ્યુટી કમિશનર વિવેક અગ્રવાલે જણાવ્યું હતું કે, 'હાઈકોર્ટના આદેશ પર, જૂની દિલ્હીના તુર્કમાન ગેટ વિસ્તારમાં મંગળવારે મોડી રાત્રે એક ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી, જેમાં ફૈઝ-એ-ઈલાહીની મસ્જિદની આસપાસની આશરે ૩૬,૦૦૦ ચોરસ ફૂટ જમીનને અતિક્રમણથી મુક્ત કરવામાં આવી હતી.'ઉત્તર પ્રદેશના રામપુરના સપા સાંસદ મોહિબુલ્લાહ નદવી પર ટોળાને ઉશ્કેરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. દિલ્હી પોલીસના વરિષ્ઠ અધિકારીઓ કહે છે કે આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે. દરમિયાન, નદવીએ આરોપોને ખોટા ગણાવતા કહ્યું કે તેઓ શાંતિ અને સૌહાર્દની અપીલ કરવા ગયા હતા. નદવીએ કહ્યું કે મસ્જિદ સમિતિને કાર્યવાહી કરતા પહેલા સમય આપવો જોઈતો હતો.દરગાહ ફૈઝ-એ-ઈલાહી પર એમસીડી દ્વારા કાર્યવાહી પહેલા, ઉત્તર પ્રદેશના રામપુરના સાંસદ



મોહિબુલ્લાહ નદવી તુર્કમાન ગેટ વિસ્તારમાં પહોંચ્યા હતા અને સ્થાનિક રહેવાસીઓ સાથે બેઠક યોજી હતી. સેન્ટ્રલ રેન્જ જોઈન્ટ કમિશનર મધુર વર્માએ જણાવ્યું હતું કે કેટલાક લોકો દ્વારા આમંત્રણ મળ્યા બાદ સપા સાંસદ મોહિબુલ્લાહ નદવી મંગળવારે રાત્રે લગભગ ૧૧:૧૫ વાગ્યે તુર્કમાન ગેટ પર આવ્યા હતા.આ સમયગાળા દરમિયાન, તેઓ ઘણા લોકો સાથે મળ્યા. તેઓ લગભગ એક કલાક રોકાયા અને બપોરે ૧૨ વાગ્યાની આસપાસ રામપુર પાછા ફર્યા. પોલીસ બેઠક દરમિયાન શું થયું અને કોણ કોણ સામેલ હતું તે જાણવાનો પ્રયાસ કરી રહી છે. પોલીસ ટૂંક સમયમાં સાંસદ અને હાજર લોકોને પૂછપરછ માટે બોલાવી શકે છે.પોલીસે જણાવ્યું હતું કે અશાંતિ ત્યારે શરૂ થઈ જ્યારે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરવામાં આવી હતી જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે અતિક્રમણ હટાવવાની ઝુંબેશ દરમિયાન તુર્કમાન ગેટની સામેની મસ્જિદ તોડી પાડવામાં આવી રહી છે. આ પછી, ૩૦ થી ૩૫ તોફાનીઓએ એમસીડી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરવાનું અને પથ્થરમારો કરવાનું શરૂ કર્યું. હિંસાના વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યા હતા. પોલીસ સોશિયલ મીડિયા દ્વારા ટોળાને ઉશ્કેરનારાઓની શોધ કરી રહી છે. પોલીસે જણાવ્યું હતું કે અતિક્રમણ હટાવવાની ઝુંબેશ દરમિયાન તુર્કમાન ગેટની સામેની એક મસ્જિદ તોડી પાડવામાં આવી રહી હોવાનો દાવો કરતી સોશિયલ મીડિયા પોસ્ટ શેર કરવામાં આવતાં રમખાણો શરૂ થયા હતા. ત્યારબાદ, ૩૦ થી ૩૫ તોફાનીઓએ સ્થ્ળ વિરુદ્ધ સૂત્રોચ્ચાર અને પથ્થરમારો શરૂ કર્યો હતો. રમખાણો દરમિયાન વીડિયો પણ સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યા હતા.પોલીસ સોશિયલ મીડિયા દ્વારા ટોળાને ઉશ્કેરનારાઓની શોધ કરી રહી છે. મંગળવારે મોડી રાત્રે તુર્કમાન ગેટ વિસ્તારમાં કાર્યવાહી બાદ, સમગ્ર વિસ્તારમાં ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. પોલીસ પરિસ્થિતિ પર નજર રાખી રહી છે. સાવચેતીના પગલા તરીકે, તુર્કમાન ગેટ અને તેની આસપાસ ૫,૦૦૦ પોલીસ અને અર્ધલશ્કરી દળોના જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. સમગ્ર પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ૨૪ કલાક સ્થળ પર હાજર છે. વિસ્તારના લોકોને શાંતિ જાળવવા માટે સતત અપીલ કરવામાં આવી રહી છે.રામલીલા મેદાન નજીક દરગાહ ફૈઝ-એ-ઈલાહી ખાતે ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવા દરમિયાન સમગ્ર તુર્કમાન ગેટ વિસ્તારને છાવણીમાં ફેરવી દેવામાં આવ્યો હતો.

### ડોનાલ્ડ ટ્રમ્પના કારણે શેરબજાર કડડભૂસ!

# ડોનાલ્ડ ટ્રમ્પની 500 ટકા ટેરિફની ધમકી બાદ સેન્સેક્સમાં 780 પોઈન્ટનો કડાકો

• નવી દિલ્હી

બુલિયન બજારમાં આજે(8 જાન્યુઆરી, 2026) સોના-ચાંદીના ભાવમાં ભારે ઘટાડો જોવા મળી રહ્યો છે. આમ, ચાંદીના ભાવમાં એકઝાટકે 12,225 રૂપિયા કડાકો થયો છે. જ્યારે સોનું 1,232 રૂપિયા સસ્તું થયું છે. GST વગરની ચાંદીનો ભાવ ઘટીને 2,35,775 રૂપિયા પ્રતિ કિલો થઈ ગયો છે. જ્યારે GST સહિત ચાંદી હવે 2,42,848 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. જ્યારે 24 કેરેટ સોનાનો ભાવ હવે GST સહિત 1,39,506 રૂપિયા પ્રતિ 10 ગ્રામ થઈ ગયો છે. આજે GST વગરના સોનાનો ભાવ 1232 રૂપિયાના ઘટાડા સાથે 1,35,443 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર ખુલ્યો છે.

ચાંદી GST વગર ઓલ ટાઈમ હાઈ રૂ.2,48,000ની સપાટીએ બંધ



થઈ છે. તેવી જ રીતે, GST વગર સોનું રૂ.1,36,675 પ્રતિ 10 ગ્રામ પર બંધ થયું છે. GST વગરનું સોનું 29 ડિસેમ્બર, 2025ના ઓલ ટાઈમ હાઈ રૂ.1,38,181થી રૂ.2,718 સસ્તું થયું છે. જ્યારે GST વગર ચાંદી 7 જાન્યુઆરીના ઓલ ટાઈમ હાઈ રૂ.2,48,000થી રૂ.12,225 સસ્તું થયું છે.આ રેટ ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન(IBJA)દ્વારા જાહેર કરવામાં આવ્યા છે. IBJA દિવસમાં બે વખત રેટ જાહેર કરે છે. જેમાં એક વખત બપોરે 12 વાગ્યે અને બીજા આંકડા સાંજે 5 વાગ્યાની આસપાસ. હાલ દર્શાવવામાં આવેલા રેટ બપોરના 12 વાગ્યા મુજબના છે. આજે 23 કેરેટ સોનું પણ 1,227 રૂપિયા ઘટીને 1,34,901 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર ખુલ્યું છે. GST સાથે તેનો ભાવ હવે 1,28,948 રૂપિયા છે. આમાં હજુ સુધી મેકિંગ ચાર્જનો સમાવેશ કરવામાં આવ્યો નથી. 22 કેરેટ સોનાનો ભાવ 1,128 રૂપિયા ઘટીને 1,24,066 રૂપિયા પ્રતિ 10 ગ્રામ થયો છે. GST સાથે, તેનો ભાવ 1,27,787 રૂપિયા છે. 18 કેરેટ સોનાનો ભાવ 924 રૂપિયા ઘટી ગયો છે. આજે તે 1,01,582 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર ખુલ્યો છે અને GST સાથે તેનો ભાવ 1,04,629 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર પહોંચ્યો છે.

# ઈમિગ્રેશન અધિકારીએ મહિલાને ગોળી મારતા અમેરિકામાં આક્રોશ

• વોશિંગ્ટન

અમેરિકાના મિનિયાપોલિસમાં ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ(ICE)ના એક એજન્ટ દ્વારા 37 વર્ષીય અમેરિકન મહિલા રેની નિકોલ ગુડની ગોળી મારીને હત્યા કરવામાં આવતા સમગ્ર દેશમાં ખળભળાટ મચી ગયો છે. આ ઘટના બાદ અમેરિકામાં વસતા પ્રવાસીઓ અને સ્થાનિકોમાં પણ ભારે ફફડાટ છે.મિનિયાપોલિસ પોલીસ ચીફના જણાવ્યા અનુસાર, રેની નિકોલ ગુડની કાર રસ્તા પર અડચણ ઉભી કરી રહી હતી ત્યારે ફેડરલ એજન્ટો તેની પાસે પહોંચ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, એજન્ટોએ જ્યારે કાર હટાવવાનું કહ્યું ત્યારે મહિલાએ કાર ધીમેથી પાછળ લીધી અને પછી આગળ વધારવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન એજન્ટ દ્વારા કમસે કમ બે રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું, જેમાં રેનીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.આ ઘટના બાદ ડોનાલ્ડ ટ્રમ્પે 'ટ્રુથ સોશિયલ' સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એજન્ટનો પક્ષ લેતા લખ્યું કે, 'મેં ઘટનાની ક્લિપ જોઈ છે. મહિલા આંદોલનકારી જેવી લાગતી હતી અને તેણે જાણીજોઈને એજન્ટને કચડવાનો પ્રયાસ કર્યો હતો. એજન્ટ દ્વારા લેવાયેલું આ પગલું સેલ્ફ ડિફેન્સમાં હતું.' ઉપપ્રમુખ જેડી વેન્સે પણ આક્રમક વલણ અપનાવતા કહ્યું કે, 'સરકાર ICE અધિકારીઓની સાથે ઉભી છે.' તેમણે કટ્ટરપંથીઓને ચેતવણી આપતા કહ્યું કે અમે કાયદાના અમલીકરણ માટે વધુ કડક પગલાં ભરીશું.રેનીની માતા ડોના ગેંગરે આક્ષેપોને નકારી કાઢતા કહ્યું કે, 'મારી પુત્રી કોઈ આંદોલનકારી નહોતી. તે કદાચ પોલીસ અને એજન્ટોને જોઈને ડરી ગઈ હશે.'

### પર્ફોર્મન્સ પર વાત કરવા હોટલમાં બોલાવીને કુકર્મ કર્યું

# કોચની હેવાનિયત, સગીર શૂટર પર દુષ્કર્મ આચર્યું : ૨૧ દિવસ આઘાતમાં રહી સગીર

ફરીદાબાદ, તા.૮

હરિયાણાના ફરીદાબાદમાં એક કોચ પર સગીર શૂટર સાથે બળાત્કારનો આરોપ લાગ્યો છે. શૂટરનું કહેવું છે કે કોચે તેની પરફોર્મન્સ પર વાત કરવાના બહાને ફરીદાબાદની ફાઈવ સ્ટાર હોટલના રૂમમાં બોલાવીને તેની સાથે બળાત્કાર કર્યો. આ ઘટના વિશે કોઈને જણાવવા પર તેનું કરિયર ખતમ કરવાની પણ ધમકી આપી. સગીરા લગભગ ૨૦ દિવસ સુધી આઘાતમાં રહી. ત્યારબાદ તેણે હિંમત ભેગી કરીને તેની માતાને આખી ઘટના જણાવી. ૬ જાન્યુઆરીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી. ફરીદાબાદ પોલીસે પોક્સો એક્ટ હેઠળ કેસ નોંધી તપાસ શરૂ કરી દીધી છે. પોલીસ અધિકારીઓનું કહેવું છે કે આ મામલે હોટલના સ્ટાફની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. બીજી તરફ, આ મામલે સંજ્ઞાન લેતા નેશનલ રાઈફલ એસોસિએશન ઓફ ઈન્ડિયાએ આરોપી કોચ અંકુશ ભારદ્વાજને સસ્પેન્ડ કરી દીધા છે. એસોસિએશનનું કહેવું છે કે જ્યાં સુધી તપાસ પૂરી નહીં થાય ત્યાં સુધી અંકુશ સસ્પેન્ડ રહેશે.

નોઈડાની એક કોલોનીમાં રહેતી સગીર શૂટરે ૬ જાન્યુઆરીના રોજ ફરીદાબાદના ૧૬ મહિલા પોલીસ સ્ટેશનમાં કોચ અંકુશ ભારદ્વાજ વિરુદ્ધ બળાત્કારની ફરિયાદ નોંધાવી હતી. તેમણે આરોપ લગાવ્યો કે ૧૬ ડિસેમ્બરના રોજ



દિલ્હીની ડો. કરણી સિંહ શૂટિંગ રેન્જમાં એક નેશનલ લેવલની શૂટિંગ સ્પર્ધા ચાલી રહી હતી. પીડિતાની માતા અનુસાર, આ સ્પર્ધામાં તેમની ૧૭ વર્ષીય દીકરીએ પણ ભાગ લીધો હતો. પહેલા તો શૂટિંગ રેન્જમાં બધું બરાબર રહ્યું, પરંતુ મેચ પૂરી થયા પછી અંકુશે દીકરીને શૂટિંગ રેન્જમાં જ રોકાઈ રહેવા કહ્યું. દીકરીની મેચ સવારે ૧૦:૩૦ વાગ્યાથી હતી. ત્યારબાદ કોચ શૂટિંગ રેન્જમાં આવ્યો નહીં. તેણે દીકરીને ફોન કરીને ફરીદાબાદના સૂરજકુંડ સ્થિત એક ફાઈવ સ્ટાર હોટલમાં બોલાવી. કોચનું કહેવું હતું કે સ્પોર્ટમાં દીકરીની એન્ડયુરન્સ અને સ્કિલને લઈને કંઈક વાત કરવી છે.

# મમતા બેનર્જી બળજબરીપૂર્વક દસ્તાવેજો અને પુરાવા લઈ ગયા

### પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી 2026 પહેલા રાજકીય ગરમાવો ચરમસીમાએ

• કોલકાતા

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી 2026 પહેલા રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. ગુરુવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ED)એ કોલકાતામાં જાણીતી પોલિટિકલ કન્સલ્ટન્ટ કંપની IPACના દફતર અને તેના વડા પ્રતીક જૈનના નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા. આ દરોડા દરમિયાન પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી પોતે સ્થળ પર પહોંચતા ભારે હોબાળો મચી ગયો હતો.હવે આ મામલે EDએ સત્તાવાર નિવેદન જાહેર કરીને મુખ્યમંત્રી મમતા બેનર્જી પર તપાસમાં અવરોધ ઊભો કરવાનો અને પુરાવા નષ્ટ કરવાનો અત્યંત ગંભીર આરોપ લગાવ્યો છે. તપાસ એજન્સીએ સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે, 'જ્યારે દરોડાની કાર્યવાહી ચાલુ હતી ત્યારે મુખ્યમંત્રી મમતા બેનર્જી વિશાળ પોલીસ કાફલા સાથે અચાનક જ IPACના વડા પ્રતીક જૈનના નિવાસસ્થાને પહોંચી ગયા હતા. મુખ્યમંત્રી ત્યાંથી તપાસ માટે અત્યંત જરૂરી એવા મહત્ત્વના દસ્તાવેજો અને ઈલેક્ટ્રોનિક ડિવાઈસ પોતાની સાથે લઈ ગયા છે. એટલું જ નહીં, ત્યારબાદ મમતા બેનર્જીએ IPACના દફતરમાં પણ જબરદસ્તી પ્રવેશ કર્યો હતો, જ્યાં પણ પુરાવાઓ સાથે છેડછાડ કરવામાં આવી છે.'EDની તપાસ મુજબ, આ દરોડા કોલસાની હેરાફેરી અને તેના દ્વારા થયેલા હવાલા ટ્રાન્ઝેક્શન સાથે જોડાયેલા છે. તપાસમાં એવું સામે આવ્યું છે કે કોલસા કૌભાંડનો મોટો હિસ્સો 'શાકંભરી ગ્રૂપ ઑફ કંપનીઝ'ને વેચવામાં આવ્યો હતો અને તેમાંથી મળેલી રકમ હવાલા માર્ગે ફેરવવામાં આવી હતી.

એજન્સીના રિપોર્ટ મુજબ, આ કૌભાંડમાં સામેલ એક શંકાસ્પદ વ્યક્તિએ પોલિટિકલ કન્સલ્ટન્ટ કંપની IPACને કરોડો રૂપિયા ટ્રાન્સફર કર્યા હોવાના પુરાવા મળ્યા છે.

# કૂતરા માણસનો ડર પારખી જાય છે રખડતા કૂતરા: સુપ્રીમ કોર્ટ

• નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટમાં રખડતા કૂતરા (Stray Dogs) સાથે જોડાયેલા કેસમાં ગુરુવારે સતત બીજા દિવસે અઢી કલાક સુધી લાંબી ચર્ચા ચાલી હતી. આ સુનાવણી દરમિયાન જસ્ટિસ અને વકીલો વચ્ચે શ્વાનના સ્વભાવ અને તેનાથી થતી સમસ્યાઓ અંગે રસપ્રદ દલીલો જોવા મળી હતી.સુનાવણી દરમિયાન જસ્ટિસ નાથે અવલોકન કર્યું કે, 'કૂતરા માણસનો ડર પારખી જાય છે અને એટલે જ કરડે છે.' જ્યારે કૂતરાના પક્ષમાં દલીલ કરી રહેલા વકીલે આ વાતનો ઈન્કાર કર્યો, ત્યારે જસ્ટિસે વળતો જવાબ આપ્યો કે, 'તમારું માથું ન ધુણાવો, આ વાત હું મારા અંગત અનુભવ પરથી કહી રહ્યો છું.'વકીલે કોર્ટનું ધ્યાન દોર્યું કે રાજ્યો દ્વારા આપેલા આંકડામાં ક્યાંય સ્પષ્ટતા નથી કે નગર પાલિકાઓ કેટલા શેલ્ટર હોમ ચલાવે છે. તેમણે જણાવ્યું કે દેશમાં માત્ર 5 સરકારી શેલ્ટર છે, જેની ક્ષમતા માત્ર 100 કૂતરાની છે. આ સમસ્યા ઉકેલવા માટે મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર છે.એનિમલ વેલ્ફેર તરફથી દલીલ કરતાં વકીલ સી. યુ. સિંહે કૂતરાને શેલ્ટર હોમમાં મોકલવાનો વિરોધ કરતાં કહ્યું કે, જો કૂતરા હટાવવામાં આવશે તો ઉંદરોની વસ્તી વધી જશે. આ સાંભળીને કોર્ટે રમૂજી અંદાજમાં પૂછ્યું, 'તો શું આપણે ઉંદરો રોકવા બિલાડીઓ લઈ આવીએ?' જસ્ટિસ મહેતાએ ઉમેર્યું કે કૂતરા અને બિલાડીઓ દુશ્મન હોય છે, તો શું આપણે બિલાડીઓને પ્રોત્સાહન આપવું જોઈએ?અરજદારના વકીલે કહ્યું કે પાળતુ કૂતરાનો માલિક હોય છે, પણ રખડતા કૂતરાની કોઈ જવાબદારી લેતું નથી. ABC (Animal Birth Control) નિયમો એવા હોવા જોઈએ કે સામાન્ય નાગરિક રસ્તા પર સુરક્ષિત ચાલી શકે.કોર્ટને વિનંતી કરવામાં આવી કે માત્ર હૉસ્પિટલ કે સ્કૂલ જ નહીં, પણ રહેણાક વિસ્તારોમાંથી પણ કૂતરા હટાવવા જોઈએ. કૂતરાનું કાઉન્સેલિંગ શક્ય નથી, પણ તેના માલિક કે ખવડાવનારને સમજાવી શકાય છે.

### યુએસ સૈન્ય ટેક્નરને શોધી રહ્યું છે

# ટ્રમ્પે વેનેઝુએલા પર હુમલો કર્યો, તેથી રશિયાએ તેની નૌકાદળ તૈનાત કરી છે

• વોશિગ્ટન,તા.૮

એટલાન્ટિક મહાસાગરમાં એક તેલ ટેક્નરને લઈને યુએસ અને રશિયા વચ્ચે સંભવિત સંઘર્ષ ચાલી રહ્યો હોય તેવું લાગે છે.સીબીએસ ન્યૂઝ (યુએસમાં મ્મઝનો મીડિયા પાર્ટનર) અહેવાલ આપે છે કે રશિયાએ ઉત્તર એટલાન્ટિક મહાસાગરમાં તેલ ટેક્નર મરીનેરાને સુરક્ષિત રાખવા માટે નૌકાદળના જહાજો અને સબમરીન તૈનાત કર્યા છે. ટેક્નર હાલમાં ખાલી છે. યુએસ સૈન્ય ટેક્નરને શોધી રહ્યું છે અને સંભવતઃ તેને જપ્ત કરવાની યોજના બનાવી રહ્યું છે.

ટેક્નર પહેલા બેલા ૧ તરીકે જાણીતું હતું. ડિસેમ્બર ૨૦૨૫ માં, યુએસ કોસ્ટ ગાર્ડે યુએસ પ્રતિબંધોનું ઉલ્લંઘન કરવા બદલ કેરેબિયનમાં તેમાં ચઢવાનો પ્રયાસ કર્યો હતો. ક્રૂએ ચઢવાનો ઈનકાર કર્યો હતો. ત્યારબાદ, જહાજનો માર્ગ બદલીને મરીનેરા નામ આપવામાં આવ્યું હતું. જહાજને ફરીથી તરતું કરવામાં આવ્યું હતું અને તેનું નામ રશિયન રજિસ્ટ્રીમાં નોંધાયું હતું. નિષ્ણાતોના મતે, યુએસૈંસ્ર્ નંબર અને માલિકીના આધારે કાર્યવાહી કરી શકે છે; ધ્વજ બદલવાથી બહુ ફરક પડતો નથી. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ડિસેમ્બર ૨૦૨૫ માં વેનેઝુએલા જતી અને જતી પ્રતિબંધિત તેલ ટેક્નરો પર સંપૂર્ણ નાકાબંધીનો આદેશ આપ્યો હતો. વેનેઝુએલાએ આને ચાંચિયાગીરી ગણાવી હતી. ટ્રમ્પે વારંવાર વેનેઝુએલાની સરકાર પર જહાજો દ્વારા યુનાઈટેડ સ્ટેટ્સમાં ડ્રગ્સની દાણચોરી કરવાનો આરોપ લગાવ્યો હતો. આ ઘટના નિકોલસ માદુરોની ધરપકડના થોડા દિવસો પછી બની હતી. ૩ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ, યુએસ દળોએ કારાકાસમાં લશ્કરી કાર્યવાહી હાથ ધરી અને માદુરો અને તેની પત્નીને પકડી લીધા, જેમને પછી ન્યૂ યોર્ક પ્રત્યાર્પણ કરવામાં આવ્યા જ્યાં તેમના પર ડ્રગ હેરફેર અને આતંકવાદ સંબંધિત આરોપોનો સામનો કરવો પડયો. હાલની પરિસ્થિતિ (૭ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ) એ છે કે મરીનેરા યુરોપથી લગભગ ૨૦૦૦ કિમી પશ્ચિમમાં સ્કોટલેન્ડ અને આઈસલેન્ડ વચ્ચે ઉત્તર એટલાન્ટિકમાં છે.

### મુખ્યમંત્રી નીતિશ કુમારના પુત્ર નિશાંત કુમાર અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી બીજુ પટનાયકના પુત્ર નવીન પટનાયક વચ્ચે એક સમાનતા

# 'નવીન' નિશાંત કુમાર માટે પ્રેરણા બની શકે છે, યોગ્યતા વંશીય રાજકારણના આરોપોને દૂર કરશે



• પટણા,તા.૮

મુખ્યમંત્રી નીતિશ કુમારના પુત્ર નિશાંત કુમાર અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી બીજુ પટનાયકના પુત્ર નવીન પટનાયક વચ્ચે એક સમાનતા છે. નવીન પટનાયકને શરૂઆતમાં રાજકારણમાં કોઈ રસ નહોતો. તેઓ ૫૦ વર્ષની ઉંમર સુધી તેનાથી દૂર રહ્યા. તેમણે દૂન સ્કૂલમાં અભ્યાસ કર્યો. તેઓ મસ્તી-મસ્તી પાર્ટીમાં જનારા હતા. તેઓ સ્વભાવે લેખક હતા. પિતાના રાજકારણથી દૂર, તેઓ કયારેક અમેરિકા અને મોટાભાગે દિલ્હીમાં રહેતા હતા. તેઓ નમ્ર, મૃદુભાષી અને અંતર્મુખી માણસ હતા. તેઓ કોઈ પણ રીતે રાજકીય રીતે યોગ્ય નહોતા. પરંતુ તેઓ બીજુ પટનાયક જેવા અનુભવી રાજકારણીના પુત્ર હોવાને કારણે આખરે તેમને રાજકારણમાં પ્રવેશવા માટે પ્રેરિત કર્યા. તેઓ રાજકારણમાં એટલા સફળ રહ્યા કે કોઈએ તેમના પર ભત્રીજાવાદનો આરોપ લગાવવાની હિંમત કરી નહીં. તેમણે ૨૪ વર્ષથી વધુ સમય સુધી ઓડિશાના મુખ્યમંત્રી તરીકે સેવા આપી.એ જ રીતે, નિશાંત કુમાર ૫૦ વર્ષની ઉંમર સુધી રાજકારણથી દૂર રહ્યા છે. તેઓ નમ્ર અને મૃદુભાષી છે. તેમણે કમ્પ્યુટર એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો છે. તેઓ ઓછું બોલે છે. તેમને આધ્યાત્મિક રસ છે. પરંતુ એ પણ સાચું છે કે તેઓ નીતિશ કુમારનો પુત્ર છે. નિશાંત કુમાર રાજકારણથી દૂર હોવા છતાં, તેઓ તેમના પિતાની જીત માટે જાહેર સમર્થન મેળવતા રહ્યા છે. મુખ્યમંત્રી તરીકે, તેઓ તેમના પિતા અને તેમની નીતિઓની પ્રશંસા કરે છે. તેમનું માનવું છે કે તેમના મુખ્યમંત્રી પિતા લોકોના કલ્યાણ માટે સારું કામ કરી રહ્યા છે. નિશાંત કુમાર પાસે નવીન પટનાયકનું ઉદાહરણ છે. જો કોઈ પુત્ર સક્ષમ, પ્રતિભાશાળી અને જાહેર ચિંતાઓમાં વ્યસ્ત હોય, તો રાજકારણમાં તેમના પ્રવેશ પર વંશીય રાજકારણનો આરોપ નથી.જનતા દળના દિગ્ગજ નેતા બીજુ પટનાયક ૧૯૯૬માં ઓડિશાના આસ્કા લોકસભા મતવિસ્તારમાંથી સાંસદ તરીકે ચૂંટાયા હતા. ૧૯૯૭માં જ્યારે તેઓ બીમાર પડયા ત્યારે નવીન પટનાયક તેમના પક્ષમાં આવ્યા. દરમિયાન, એપ્રિલ ૧૯૯૭માં કાર્ડિયોરેસ્પિરેટરી ફેલ્યોરને કારણે તેમનું અવસાન થયું. તેમને રાજકારણમાં આવવાની ફરજ પડી. જનતા દળે કોઈક રીતે તેમને ચૂંટણી લડવા માટે સમજાવ્યા. ૧૯૯૭માં જ્યારે આસ્કા લોકસભા બેઠક માટે પેટાચૂંટણી યોજાઈ, ત્યારે નવીન પટનાયકે તેમાં જીત મેળવી અને તેમની સંસદીય કારકિર્દી શરૂ કરી. પરંતુ પછી, જ્યારે ઓડિશા જનતા દળમાં મતભેદ ફાટી નીકળ્યો, ત્યારે નવીન પટનાયકે ડિસેમ્બર ૧૯૯૭ માં એક નવો પક્ષ, બીજુ જનતા દળ બનાવ્યો.

તે સમયે, નવીન પટનાયક પાસે કોઈ રાજકીય અનુભવ નહોતો. વધુમાં, તેમણે એક નવો પક્ષ બનાવ્યો. મોટાભાગના લોકો માનતા હતા કે તેઓ નિષ્ફળ જશે અને થોડા જ સમયમાં રાજકારણ છોડી દેશે. પરંતુ ચમત્કાર થયો. તેમની નમ્રતા, સૌમ્યતા અને મધુર વાણીથી, નવીન પટનાયકે ઓડિશાના રાજકારણમાં પરિવર્તન લાવી દીધું. નવી પાર્ટી બનાવ્યાના માત્ર ત્રણ વર્ષ પછી, તેઓ મુખ્યમંત્રી બન્યા.

# મદુરાઈના સ્થળાંતરકારોએ સાંસદ ઉમ્મેદારામ બેનીવાલનું સન્માન કર્યું.

## તિરુચિરાપલ્લીથી મદુરાઈ સુધી ભગત કી કોટી ટ્રેનને લંબાવવાની માંગણી સાથે એક આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું

• મદુરાઈ

તમિલનાડુ સાંસદ ઉમ્મેદારમ બેનીવાલનું મદુરાઈ આગમન પર મદુરાઈ પ્રવાસી રાજસ્થાની સમુદાય દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમ પ્રવાસી સંસ્થાના પ્રવક્તા દિનેશ સાલેચાએ જણાવ્યું હતું રેલવે પર સંસદીય સ્થાયી સમિતિના અભ્યાસ પ્રવાસ દરમિયાન મદુરાઈમાં બાડમેર, જેસલમેર, બાલોત્રાના સાંસદ ઉમ્મેદારમ બેનીવાલના આગમન પર, મદુરાઈ સ્થળાંતરિત રાજસ્થાની સમુદાયના લોકોએ પાઘડી, માળા અને શાલ પહેરાવીને તેમનું સ્વાગત કર્યું અને સન્માન કર્યું. આયોજિત કાર્યક્રમમાં, સાંસદને વિવિધ સમુદાયોના પ્રતિષ્ઠિત લોકોએ વિવિધ મુદ્દાઓથી વાકેફ કર્યા હતા, જેમાં મદુરાઈથી જોધપુર, બાડમેર, જેસલમેર વગેરે સુધી સીધી રેલ સેવા અને મદુરાઈ સુધી અન્ય શહેરોના વિસ્તરણ માટે સ્થળાંતર કરનારાઓની માંગનો સમાવેશ થાય છે.



સાંસદે રાજસ્થાની સમુદાયની આ મહત્વપૂર્ણ માંગણીને શક્ય તેટલી વહેલી તકે રેલ્વે મંત્રી સુધી પહોંચાડવાની અને મદુરાઈની આસપાસના સ્ટેશનોથી સંચાલિત રેલ સેવાને ટૂંક સમયમાં મદુરાઈ સુધી લંબાવવાની ખાતરી આપી. અગાઉ, સાંસદે તેમના પરિવાર સાથે મદુરાઈના મીનાક્ષી મંદિરમાં મીનાક્ષી દેવીની પૂજા કરી હતી. આ દરમિયાન મોહનલાલ ચૌધરી, નેનમલ કોઠારી, પુનારામ પ્રજાપત, પ્રકાશ ચૌધરી, લધુરામ વિશ્નોઈ, રૂપરામ ડોકિયા, પંકજ કોઠારી, દિનેશ સાલેચા, મુકેશ ચારણ, શ્રીપાલ હરણ, દિલખુશ બાફના, લક્ષ્મણ ચૌધરી, ગોવિંદરામ, દેવીલાલ ચૌધરી સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. મદુરાઈ રાજસ્થાની માઈગ્રન્ટ સોસાયટીના પ્રવક્તા દિનેશ સાલેચાએ મીડિયાને આ માહિતી આપી.

ગુજરાતમાં ગુજસીટોક કાયદો અમલમાં આવ્યા બાદ પહેલીવાર આ કાયદા હેઠળ વિશાલ ગોસ્વામી ગેંગ સામે ગુનો નોંધવામાં આવ્યો

# અમદાવાદ : સાબરમતી જેલના હાઈસિક્યુરિટી ઝોનમાં રખાયેલા કેદી પાસેથી આઈફોન મળ્યો

## વિશાલ ગોસ્વામી ફાયરિંગ અને ખંડણી કેસનો આરોપી, જેલમાં બેસી કોની સાથે વાત કરી?

• અમદાવાદ

અમદાવાદ સાબરમતી સેન્ટ્રલ જેલમાં પાક કામના કેદી અને કુખ્યાત ગુનેગાર વિશાલ ગોસ્વામી પાસેથી આઈફોન અને એક કીપેડ ફોન મળી આવ્યો છે.જ્વેલર્સ પર ફાયરિંગ અને ખંડણી જેવા ગંભીર ગુનાના કૂખે આરોપી પાસેથી મોબાઈલ મળી આવતા જેલ પ્રશાસન પર સવાલ ઉભા થયા છે. વિશાલ ગોસ્વામીને હાઈ સિક્યુરિટી જેલમાં રાખ્યો હોવા છતાં વિશાલ ગોસ્વામી પાસેથી 2 ફોન અને એક સીમકાર્ડ મળી આવ્યું છે.આ અંગે રાણીપ પોલીસે ગુનો નોધી તપાસ શરૂ કરી છે.સાબરમતી સેન્ટ્રલ જેલના ઈન્ચાર્જ જેલર મોહસીન ખાન પઠાણ જુની જેલમાં હાઈ સિક્યુરિટી વિભાગમાં તપાસ કરવા ગયા હતા ત્યારે ખોલી નંબર 1માં વિશાલ ગોસ્વામીની ખોલી તપાસી હતી ત્યારે છતનો ભાગ તૂટેલી હાલતમાં હતો જેથી શંકા જતા ખોલી સીલ કરીને વિશાલ ગોસ્વામીને અન્ય જગ્યાએ શિફ્ટ કરવામાં આવ્યો હતો.જે બાદ ઝડતી સ્ક્વોડ દ્વારા તપાસ કરવામાં આવી ત્યારે છતના તૂટેલા ભાગમાંથી બાખું પડેલું હતું. બાખામાં તપાસ કરતા બે મોબાઈલ ફોન મળી આવ્યા હતા જેમાં એક આઈફોન અને એક કીપેડ ફોન મળી આવ્યો હતો.આ ઉપરાંત VI અને એરટેલ કંપનીનું સીમકાર્ડ પણ મળી આવ્યું હતું.તપાસ દરમિયાન મોબાઈલ,સીમકાર્ડ સહિત મેમરી કાર્ડ,ચાર્જર મળી આવ્યું હતું.આ તમામ વસ્તુઓ કબ્જે કરીને રાણીપ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.મહત્વનું છે કે સાબરમતી સેન્ટ્રલ જેલમાં એ પણ હાઈ સિક્યુરિટી બેરેકમાંથી કુખ્યાત ગુનેગાર પાસેથી મોબાઈલ મળી



આવ્યા તેને લઈને જેલ પ્રશાસન પર અનેક સવાલ ઊભા થઈ રહ્યા છે.વિશાલ ગોસ્વામી પાસે મળી આવેલા ફોનમાંથી જેલ બહાર કોના કોના સંપર્કમાં હતો,મોબાઈલ ફોન પહોચાડવામાં જેલના કયા કર્મચારીએ મદદ કરી છે તે તમામ તપાસના વિષય છે.અગાઉ અતિક અહમદે સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી બેઠા બેઠા હત્યા કરાવી હતી.

આ ઉપરાંત જેલમાંથી ગાંજો ઝડપાયો છે.જેલમાં આતંકીની પણ અન્ય કેદીઓએ આંખ ફોડી નાખી હતી.જેલમાંથી અનેક વખત મોબાઈલ ફોન મળી આવ્યા છે.આમ જેલ અનેક વિવાદમાં આવી ચૂકી છે ત્યારે કુખ્યાત ગુનેગાર પાસેથી 2 મોબાઈલ ફોન મળી આવતા વધુ વિવાદ થયા છે.વિશાલ ગોસ્વામીએ વર્ષ 2011માં બેંક લૂંટ સાથે રાજ્યમાં પ્રવેશ કર્યો હતો. તેણે ભુજમાં બેન્ક ઓફ ઈન્ડિયાને લક્ષ્ય બનાવ્યું અને 12 લાખ રૂપિયા લૂંટી લીધા.

વાસણામાં મુથૂટ ફાઈનાન્સમાં લૂંટનો પ્રયાસ નિષ્ફળવટવામાં અમદાવાદ ડિસ્ટ્રિક્ટ બેન્કમાંથી 5.50 લાખ રૂપિયા લૂંટી લીધાબાલકૃષ્ણ જ્વેલર્સના માલિક પંકજ સોનીને ગોળી મારી રૂ. 2.50 લાખ લૂંટી લીધાગોલ્ડ પેલેસ જ્વેલર્સના માલિક પ્રકાશ પટેલ પર હુમલો, સદનસીબે બચાવ થયોજ્વેલર્સ પ્રકાશ સોની પાસેથી વસ્ત્રાપુરના લાડ સોસાયટીમાં રૂ. 2 લાખ લૂંટી લીધાઘાટલોડિયામાં નંદ જ્વેલર્સ પરના નિષ્ફળ હુમલામાં ગોસ્વામીના સાથીઓમાંથી એક પકડાયોવિશાલે સોલામાં હોલમાર્ક જ્વેલર્સ પાસે રૂ.10 લાખની ખંડણી માંગી13 માર્ચ, ભાનુ જ્વેલર્સના માલિક પર હુમલો કર્યો. વિશાલે લગભગ છ મહિના અગાઉ તેની પાસે ખંડણી માંગી. પરંતુ જ્યારે માલિકે તેને ઈન્કાર કર્યો તે તેના સાગરિતે માલિક પર ગોળીબાર કર્યો હતોગુજરાતમાં ગુજસીટોક કાયદો અમલમાં આવ્યા બાદ પહેલીવાર આ કાયદા હેઠળ વિશાલ ગોસ્વામી ગેંગ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કુખ્યાત ખંડણીખોર વિશાલ ગોસ્વામી ગેંગના ચાર શખસની મેઘાણીનગરમાંથી ધરપકડ કરી ગુજસીટોક એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. ધરપકડ કરાયેલા ચારેય આરોપીઓ પાસેથી મોટીમાત્રામાં હથિયારો મળી આવ્યા હતા. શહેરમાં ખંડણીખોર વિશાલ ગોસ્વામી ગેંગ સક્રિય થઈ હતી. ગોસ્વામી ગેંગ દ્વારા શહેરના મોટા વેપારીઓને ધમકી ભર્યા ફોન કરવામાં આવી રહ્યાં હતા અને ખંડણી માગવામાં આવી રહી હતી.

# જેતપુર ST સબ સ્ટેશનમાંથી બાઈકની ચોરી કરનાર બાળ કિશોર ઝબ્બે

• સુરેશ ભાલીયા જેતપુર

રાજકોટ ગ્રામ્યના પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જર તથા જેતપુર ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક રોહિતસિંહ ડોડીયા દ્વારા વણશોધાયેલ મિલ્કત વિરૂધ્ધના ગુનાઓ કરતા આરોપીઓને શોધી કાઢવા અંગે સુચનાઓ આપેલ. જે અંગે સીટી પોલીસ ઈન્સ્પેક્ટર એ.ડી.પરમારના સીધા માર્ગદર્શન અને રાહબરી હેઠળ જેતપુર સીટી પોલીસ ટીમ મિલ્કત વિરૂધ્ધના ગુનાઓ કરતા ગુનેગારોને શોધી પકડી પાડવા માટે પ્રયત્નશીલ હતા. તે દરમીયાન પો.હેડ કોન્સ.સાગરભાઈ મકવાણા તથા પો.કોન્સ. અમીતભાઈ સિધ્ધપરા બંન્નેને સંયુક્ત ખાનગી રાહે મળેલ હકીકત આધારે જેતપુર, નકળગ આશ્રમ રોડ, સ્પેસ સ્કુલની સામે જાહેર રોડ ઉપરથી કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરને શંકાસ્પદ હાલતમાં સ્પ્લેન્ડર પ્લસ મોટર સાઈકલ સાથે મળી આવેલ હતો.

જેઓને પોતાના હવાલાવાળા મોટર સાઈકલના દસ્તાવેજ કે કાગળો બાબતે પુછપરછ કરતા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરે કોઈ વ્યાજબી જવાબ આપેલ નહિ અને ગલ્લા તલ્લા કરી, ફર્યુ ફર્યુ બોલવા લાગેલ જેથી સદરહું મોટર ચેસીસ નંબર MBLHA10ASEHH00896 તથા એન્જીન નંબર HA10ELE-HH33554 જેની કિ.રૂ.૩૦,૦૦૦/- ગણી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૧૦૬ મુજબ શક પડતી મીલકત તરીકે કબ્જે કરેલ હતી. અને બાળ કિશોરની તેના વાલીની હાજરીમાં પુછપરછ કરતા તેઓએ સદરહું સ્પ્લેન્ડર પ્લસ મોટર સાયકલ આજથી આશરે ત્રણેક મહિના પહેલા રાત્રીના સમયે જેતપુર, એસ.ટી. બસ સ્ટેન્ડમાંથી ચોરી કરેલ હોવાની કબુલાત આપેલ હતી.

## રાશીફળ (તા.08-01-2026)

| | |
|---|---|
| મેષ | આજનો દિવસ તમારા માટે નવા અવસર લઈને આવશે. કાર્યક્ષેત્રમાં તમારી ઊર્જા અને આત્મવિશ્વાસ વધશે. કોઈ મહત્વપૂર્ણ વ્યક્તિ સાથે મુલાકાત ફાયદાકારક બનશે. |
| વૃષભ (બ.વ.ઉ) | આજે તમે માનસિક રીતે સંતુલિત અને સકારાત્મક અનુભવશો. પરિવારમાં આનંદનું વાતાવરણ રહેશે. નોકરી કે વ્યવસાયમાં સ્થિરતા રહેશે. |
| મિથુન | આજે તમારો સંવાદકૌશલ્ય તમારી સૌથી મોટી શક્તિ બનશે. કોઈ મહત્વપૂર્ણ પ્રોજેક્ટમાં મળેલી સફળતા તમારા આત્મવિશ્વાસને વધારશે. |
| કર્ક | આજે તમે ભાવનાત્મક રીતે થોડા સંવેદનશીલ રહી શકો છો. પરિવારનો સહકાર મળવાથી મન શાંત રહેશે. કારકિર્દીમાં નવી જવાબદારી મળી શકે છે |
| સિંહ | આજનો દિવસ આત્મવિશ્વાસથી ભરેલો રહેશે. નોકરીમાં પ્રશંસા કે પ્રમોશન મળી શકે છે. વેપારીઓ માટે દિવસ અનુકૂળ છે. |
| કન્યા | આજે તમારું ધ્યાન કામ પર વધારે રહેશે. અનુશાસન અને આયોજનથી કામ કરશો તો સફળતા નિશ્ચિત છે. આર્થિક સ્થિતિ સારી રહેશે, પરંતુ ખર્ચામાં વધારો થઈ શકે છે. |
| તુલા | આજે સર્જનાત્મક કાર્યોમાં સફળતા મળશે. કોઈ નવા પ્રોજેક્ટ અથવા કામની શરૂઆત માટે દિવસ ઉત્તમ છે. મિત્રોથી સહકાર મળશે. |
| વૃશ્ચિક | આજે કોઈ મહત્વપૂર્ણ નિર્ણય લેતાં સાવધાની રાખો. આર્થિક લાભ મળી શકે છે, પરંતુ ખર્ચ પણ વધશે. પરિવારમાં કોઈ મુદ્દે ચર્ચા થઈ શકે છે. |
| ધન | આજનો દિવસ નવા અવસર અને સકારાત્મક બદલાવોથી ભરેલો રહેશે. પ્રવાસના યોગ શુભ છે અને લાભદાયી બનશે. વ્યવસાયમાં વિસ્તરણની યોજના સફળ થશે. |
| મકર | આજે કામની વ્યસ્તતા વધુ રહેશે. જવાબદારીઓ પૂરી કરવામાં સમય જશે, પરંતુ પરિણામ તમારા પક્ષમાં આવશે. આર્થિક મામલામાં સાવધાની રાખો. |
| કુંભ | આજે તમારા વિચારોની સ્પષ્ટતા તમને ખાસ બનાવશે. કામની જગ્યા પર નવી યોજના બનેલી જોવા મળશે, જેમાં તમારી ભૂમિકા મહત્વપૂર્ણ રહેશે. |
| મીન | આજનો દિવસ આધ્યાત્મિકતા અને આત્મચિંતનનો રહેશે. મન શાંત રહેશે અને કામમાં વધુ ધ્યાન આપી શકશો. આર્થિક મામલામાં સુધારો થશે. પરિવાર સાથે સમય સારો પસાર થશે. |

PMNDP તથા આયુષ્માન ભારત યોજના હેઠળ

# ડાયાલિસિસના નામે ગરીબ દર્દીઓ પાસેથી ગેરકાયદેસર વસૂલાતનો ગંભીર મુદ્દો

• અમદાવાદ

PMNDP (પ્રધાનમંત્રી નેશનલ ડાયાલિસિસ પ્રોગ્રામ) તથા આયુષ્માન ભારત જેવી સરકારી યોજનાઓનો મુખ્ય હેતુ ગરીબ અને જરૂરતમંદ દર્દીઓને નિઃશુલ્ક ડાયાલિસિસ સારવાર આપવાનો છે. તેમ છતાં, અમદાવાદ સ્થિત IKDRC ખાતે આ યોજનાઓ હેઠળ આવતાં દર્દીઓ પાસેથી ડાયાલિસિસના નામે પૈસા વસૂલવામાં આવ્યા હોવાના ગંભીર પુરાવા સામે આવ્યા છે.દસ્તાવેજી રેકોર્ડ મુજબ 31 ડિસેમ્બર 2025ના રોજ એક જ દર્દી માટે–સાંજે 7:00 વાગ્યે PMNDP હેઠળ ડાયાલિસિસની એન્ટ્રી કરવામાં આવી, જે અંગે દર્દીના મોબાઈલ પર SMS પણ મોકલાયો,અને એ જ દિવસે 8:33 વાગ્યે એ જ ડાયાલિસિસ માટે દર્દીની advance રકમમાંથી 1650/- કપાઈ લીધા.જે રસીદ પરથી રકમ વસૂલવામાં આવી, તેમાં સ્પષ્ટ રીતે "Sponsor : PMNDP" લખેલું છે. એટલે કે સરકારી યોજના હેઠળ નિઃશુલ્ક બતાવવામાં આવેલી ડાયાલિસિસ માટે દર્દી પાસેથી પણ પૈસા વસૂલવામાં આવ્યા.PMNDPની અધિકૃત વેબસાઈટ પરથી પણ સ્પષ્ટ થાય છે કે આ જ દર્દીની અન્ય હોસ્પિટલોમાં થયેલી ડાયાલિસિસ સંપૂર્ણપણે નિઃશુલ્ક હતી, જ્યારે IKDRC ખાતે એ જ સારવાર માટે ચાર્જ લેવાયો. આથી સ્પષ્ટ થાય છે કે યોજનામાં ખામી નથી, પરંતુ પ્રક્રિયામાં ગંભીર ગેરરીતિ છે.આ મુદ્દે જ્યારે દર્દીઓએ ફરિયાદ કરી અથવા મામલો અખબારમાં આવ્યો, ત્યારે વસૂલ કરેલી રકમ પરત કરવામાં આવી, પરંતુ થોડા સમય બાદ ફરીથી ડાયાલિસિસ માટે પૈસા લેવાની પ્રથા શરૂ થઈ ગઈ.આવી ઘટના હજુ સુધી ત્રણ વખત દોહરાઈ ચૂકી છે, જે દર્શાવે છે કે આ કોઈ એક વખતની ભૂલ નહીં પરંતુ વારંવાર થતી અનિયમિતતા છે.આ ઉપરાંત, ઘણા દર્દીઓ પાસે આયુષ્માન ભારત કાર્ડ હોવા છતાં, અને તેઓ કિડની ટ્રાન્સપ્લાન્ટ પહેલાં હોસ્પિટલમાં દાખલ હોવા છતાં, એમ કહીને ડાયાલિસિસના પૈસા વસૂલવામાં આવ્યા કે"ટ્રાન્સપ્લાન્ટ સાથેની ડાયાલિસિસ આયુષ્માન યોજનામાં આવતી નથી".જ્યારે વાસ્તવિકતા એ છે કે ટ્રાન્સપ્લાન્ટ પહેલાંની ડાયાલિસિસ એ સારવારનો અનિવાર્ય ભાગ છે, અને તે સિવાય PMNDP જેવી યોજના ખાસ નિઃશુલ્ક ડાયાલિસિસ માટે જ બનાવવામાં આવી છે. તો પછી ગરીબ દર્દીઓ પાસેથી ચાર્જ શા માટે વસૂલવામાં આવ્યો?કિડની ડાયાલિસિસ એન્ડ ટ્રાન્સપ્લાન્ટ ફાઉન્ડેશને છેલ્લા એક વર્ષ દરમિયાન આ બાબત IKDRCના ડાયરેક્ટર Dr. Pranjal Modi સમક્ષ અનેક વખત રજૂ કરી, પરંતુ સંસ્થાની આંતરિક વ્યસ્તતાઓ અને પ્રશાસનિક જવાબદારીઓના કારણે સમયસર યોગ્ય પગલાં લેવાઈ શક્યાં નથી. આ અંગે Kidney Dialysis and Transplant Foundationના સ્થાપક મહેશ દેવાણીએ જણાવ્યું કે:"સરકારી યોજનાઓ ગરીબ દર્દીઓને નિઃશુલ્ક સારવાર આપવા માટે બનાવવામાં આવી છે, પરંતુ અહીં એક જ ડાયાલિસિસ માટે યોજના હેઠળ એન્ટ્રી પણ કરવામાં આવી અને દર્દી પાસેથી પૈસા પણ લેવામાં આવ્યા. આ ગંભીર અનિયમિતતા છે. અમારો હેતુ કોઈ સંસ્થાને બદનામ કરવાનો નથી, પરંતુ ગરીબ દર્દીઓ સાથે થતા અન્યાયને રોકવાનો અને જેમની પાસેથી પૈસા લેવાયા છે તેમને સંપૂર્ણ રકમ પરત મળે તે સુનિશ્ચિત કરવાનો છે."ફાઉન્ડેશન દ્વારા હવે આ સમગ્ર મામલો રાજ્યના આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીRajeev Topno, IAS, Principal Secretary (Health & Family Welfare), Government of Gujaratસમક્ષ રજૂ કરવામાં આવ્યો છે અને માંગ કરવામાં આવી છે કે–PMNDP અમલમાં આવ્યા બાદ અત્યાર સુધી જેમ દર્દીઓ પાસેથી ડાયાલિસિસ માટે પૈસા વસૂલવામાં આવ્યા છે, તેમની યાદી બનાવી તમામ દર્દીઓને રકમ પરત કરવામાં આવે,સમગ્ર મામલાની સ્વતંત્ર અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે,અને ભવિષ્યમાં કોઈપણ સરકારી યોજના હેઠળ દર્દીઓ પાસેથી આવી વસૂલાત ન થાય તે માટે સ્પષ્ટ લેખિત આદેશ આપવામાં આવે. ફાઉન્ડેશન સ્પષ્ટ કરે છે કે આ મુદ્દો કોઈ વ્યક્તિગત વિવાદ નથી, પરંતુ ગરીબ અને નિરાધાર દર્દીઓના હક્કો અને માનવ ગૌરવ સાથે જોડાયેલો ગંભીર જાહેર હિતનો પ્રશ્ન છે.

# પ્રભારી મંત્રી પી.સી. બરંડાની અધ્યક્ષતામાં લુણાવાડા ખાતે VB-GRAM-G યોજના અંગે પ્રેસ કોન્ફરન્સ યોજાઈ

• વીરભદ્ર સિંહ સિસોદીયા. મહીસાગર

મહીસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા વિશ્રામગૃહ ખાતે જિલ્લા ભાજપ દ્વારા પ્રભારી મંત્રી પી.સી. બરંડાની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સરકાર દ્વારા નવી અમલી બનેલી "વિકસિત ભારત - રોજગાર અને આજીવિકા મિશનની ગેરંટી (ગ્રામીણ) VB-G RAM Gની વિસ્તૃત વિગતો રજૂ કરવામાં આવી હતી. શ્રમિકો માટે ૧૨૫ દિવસની રોજગારીની ગેરંટી યોજનાની વિશેષતાઓ જણાવતા પ્રભારી મંત્રી પી.સી. બરંડાએ જણાવ્યું હતું કે, આ નવી યોજનાથી ગ્રામીણ રોજગારીના ક્ષેત્રમાં નવો પ્રાણ ફૂંકાશે. અત્યાર સુધી શ્રમિકોને વર્ષમાં ૧૦૦ દિવસની રોજગારી મળતી હતી, જે હવે વધારીને ૧૨૫ દિવસ કરવામાં આવી છે. આ ફેરફારથી ગ્રામીણ પરિવારોના આર્થિક સ્તરમાં નોંધપાત્ર સુધારો આવશે અને 'વિકસિત ભારત'ના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે ગ્રામીણ ક્ષેત્રોમાં નવી ઉર્જાનો સંચાર થશે.

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન પંચમહાલ સાંસદ રાજપાલસિંહ જાદવે યોજના અંગે ભ્રામક પ્રચાર કરનાર વિરોધ પક્ષો પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, 'કોંગ્રેસને હંમેશા 'રામ'ના નામ સામે વાંધો રહ્યો છે. જ્યાં પણ રામનું નામ જોડાય છે, ત્યાં કોંગ્રેસ વિરોધ કરવા મેદાને આવે છે.' સાંસદે VB-GRAM-G યોજનાના ફાયદાઓ ગણાવતા ૧૨૫ દિવસની રોજગાર ગેરંટી, બેરોજગારી ભથ્થા માટે યોગ્ય જોગવાઈ, સમયસર વેતનની ચુકવણી અને વિલંબ બદલ વળતરની વ્યવસ્થા, ગ્રામસભા દ્વારા 'વિકસિત ગ્રામ પંચાયત યોજના'નું નિર્માણ, તમામ સરકારી યોજનાઓનું સંકલન અને ટેકનોલોજી દ્વારા સશક્તિકરણ સહિતની યોજનાની મુખ્ય બાબતો પર ભાર મૂક્યો હતો.

આ યોજનાને વિકસિત ભારતના નિર્માણનો પાયાનો પથ્થર જિલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારીયાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝનરી નેતૃત્વને બિરદાવતા કહ્યું હતું કે, ગ્રામોત્થાનની આ યોજના વિકસિત ભારતના નિર્માણમાં પાયાનો પથ્થર સાબિત થશે. સમગ્ર જિલ્લા ભાજપ સંગઠન વતી તેમણે પ્રધાનમંત્રીને આ યોજના માટે અભિનંદન પાઠવતા આભાર વ્યક્ત કર્યો હતો.

આ પ્રેસ કોન્ફરન્સમાં જિલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલ, ધારાસભ્ય માનસિંહ ચૌહાણ ધારાસભ્ય કુબેરભાઈ ડિંડોર, સહિત પ્રદેશ મંત્રી મુક્તિબેન જોશી સહિત. અન્ય મહાનુભાવો, પક્ષના પદાધિકારીઓ અને મીડિયા પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લુણાવાડાની એસ.કે. હાઈસ્કૂલમાં માર્ગ સલામતી અંગે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો



• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર

માર્ગ સલામતી માર્ચ ૨૦૨૬ ના ઉપલક્ષમાં લુણાવાડાની એસ.કે. હાઈસ્કૂલ ખાતે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળામાં ચાલી રહેલા વાર્ષિક મહોત્સવ દરમિયાન આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર શ્રી એમ.એમ. પરમાર અને આસિસ્ટન્ટ આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર શ્રી એન.કે. પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ તબક્કે અધિકારીઓએ ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને વાલીઓને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અને માર્ગ અકસ્માતો ઘટાડવા માટે શિસ્તબદ્ધ વાહન ચલાવવા અંગે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન અધિકારીઓ દ્વારા સરકારની મહત્વાકાંક્ષી 'રાહ વીર વિશે વિશેષ સમજૂતી આપવામાં આવી હતી. જેમાં અકસ્માત સમયે ઘાયલોને તાત્કાલિક મદદ કરનાર વ્યક્તિને મળતી સહાય અને કાયદાકીય રક્ષણ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા. અંતમાં, માર્ગ સલામતીના નિયમો દર્શાવતા પેમ્પલેટ્સનું વિતરણ કરી સૌને સુરક્ષિત મુસાફરી માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. શાળા પરિવાર અને વાલીઓએ આર.ટી.ઓ. વિભાગની આ પહેલને બિરદાવી હતી.

# ઉતરાયણ પર્વે પશુ-પક્ષીઓના સંરક્ષણ માટે મહીસાગર વહીવટીતંત્રની જાહેર અપીલ

• વીરભદ્ર સિંહ સિસોદીયા મહિસાગર

આગામી ૧૪ જાન્યુઆરીના રોજ ઉજવાતા ઉતરાયણ પર્વ નિમિત્તે મહીસાગર જિલ્લાના નાયબ પશુપાલન નિયામક દ્વારા જાહેર જનતાને પતંગોત્સવ દરમિયાન સાવચેતી રાખવા અનુરોધ કરાયો છે. પતંગ ચગાવવા માટે વપરાતી પ્લાસ્ટિક (ચાઈનીઝ) દોરી કે વધુ કાચ પીવડાવેલી દોરી માનવ જીવન અને અબોલ પશુ-પક્ષીઓ માટે અત્યંત જોખમી હોવાથી સરકાર દ્વારા તેના ઉત્પાદન, વેચાણ અને વપરાશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પક્ષીઓની અવર-જવરના મુખ્ય સમયગાળા એટલે કે સવારે ૮:૦૦ વાગ્યા પહેલા અને સાંજે ૫:૦૦ વાગ્યા પછી પતંગ ન ચગાવવા વહીવટીતંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે જેથી પક્ષીઓને જીવલેણ ઈજાઓથી બચાવી શકાય. ઉતરાયણના પવિત્ર પર્વે પશુઓને રાંધેલું અનાજ (શીરો કે રોટલા) ખવડાવવાની પરંપરા છે, પરંતુ અતિશય માત્રામાં આવો ખોરાક ખવડાવવાથી ગાય-ભેંસ જેવા પશુઓમાં હોજરીના અપચાની ગંભીર બીમારી (એસીડોસીસ) થવાની અને તેના કારણે મૃત્યુ થવાની પણ શક્યતા રહે છે. આથી, નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે રાંધેલું અનાજ અલગ-અલગ વિસ્તારોમાં વહેંચીને ખૂબ જ ઓછી માત્રામાં પશુઓને આપવું, જેથી પુણ્ય કમાવવાની ભાવના પશુઓ માટે જીવલેણ ન બને.આ પર્વ દરમિયાન જો કોઈ ઘાયલ અથવા બીમાર પશુ કે પક્ષી નજરે પડે, તો તેને તાત્કાલિક નજીકની પશુ સારવાર સંસ્થામાં લઈ જવા અથવા બિનવારસી પશુઓ માટેની હેલ્પલાઈન નંબર ૧૯૬૨ પર સંપર્ક કરી ત્વરિત સારવાર કરાવવા જનતાને અનુરોધ છે. 'જીવ રક્ષા અને જીવ સેવા એ જ સર્વોત્તમ પુણ્ય કાર્ય છે' તે ભાવના સાથે દરેક નાગરિક જવાબદારીપૂર્વક ઉતરાયણની ઉજવણી કરે તેવી અપીલ મહીસાગર જિલ્લા પંચાયત દ્વારા કરવામાં આવી છે.

**પડકારો** ભારતની પ્રથમ 10 પ્રકારની કેન્સરનું સ્ક્રીનીંગ વાન : ગ્રામ્ય વિસ્તારોમાં વિશ્વ-સ્તરીય નિદાન સેવાઓ પહોંચાડે છે

# જેનબર્કટે ગુજરાતમાં ભારતની પ્રથમ વ્યાપક 10 પ્રકારની કેન્સર સ્ક્રીનીંગ વાનની શરૂઆત કરી

## જન્મદિવસ, લગ્નવાર્ષિકી અને પુણ્યતિથિ જેવા પ્રસંગોએ મફત કૅન્સર સ્ક્રીનિંગ કેમ્પનું આયોજન કરી શકાય છે



**• ગાંધીનગર**

ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ઉદઘાટિત એક મહત્વપૂર્ણ પહેલ રૂપે, જેનબર્કટ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે પરિકલ્પિત અને દાનમાં આપેલી 'જેનબર્કટ આશા વાન' (વ્હીલ્સ પર આશાનું પ્રતીક) ભારતની સૌ પ્રથમ અદ્યતન મોબાઈલ કૅન્સર સ્ક્રીનિંગ વાન તરીકે શરૂ કરવામાં આવી છે. આ વાન 10 વિવિધ પ્રકારના કૅન્સરનું સ્ક્રીનિંગ કરવાની ક્ષમતા ધરાવે છે અને તેનું સંચાલન તથા જાળવણી ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ભાવનગર જિલ્લા દ્વારા કરવામાં આવે છે.

આ મહત્વાકાંક્ષી પહેલ 2040 સુધી ભારતના અનુમાનિત 20.8 લાખ કૅન્સર કેસોને ધ્યાનમાં રાખીને અમલમાં મૂકવામાં આવી છે અને યુએન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ 3.8 અંતર્ગત સર્વજન આરોગ્ય કવચ તરફ એક સશક્ત પગલું છે.

જેનબર્કટ આશા વાન આરોગ્ય ક્ષેત્રની અસમાનતાને દૂર કરે છે કારણકે તે અદ્યતન નિદાન ક્ષમતાઓ અને ત્વરિત તથા ચોક્કસ પરિણામો ગ્રામ્ય સમુદાયો સુધી પહોંચાડે છે, જે અગાઉ માત્ર ભારતની અગ્રણી શહેરી હોસ્પિટલો સુધી મર્યાદિત હતા. આ વાન 10 મહત્વપૂર્ણ કૅન્સર પ્રકારો માટે સ્ક્રીનિંગ કરે છે: સ્તન, ગર્ભાશય ગ્રીવા, મૌખિક, રક્ત, પ્રોસ્ટેટ, વીર્યગ્રંથિ, પૅન્ક્રિયાઝ, લીવર, આંતરડા અને ફેફસાના કૅન્સર.

આ વાનમાં વિશ્વસ્તરીય EVA-pro નિદાન સાધનો, સંપૂર્ણ મેમોગ્રાફી યુનિટ સાથે CR સિસ્ટમ, થર્મોગ્રિડ ટેકનોલોજી અને વ્યાપક IT ઈન્ફ્રાસ્ટ્રક્ચર સજ્જ છે, જે ગ્રામ્ય વિસ્તારોમાં સમયસર અને જીવન બચાવતું નિદાન શક્ય બનાવે છે.

વાનનું આંતરિક ડિઝાઈન ખાસ કરીને ચિંતા કરતાં આશા પ્રેરતું રાખવામાં આવ્યું છે. ક્લિનિકલ અને નિરસ વાતાવરણને બદલે, સ્નેહભર્યા, માનવિય અને ગૌરવપૂર્ણ પરિસર દ્વારા દર્દીઓને આરામદાયક સ્ક્રીનિંગનો અનુભવ મળે તે માટે રચના કરવામાં આવી છે.

આ વાન સંપૂર્ણ કૅન્સર કાળજી સંકલન પ્રદાન કરે છે જેમાં સ્થળ ઉપર જ સ્ક્રીનિંગ, અસામાન્ય પરિણામો માટે તાત્કાલિક સલાહ, અમદાવાદ, વડોદરા અને સુરતના ઓન્કોલોજિસ્ટ્સ સાથે 24 કલાક વિશેષ પરામર્શ, રેફરલ સપોર્ટ અને સતત ટેલિ-કાઉન્સેલિંગ સેવાઓનો સમાવેશ થાય છે. આ એકીકૃત અભિગમ સ્ક્રીનિંગને એકમાત્ર ઘટનામાંથી સંકલિત વેલનેસ યાત્રાના પ્રથમ પગથિયે રૂપાંતરિત કરે છે.

માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ, મુખ્યમંત્રી રાહત ફંડ દ્વારા 2021 થી 2025 દરમિયાન 2,106 થી વધુ કૅન્સર દર્દીઓને રૂ. 31.55 કરોડથી વધુની સારવાર સહાય પૂરી પાડવામાં આવી છે, જે ગુજરાતને કૅન્સર કાળજીની સુલભતામાં અગ્રણી રાજ્ય તરીકે સ્થાપિત કરે છે.

ઉદઘાટન પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ 'જેનબર્કટ આશા વાન' દાનમાં આપવા બદલ જેનબર્કટ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડની ટીમનો આભાર માનતા હજુ આવી વધુ વાન આપવા માટે અપીલ કરી હતી. જેનાથી વધુ ને વધુ લોકો આ સુવિધાનો લાભ મેળવી શકે. સમગ્ર સૌરાષ્ટ્રમાં મોંઢાના કેન્સર વધુ પ્રમાણમાં મળી આવે છે, આ વાન ગુજરાતના વિવિધ વિસ્તારોમાં જઈ સ્ક્રીનિંગ કરશે, જેનાથી સમગ્ર ગુજરાતની જનતાને આનો લાભ મળશે અને શરૂઆતના તબક્કામાં કેન્સરની ઓળખ થઈ જતાં સમયસર સારવાર મળી જતાં લોકોની જીદગી બચાવવામાં મદદ મળી રહેશે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત હંમેશાં નવીન આરોગ્યસેવા ઉકેલો અમલમાં મૂકવામાં આગેવાન રહ્યું છે અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ભાવનગરના સહયોગથી શરૂ થયેલ જેનબર્કટ આશા વાન દરેક નાગરિક સુધી ગુણવત્તાયુક્ત આરોગ્યસેવા પહોંચાડવાનો એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન છે. વહેલી તબક્કે શોધ જીવન બચાવે છે અને આ પહેલ દ્વારા ગ્રામ્ય સમાજ સુધી વિશ્વસ્તરીય નિદાન સેવાઓ પહોંચશે.

જેનબર્કટ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી આશિષ યુ. ભૂતાએ જણાવ્યું કે કેન્સર પિનકોડ નથી જોતી પરંતુ જીવન બચાવતી સ્ક્રીનિંગ સુવિધાઓ ઘણી વખત ઉપલબ્ધિ પર આધાર રાખે છે. એક ગ્રામ્ય ખેડૂતને પણ મુંબઈની અગ્રણી હોસ્પિટલોમાં મળતી અદ્યતન નિદાન સુવિધાનો સમાન અધિકાર હોવો જોઈએ. દર્દી પ્રથમ સિદ્ધાંત હેઠળ, જેનબર્કટ ગુણવત્તામાં ક્યારેય સમર્પણ કરતું નથી, ખાસ કરીને ત્યારે જ્યારે જીવન બચાવવાનો પ્રશ્ન હોય. સમયસર સ્ક્રીનિંગ પરિવારને આર્થિક સંકટમાં ધકેલાતાં અટકાવે છે અને જીવનને નવી દિશા આપે છે.

રાષ્ટ્રીય સ્તરે જ્યાં 40 ટકાથી વધુ કૅન્સર કેસો મોડા તબક્કે ઓળખાય છે, ત્યાં ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ સમાન પડકારો જોવા મળે છે કારણ કે અદ્યતન નિદાન સુવિધાઓ મુખ્યત્વે શહેરી વિસ્તારોમાં કેન્દ્રિત છે. ભારતમાં કૅન્સર સારવાર માટેની આર્થિક ઝંઝટ ચેપજન્ય રોગોની સરખામણીએ 6 ગણું વધુ છે. મોડા તબક્કાની સ્તન કૅન્સરમાં પાંચ વર્ષનું સર્વાઈવલ માત્ર 15 ટકા રહે છે, જ્યારે વહેલી ઓળખમાં તે 90 ટકાથી વધુ છે. ગર્ભાશય ગ્રીવા કૅન્સરમાં સ્ટેજ 1 માં સર્વાઈવલ 78 ટકા છે જ્યારે સ્ટેજ 4 માં તે માત્ર 9 ટકા રહે છે.

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ભાવનગરના ચેરમેન ડૉ. મિલન દવે જણાવ્યું કે આ વાન ગ્રામ્ય ભારતમાં કૅન્સર કાળજી માટેનો અભિગમ બદલતી એક ક્રાંતિકારી પહેલ છે. સંશોધન દર્શાવે છે કે મોબાઈલ સ્ક્રીનિંગ કાર્યક્રમો દર 1,000 લોકો પાછળ 7 થી 12 જીવન વર્ષ બચાવી શકે છે, જે દર વર્ષે અનેક પરિવારો માટે આશા બની શકે છે.

જેનબર્કટનું મુખ્ય મથક મુંબઈમાં આવેલું છે અને છેલ્લા 40 વર્ષથી સિહોર, ગુજરાતમાં અદ્યતન ઉત્પાદન પ્લાન્ટ અને સંશોધન તથા વિકાસ કેન્દ્ર કાર્યરત છે. કંપની ગુણવત્તા, નવીનતા અને નૈતિક માર્કેટિંગ પર સતત ભાર મૂકે છે. 2019માં શરૂ કરાયેલ 'શ્રી ઉત્તમ એન. ભૂતા રેડ ક્રોસ બ્લડ સેન્ટર' અને 2024ની મોબાઈલ હેલ્થ વાન પહેલ દ્વારા જેનબર્કટે આરોગ્યસેવાની સુલભતા માટે નોંધપાત્ર યોગદાન આપ્યું છે. ભાવનગર જિલ્લામાં સેવાઓ મફત અથવા નામમાત્ર દરે ઉપલબ્ધ છે. જન્મદિવસ, લગ્નવાર્ષિકી અને પુણ્યતિથિ જેવા પ્રસંગોએ મફત કૅન્સર સ્ક્રીનિંગ કેમ્પનું આયોજન કરી શકાય છે. કંપનીઓ, સંસ્થાઓ અને સમુદાય જૂથો 'તિથિ દાન' કાર્યક્રમ દ્વારા આવા કેમ્પો આયોજિત કરી શકે છે.

**તંત્રની ઘોર બેદરકારી**

# ડભોઈ-કરનેટ કેનાલ પર રેલિંગના અભાવે કાર ખાબકી, બેનો આબાદ બચાવ

**• ફકીરા ખત્રી ડભોઈ**

ડભોઈથી કરનેટ જતી નર્મદાની મુખ્ય કેનાલ પર આજે વહેલી સવારે એક મોટી દુર્ઘટના ઘટતા રહી ગઈ છે. કેનાલ પર પ્રોટેક્શન રેલિંગ ન હોવાને કારણે એક કાર સીધી કેનાલમાં ઉતરી ગઈ હતી. સદનસીબે, સ્થાનિક લોકોની સમયસૂચકતાને કારણે કારમાં સવાર બે વ્યક્તિઓનો જીવ બચી ગયો છે, આજે વહેલી સવારે એક ગાડી કરનેટ તરફથી આવી રહી હતી. આ દરમિયાન સામેથી આવતા એક બાઈક સવારને બચાવવા જતાં ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. કેનાલના કિનારે સુરક્ષા માટે કોઈ પણ પ્રકારની રેલિંગ કે પ્રોટેકશન વોલ ન હોવાથી કાર સીધી કેનાલના ધસમસતા પ્રવાહમાં ખાબકી હતી. સ્થાનિકો બન્યા દેવદૂત ગાડી કેનાલમાં પડતા જ અંદર સવાર લોકોએ બૂમાબૂમ કરી મૂકી હતી. અવાજ સાંભળીને આસપાસના ગ્રામજનો અને રાહદારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. લોકોએ ભારે જહેમત બાદ કારમાં ફસાયેલા બંને મુસાફરોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ બંનેને સામાન્ય ઈજાઓ પહોંચી છે, પરંતુ એક મોટી જાનહાનિ ટળી છે. આ અકસ્માતને પગલે સ્થાનિકોમાં નર્મદા નિગમના અધિકારીઓ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનો આક્ષેપ છે કેવારંવાર રજૂઆતો કરવા છતાં કેનાલ પર રેલિંગ નાખવામાં આવતી નથી.અધિકારીઓની બેદરકારીને કારણે નિર્દોષ વાહનચાલકોના જીવ જોખમમાં મુકાય છે.શું તંત્ર કોઈ મોટી હોનારતની રાહ જોઈ રહ્યું છે? તેવો સવાલ પણ ઉઠાવવામાં આવ્યો છે.જો આજે લોકો સમયસર ન પહોંચ્યા હોત તો બે પરિવારોએ પોતાના સ્વજન ગુમાવ્યા હોત. તંત્ર હવે તો જાગે એક સ્થાનિક પ્રત્યક્ષદર્શી હવે જોવાનું એ રહ્યું કે આ અકસ્માત બાદ પણ નર્મદા નિગમ સફાળું જાગીને રેલિંગનું કામ પૂર્ણ કરશે કે પછી હજુ પણ કોઈ ગંભીર દુર્ઘટનાની રાહ જોશે?



# તરોપા ગામે મહિલા પર હુમલો કરનારને 10 વર્ષ ની કેદની સજા

**• દીપક જગતાપ,રાજપીપલા**

નર્મદા જીલ્લાના પ્રિન્સી.ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટે તરોપા ગામે મહિલા પર હુમલો કરનાર શખ્સ આરોપી.પ્રવિણભાઈ રમેશભાઈ વસાવા રહે. તરોપાને ખૂન કરવાની કોશિશ કરવાના ગુનામાં તકસીરવાન ઠેરવી 10 વર્ષની કેદની સજાનો હુકમ કર્યો છે. કેસની વિગત પ્રમાણે ગામ તરોપા ગામે ફરીયાદી બેન નામે કૈલાશબેન પ્રદીપભાઈ વસાવા પોતાના ઘરના આંગણામાં બાંધેલ ભેંસોને ઘાસ-ચારો નાખતી હતી તે વખતે ગામનો આરોપી પ્રવિણભાઈ રમેશભાઈ વસાવા ફરીયાદી બેન નામે કૈલાશબેન ના ઘરે આવી ફરીયાદી બેન નામે કૈલાશબેનને કહેતો હતો કે, તુ કેમ મારી સાથે પ્રેમ સંબંધ રાખતી નથી, તને આજે મારી નાખીશ. તેમ કહી ફરીયાદી બેન કૈલાશબેનને મારી નાખવાના ઈરાદે આરોપી પ્રવિણભાઈ રમેશભાઈ વસાવાએ પોતાના હાથમાના લોખંડના કોઈતા વડે પરણીત સ્ત્રી નામે કૈલાશબેનના ડાબા હાથે,ખભાના નિચેના ભાગે તથા માથાના ભાગે તથા ગળાના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચાડી મારી નાખવાની કોશિશ કરી ગુન્હો કરેલ.

આ ગુનામાં ઈ.પી.કો. કલમ ૩૦૭ મુજબ ઈન્સાફી કાર્યવાહીમાં સરકારી વકીલ પ્રવીણકુમાર એચ. પરમાર ની ધારદાર દલીલો નામ.અદાલતે ગ્રાહ્ય રાખી નામદાર પ્રિન્સી. સેસન્સ જજ શ આર.ટી.પંચાલ સાહેબે ૧૦(દસ) વર્ષનીસખતકેદનીસજાઅનેઆરોપીને રૂ.૫૦૦૦/- નો દંડની સજાતથા દંડ ન ભરે નો ૬ માસની વધુ સાદી કેદની સજાનો હુકમ આજરોજ ફરમાવેલ છે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતાનગર ખાતે તા.૧૧મી જાન્યુઆરીએ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે

**કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે મદદનીશ કલેક્ટર પરસનજીત કૌર સહિત સંબંધિત અધિકારીઓએ સ્થળ મુલાકાત લીધી**



**• દીપક જગતાપ, રાજપીપલા**

નર્મદા જિલ્લાના એકતાનગર ખાતે આગામી તા. ૧૧ જાન્યુઆરી, રવિવારના રોજ "આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬"નું ભવ્ય આયોજન સરદાર સરોવર નર્મદા બંધના વ્યૂ પોઈન્ટ-૧ ખાતે થનાર છે. આ કાર્યક્રમનાં પૂર્વ તૈયારીના સુચારૂ આયોજનના ભાગરૂપે આજરોજ મદદનીશ કલેક્ટર તથા કાર્યક્રમના નોડલ અધિકારી પરસનજીત કૌર સહિત સંબંધિત અધિકારીઓ દ્વારા સ્થળ મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકત દરમિયાન પરસનજીત કૌરએ કાર્યક્રમનું આયોજન સફળતાપૂર્વક થાય તે હેતુથી સંબંધિત અધિકારીઓને સોંપાયેલ કામગીરી અંગે સ્થળ પર જ વિસ્તૃત ચર્ચા કરી હતી. જેમાં ખાસ કરીને આંતરરાષ્ટ્રીય તેમજ દેશભરમાંથી આવનાર પતંગબાજો માટે જરૂરી વ્યવસ્થાઓ, સ્ટોલની ગોઠવણી, બેઠક વ્યવસ્થા, પીવાના પાણીની સુવિધા તથા આરોગ્ય સેવાઓ સહિતની વ્યવસ્થાઓ અંગે જરૂરી સલાહ-સૂચનો આપવામાં આવ્યા હતા. સરદારસરોવરનર્મદાબંધનાવ્યૂપોઈન્ટ-૧ખાતેયોજાનારઆઆંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ૨૧ દેશોના ૪૫ તેમજ ગુજરાત સહિત ભારતના ૩૪ મળીને કુલ ૭૯ પતંગબાજો ભાગ લેશે. આ તમામ પતંગબાજો દ્વારા એકતાનગરના આકાશમાં રંગબેરંગી પતંગોથી આકાશી સુંદર દ્રશ્ય સર્જાશે, જે પ્રવાસીઓ અને નાગરિકો માટે વિશેષ આકર્ષણ બનશે.

# ડભોઈની ઐતિહાસિક ભાગોળો ઝળહળી ઉઠી સાફ-સફાઈ બાદ પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બની દર્ભાવતી નગરી



**• ફકીરા ખત્રી ડભોઈ**

ડભોઈ:ઐતિહાસિક નગરી ડભોઈ (દર્ભાવતી) તેનીભવ્યસ્થાપત્યકલાઅનેચારદિશાઓમાંઆવેલી વિશાળ ભાગોળો (દરવાજા) માટે વિશ્વભરમાં જાણીતી છે. છેલ્લા કેટલાક સમયથી ભારતીય પુરાતત્વ વિભાગ (ASI) દ્વારા આ ઐતિહાસિક કિલ્લાઓ અને ભાગોળોની સઘન સાફ-સફાઈ અને જાળવણીની કામગીરી હાથ ધરવામાં આવી છે, જેના પરિણામે આ વિરાસત ફરી એકવાર સોળે કળાએ ખીલી ઉઠી છે.ચારેય ભાગોળોની સુંદરતામાં વધારો ડભોઈની ઓળખ સમાન ચારેય ભાગોળોની સફાઈ બાદ તેમનું નકશીકામ અને પથ્થરોની કારીગરી સ્પષ્ટપણે દેખાઈ રહી છે. પુરાતત્વ ખાતા દ્વારા યુદ્ધના ધોરણે કરવામાં આવેલી કામગીરીને કારણે આ ઐતિહાસિક સ્થાપત્યોની સુંદરતામાં અનેરો નિખાર આવ્યો છે. ડભોઈમાં આવેલી મુખ્ય ચાર ભાગોળો આ મુજબ છે હીરા ભાગોળ સૌથી પ્રખ્યાત અને કલાત્મક વડોદરી ભાગોળ સાફ-સફાઈ અને નવીનીકરણ બાદ આ સ્થળોએ પ્રવાસીઓની સંખ્યામાં મોટો ઉછાળો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને:સ્ટેચ્યુ ઓફ યુનિટી (SOU): કેવડિયા જતા પ્રવાસીઓ હવે ડભોઈના કિલ્લાની મુલાકાત લેવા નું ચૂકતા નથી.વઢવાણા પક્ષી અભયારણ્ય: વડોદરાથી વઢવાણા જતા સહેલાણીઓ માટે ડભોઈ એક મહત્વનું સ્ટોપ બની ગયું છે.સ્થાનિક પ્રવાસન:વડોદરા અને આસપાસના વિસ્તારોમાંથી આવતા પ્રવાસીઓ આ ઐતિહાસિક વારસાની જાળવણી જોઈને ખૂબ જ આનંદ અને ગર્વની લાગણી અનુભવી રહ્યા છે.પુરાતત્વ વિભાગની સરાહનીય કામગીરીપ્રવાસીઓના મતે, પુરાતત્વ વિભાગ દ્વારા જે રીતે કિલ્લાઓની જાળવણી અને સ્વચ્છતા કરવામાં આવી છે, તેનાથી ડભોઈના ઐતિહાસિક મહત્વમાં વધારો થયો છે. કિલ્લાની કોતરણી અને તેની આસપાસના પરિસરને સ્વચ્છ રાખવા માટે લેવાયેલા પગલાંને લોકો આવકાર્ય રહ્યા છે

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI